RNI NO GUJGUJ/2005/23814

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

સૌરાષ્ટ્ર આસપાસ

JAMNAGAR
www.aaspassdaily.com

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા | શિવમ બિલ્ડીંગ, અનુપમ ટોકીઝ પાસે, જામનગર ૯૭૨૭૯૧૧૦૮૭

● સંવત ૨૦૮૨ આસો વદ -૨ | મંગળવાર તા.૨૭-૧૦-૨૦૨૬ | અંક : ૨૫૪ વર્ષ : ૨૧ | jamnagar@aaspassaindia.com | કિંમત રૂા. ૨-૫૦ | પાના - ૮

તમિલનાડુમાં મોડીરાત્રે જેલ તોડીને ૧૭ કેદીઓ ફરાર

એક કેદીની તબિયત ખરાબ હોવાનું નાટક કર્યું અને કર્મચારીઓને ઢીબી નાંખ્યા, કેદીઓને પકડવા ૧૭ સ્પેશિયલ ટીમો મેદાને

ચેન્નાઇ,

જેલની ઊંચી દીવાલો અને લોખંડી સુરક્ષા વ્યવસ્થા વચ્ચે પણ કેદીઓ નાસી છૂટવામાં સફળ રહે તેવી ચોંકાવનારી ઘટના તમિલનાડુના થેની જિલ્લામાંથી સામે આવી છે. થેની જેલમાં એક જ સેલમાં બંધ ૧૭ જેટલા કેદીઓએ જેલના કર્મચારીઓ પર જીવલેણ હુમલો કર્યો અને અંધારાનો લાભ લઈને જેલ પરિસરમાંથી ફરાર થઈ ગયા. આ સનસનાટીભરી ઘટના બાદ સમગ્ર વિસ્તાર તેમજ આસપાસના જિલ્લાઓમાં ભારે દોડધામ અને હડકંપ મચી ગયો છે.

પોલીસે તુરંત મોટા પાયે સર્ચ



ઓપરેશન શરૂ કરીને ફરાર થયેલા કેદીઓ પૈકી ૧ કેદીને ઝડપી પાડ્યો છે, જ્યારે બાકીના ૧૬ કેદીઓની શોધખોળ માટે યુદ્ધના ધોરણે તપાસ હાથ ધરવામાં આવી છે.

પોલીસ દ્વારા મળેલી પ્રાથમિક વિગતો અનુસાર, ભાગી ગયેલા તમામ ૧૭ આરોપીઓ જેલના એક જ સેલમાં બંધ હતા. મોડી રાત્રે કેદીઓ પૈકી એકની તબિયત અચાનક લથડી હોવાની સૂચના જેલ સ્ટાફને આપવામાં આવી હતી. જેવા જેલકર્મીઓ માનવતાના ધોરણે અને સ્થિતિની તપાસ કરવા માટે સેલની અંદર ગયા, કે તરત જ અગાઉથી રચેલા ષડયંત્ર મુજબ કેદીઓએ કર્મચારીઓ પર હિંસક હુમલો કરી દીધો હતો. સ્ટાફને સંભાળવાની તક આપ્યા વગર કેદીઓ તેમને બાનમાં લઈને જેલના સુરક્ષા ઘેરાને તોડી બહાર ભાગી નીકળવામાં સફળ રહ્યા હતા.

દક્ષિણ ઝોનના IGP વિજયેન્દ્ર બિદારીએ સત્તાવાર રીતે પુષ્ટિ કરી છે કે સર્ચ ઓપરેશન દરમિયાન ભાગેલા કેદીઓમાંથી ૧ કેદીને પકડી પાડવામાં સફળતા મળી છે. બાકી રહેલા ૧૬ કેદીઓને સત્વરે જેલભેગા કરવા માટે તંત્ર દ્વારા ૧૭ સ્પેશિયલ ટીમોની રચના કરવામાં આવી છે.

ફરાર થયેલા કેદીઓ

લિંગમ, રાજા સિંગંધર, કરુપ્પસામી, સિલમ્બરસન, તિરુપતિ, મેંજીસુંદરમ, સબરી, પોન મુથુ, નિજાંત, કાર્તિક રાજા, મુગિલન, સેલ્વા, તરુણ, રાજકુમાર, પ્રવીણ, મુથુ ઈલંગો તથા રાજુવીનનો સમાવેશ થાય છે. પોલીસે આ તમામ ફરાર આરોપીઓના ફોટોગ્રાફ્સ તૈયાર કરીને તમામ પોલીસ સ્ટેશનો, હાઈવે પેટ્રોલિંગ ટીમો અને સરહદી ચેકપોસ્ટો પર મોકલી આપ્યા છે.

ડ્રોનથી લઈ મિસાઈલ સુધી ભારતીય સેના હવે બનશે વધુ શક્તિશાળી

નવી દિલ્હી,

ભારત સરકારે પોતાની સંરક્ષણ ક્ષમતાને વધુ મજબૂત બનાવવા માટે સૌથી મોટું પગલું ભર્યું છે.

આભાર - નિહારીકા રવિયા

સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહની અધ્યક્ષતામાં રક્ષા અધિગ્રહણ પરિષની બેઠકમાં સેનાના ત્રણેય અંગો માટે અંદાજિત ૨.૧૨ લાખ કરોડના સંરક્ષણ સાધનો માટેની ખરીદીના પ્રસ્તાવને મંજૂરી આપવામાં આવી છે. આ પ્રસ્તાવોમાંથી આશરે ૮૨ ટકા ખરીદી ભારતીય ઉદ્યોગો પાસેથી જ કરવામાં આવશે. આ નિર્ણયને કારણે સ્વદેશી ડિફેન્સ ઉત્પાદનને વેગ મળશે.

આ મંજૂરીથી ભારતીય સેનાને નવા ડ્રોન, હેલિકોપ્ટર, આધુનિક ટોપ સિસ્ટમ, અત્યાધુનિક ડિફેન્સ સિસ્ટમ અને સર્વેલન્સ ટેકનોલોજી મળવાનો માર્ગ મોકળો થયો છે. આ સાધનો સરહદ પર સેનાની દેખરેખ, દુશ્મનના હુમલાનો સામનો કરવાની ક્ષમતા અને ઓપરેશનલ તૈયારીઓને મજબૂત બનાવવામાં મદદ કરશે.

ભારતીય સેના માટે હાઈ મોબિલિટી વ્હીકલ્સ સેલ્ફ પ્રોપલ્ડ ટ્રેકડ ગન સિસ્ટમ, ગન શૉટ રિસ્પોન્સ સિસ્ટમ, લાઇટ મલ્ટી રોલ હેલિકોપ્ટર્સ અને વેરી શોર્ટ રેન્જ એર ડિફેન્સ સિસ્ટમની ખરીદીના પ્રસ્તાવોને મંજૂરી મળી છે.

અમદાવાદમાં સ્કૂલોને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી

ધમકીભર્યા ઈમેઈલ મળ્યાની સાથે જ શાળા પ્રશાસન એલર્ટ, સુરક્ષા એજન્સીઓ દ્વારા ચેકીંગ

અમદાવાદ,

અમદાવાદ શહેરના સેટેલાઇટ અને બોડકદેવ વિસ્તારમાં આવેલી શાળાઓને બોમ્બ બ્લાસ્ટથી ઉડાવી દેવાના ધમકીભર્યા ઈમેઈલ મળ્યોછે. ઘટનાની જાણ થતાં જ પોલીસ અને સુરક્ષા એજન્સીઓ દોડતી થઈ ગઈ હતી.

મળતી માહિતી અનુસાર, સેટેલાઇટ વિસ્તારમાં આવેલી નારાયણ ગુરુ સ્કૂલ, ચાંદખેડાની પોદાર ઇન્ટરનેશનલ સ્કૂલ, વિદ્યા ભારતી સ્કૂલ અને સી.એન. વિદ્યાલયને ઈમેઈલ પર અજાણ્યા ઈસમ દ્વારા બોમ્બ બ્લાસ્ટ કરવાની ધમકી આપતો ઈમેઈલ મોકલવામાં આવ્યો હતો. આ ઈમેઈલ ધ્યાન પર આવતાં જ શાળા સંચાલકોએ તુરંત જ પોલીસને જાણ કરી હતી.

ધમકીભર્યા ઈમેઈલ મળ્યાની સાથે જ શાળા પ્રશાસન દ્વારા તકેદારીના પગલારૂપે તમામ બાળકોની સુરક્ષાને ધ્યાને રાખીને સ્કૂલ બિલ્ડિંગને તાત્કાલિક અસરથી ખાલી કરાવવામાં આવ્યું હતું. આ સાથે જ વિદ્યાર્થીઓની વહેલી રજા આપી દેવામાં આવી હતી અને વાલીઓને તાકીદે મેસેજ તથા ફોન કરીને બાળકોને સુરક્ષિત ઘરે લઈ જવા માટે સ્કૂલે બોલાવવામાં આવ્યા હતા.

બનાવની ગંભીરતાને ધ્યાનમાં રાખીને સ્થાનિક પોલીસ કાફલો, સેક્ટર અધિકારીઓ, બોમ્બ ડીટેક્શન એન્ડ ડિસ્પોઝલ સ્ક્વોડતેમજ ડોગ સ્ક્વોડની ટીમ શાળાઓના પરિસરમાં પહોંચી ગઈ હતી. સુરક્ષા એજન્સીઓ દ્વારા સમગ્ર સ્કૂલ બિલ્ડિંગ, વર્ગખંડો, પ્લેગ્રાઉન્ડ અને પાર્કિંગ એરિયાને કોર્ડન કરીને સઘન ચેકિંગ હાથ ધરવામાં આવ્યું છે.

Microsoftની ૯૦ હજાર કર્મીઓને સ્વૈચ્છિક રાજીનામાની ઓફર

વધતા ખર્ચને નિયંત્રિત કરવા અને સંતુલન જાળવવા ભારત, અમેરિકા, યુકે અને કેનેડામાં કામ કરતા કર્મચારીઓ માટે વોલેન્ટરી બાયઆઉટ પ્રોગ્રામ જાહેર કર્યો

વોશિંગટન,

આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ટેક્નોલોજી ક્ષેત્રે ક્રાંતિ લાવી રહ્યું છે, પરંતુ તેની સાથે કંપનીઓના ખર્ચ અને માનવ સંસાધનોનું સમીકરણ પણ ઝડપથી બદલાઈ રહ્યું છે. વિશ્વની અગ્રણી ટેક દિગ્ગજ કંપની માઈક્રોસોફ્ટ હાલ મોટા પાયે AI ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં મૂડીરોકાણ કરી રહી છે. આ વધતા ખર્ચને નિયંત્રિત કરવા અને સંતુલન જાળવવા માટે કંપનીએ ભારત, અમેરિકા, યુકે અને કેનેડામાં કામ કરતા આશરે ૯૦,૦૦૦ જેટલા પાત્ર કર્મચારીઓ માટે સમય-મર્યાદિત 'વોલન્ટરી બાયઆઉટ' પ્રોગ્રામની જાહેરાત કરી છે.

માઈક્રોસોફ્ટ દ્વારા જાહેર કરવામાં આવેલી વિગતો અનુસાર, આ પ્રોગ્રામ ચાર દેશો કેનેડા, ભારત, યુનાઇટેડ કિંગડમ અને યુનાઇટેડ સ્ટેટ્સમાં ભાગ લેતી ટીમોના લેવલ ૭૦ અને તેનાથી નીચેના હોદ્દા ધરાવતા પાત્ર કર્મચારીઓ માટે ઉપલબ્ધ રહેશે. કંપનીના જણાવ્યા મુજબ, કર્મચારીઓને આ ઓફરની વિગતો ખૂબ જ ટૂંકા ગાળામાં મોકલી દેવામાં આવશે, જેનાથી તેઓ નાણાકીય અને સંસ્થાકીય સહાય સાથે કંપનીમાંથી સ્વેચ્છાએ બહાર નીકળવાનો વિકલ્પ પસંદ કરી શકે.

સ્વૈચ્છીક રાજીનામાં માટે આવરી લેવાયેલા વિભાગોમાં AI એક્સપિરિયન્સ, કોપાયલટ, ફાઇનાન્સ, હ્યુમન રિસોર્સિસ, એક્સબોક્સ, અને વિન્ડોઝ + ડિવાઇસીસ.તેમજ બાકાત રખાયેલા વિભાગોઃ માર્કેટિંગ, કોમર્શિયલ બિઝનેસ અને સાયબર



સિક્યોરિટી ટીમોને આ પ્રક્રિયામાંથી સંપૂર્ણપણે મુક્ત રાખવામાં આવી છે માઈક્રોસોફ્ટ સહિતની ગ્લોબલ ટેક કંપનીઓ ડેટા સેન્ટર્સ, અદ્યતન પ્રોસેસિંગ ચિપ્સ અને છેં સર્વર્સ પાછળ સેંકડો અબજ ડોલરનું આંધણ કરી રહી છે.રોકાણકારોમાં સતત એ ચર્ચા ચાલી રહી છે કે AI પાછળ થતો આ અતિભારે ખર્ચ ભવિષ્યમાં કંપનીને અપેક્ષિત વળતર અપાવી શકશે કે કેમ. તેથી કંપની અન્ય ક્ષેત્રોમાં ખર્ચ ઘટાડીને બેલેન્સ બનાવવાનો પ્રયાસ કરી રહી છે.

ચક્રવાત અર્નબના પગલે સાઉથ કોસ્ટ રેલવેની ૫૩ ટ્રેનો કેન્સલ,આંધ્ર પ્રદેશ અને ઓડિશામાં એલર્ટ

યાર્ડ અને સિગ્નલિંગ સિસ્ટમ્સ પર ચોવીસે કલાક દેખરેખ વધારી, ડિવિઝનલ મુખ્યાલયોમાં 'વોર રૂમ' સ્થાપિત

વિશાખાપટ્ટનમ,

બંગાળની ખાડીમાં સર્જાયેલું ચક્રવાત વધુ તીવ્ર બની રહ્યું છે. ચક્રવાત અર્નબને ધ્યાનમાં રાખીને ભારતીય રેલવે દ્વારા પણ તકેદારી રાખવામાં આવી રહી છે. આ અંગે ભારતીય રેલવેના 'સાઉથ કોસ્ટ રેલવે' ઝોને કેટલીક ટ્રેનો રદ કરી છે. સાઉથ કોસ્ટ રેલવેએ કુલ ૫૩ લોકલ અને એક્સપ્રેસ ટ્રેનો રદ કરવાની જાહેરાત કરી છે. જે ૨૭ અને ૨૮ ઓક્ટોબરે રવાના થવાની હતી.

આ ઉપરાંત સાઉથ કોસ્ટ રેલવેના જનરલ મેનેજર સંદીપ માથુરે અર્નબ ચક્રવાતને કારણે ભારે વરસાદ અને તેજ પવન આવવાની શક્યતાને ધ્યાનમાં રાખીને સુરક્ષા ઉપાયો, કટોકટીની સ્થિતિ માટેની તૈયારીઓ અને મુસાફરોની મદદ માટે કરવામાં આવેલી વ્યવસ્થાઓની સમીક્ષા કરી હતી. સાઉથ કોસ્ટ રેલ્વેના ઝોનલ મુખ્યાલય ખાતે ચોવીસ કલાક કાર્યરત 'વોર રૂમ' સ્થાપિત કરવામાં આવ્યો છે. આ સંદર્ભમાં, ચારેય ડિવિઝનના ડિવિઝનલ રેલવે મેનેજરો અને વિવિધ વિભાગોના મુખ્ય વડાઓ સાથે એક સમીક્ષા બેઠક યોજવામાં આવી હતી.જ્યારે સાઉથ કોસ્ટ રેલવેએ સંવેદનશીલ રેલવે પુલો, પાટા, યાર્ડ અને સિગ્નલિંગ સિસ્ટમ્સ પર ચોવીસે કલાક દેખરેખ વધારી દીધી છે. પાણી ભરાઈ જવાની સમસ્યાને રોકવા માટે, પાણીના નિકાલની ચેનલો અને ગટરોમાંથી કાંપ, વનસ્પતિ અને કચરો સાફ કરવા પર વિશેષ ધ્યાન આપવામાં આવી રહ્યું છે.

સંવેદનશીલ સ્થળોએ પેટ્રોલિંગ કરનારા કર્મચારીઓ અને ચોકીદારોને તૈનાત કરવામાં આવ્યા છે. તેમજ પાટાના તાત્કાલિક સમારકામ માટે જરૂરી સામગ્રીનો પૂરતો જથ્થો ઉપલબ્ધ રાખવામાં આવ્યો છે.

આ ઉપરાંત જનરલ મેનેજરે અધિકારીઓને રાજ્ય સરકારના સત્તાવાળાઓ સાથે સંકલન જાળવી રાખવા અને હવામાન વિભાગ દ્વારા જાહેર કરવામાં આવતી હવામાન સંબંધિત ચેતવણીઓ પર સતત નજર રાખવા સૂચના આપી છે. કટોકટીના સમયે ત્વરિત કાર્યવાહી અને સંકલન સુનિશ્ચિત કરવા માટે સાઉથ કોસ્ટ રેલવેના ઝોનલ અને ડિવિઝનલ મુખ્યાલયોમાં 'વોર રૂમ' સ્થાપિત કરવામાં આવ્યા છે.

પશ્ચિમ બંગાળના વર્ધમાનમાં કોલસાની ખાણમાં મોટી દુર્ઘટના, ૨૦૦ ફૂટ નીચે ફસાયા ૧૪ મજૂરો, રેસ્ક્યૂ ચાલુ

ખાણની અંદર જવા-આવવા માટે વપરાતી લિફ્ટમાં ખામી સર્જાઈ અને મજૂરો ફસાયા

આસનસોલ,

પશ્ચિમ બંગાળના પશ્ચિમ વર્ધમાન જિલ્લામાં સોમવારે સાંજે કોલસાની ખાણમાં મોટી દુર્ઘટના સર્જાઈ હતી. આસનસોલની કુમારડીહ 'એ' કોલિયરીમાં લિફ્ટ બગડી જવાને કારણે ઈસ્ટર્ન કોલફિલ્ડ્સ લિમિટેડ)ના આશરે ૧૨ થી ૧૪ મજૂરો જમીનથી લગભગ ૨૦૦ ફૂટ નીચે ફસાઈ ગયા હતા. આ ઘટના બાદ ખાણમાં નાસભાગ અને અફરાતફરી મચી ગઈ હતી. ખાણમાં ફસાયેલા મજૂરોને સુરક્ષિત બહાર કાઢવા માટે રેસ્ક્યુ ઓપરેશન ચાલુ છે.

મળતી માહિતી મુજબ, આ ઘટના ઈસીએલ)ના બંકોલા વિસ્તારની કુમારડીહ 'એ' કોલિયરીની છે મજૂરો ખાણની અંદર જવા-આવવા માટે વપરાતી લિફ્ટમાં સવાર હતા. સ્થાનિક ભાષામાં આ લિફ્ટને 'ડોલી' કહેવામાં આવે છે. આ દરમિયાન લિફ્ટમાં ટેકનિકલ ખામી સર્જાઈ અને મજૂરો જમીનની નીચે ફસાઈ ગયા. પ્રાથમિક માહિતી અનુસાર, લિફ્ટનું સંચાલન કરતી વાયર અથવા દોરડું એન્જિન રૂમમાં લાગેલા ડ્રમમાં ફસાઈ/ગૂંચવાઈ ગયું હતું. આ કારણે લિફ્ટનું સંચાલન અચાનક બંધ થઈ ગયું અને મજૂરો નીચે ફસાઈ ગયા.

ખાણમાં ફસાયેલા મજૂરોની સંખ્યાને લઈને અધિકારીઓ અને ટ્રેડ યુનિયનના પ્રતિનિધિઓના અલગ-અલગ નિવેદનો સામે આવ્યા છે. શરૂઆતની માહિતીમાં ૧૪ મજૂરો ફસાયા હોવાની વાત કહેવામાં આવી હતી. જોકે, બાદમાં ઈસીએલના એક અધિકારીએ જણાવ્યું હતું કે આશરે ૧૦ થી ૧૨ મજૂરો નીચે ફસાયેલા છે. હજુ સુધી ફસાયેલા મજૂરોની ચોક્કસ સંખ્યા અંગે સત્તાવાર પુષ્ટિ થઈ શકી નથી.ઘટનાની જાણ થતાં જ ખાણમાં બચાવ અને સમારકામનું કામ શરૂ કરી દેવામાં આવ્યું હતું. લિફ્ટના દોરડાને ડ્રમમાંથી મુક્ત કરાવવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. આ માટે ડ્રમને ઊંધી દિશામાં ફેરવવાની કોશિશ થઈ રહી છે.

પીએમ. મોદીના આગમન પૂર્વે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ ભીલડીમાં કર્યું ગ્રાઉન્ડ ઈન્સ્પેક્શન

૩૦મીએ પીએમ મોદી બનાસ ડેરીના રૂ.૩૨૫ કરોડના આધુનિક પશુ સંવર્ધન કેન્દ્રનું લોકાર્પણ કરશે

બનાસકાંઠા,

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આગામી ૩૦ ઓક્ટોબરના રોજ ગુજરાતના સરહદી જિલ્લા બનાસકાંઠાના પ્રવાસે આવી રહ્યા છે. વડાપ્રધાનના આ મહત્ત્વપૂર્ણ પ્રવાસને આખરી ઓપ આપવા અને વ્યવસ્થાઓની સમીક્ષા કરવા માટે રાજ્યના નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી આજે ડીસા તાલુકાના ભીલડી ખાતે પહોંચ્યા હતા. તેમણે કાર્યક્રમ સ્થળ, હેલિપેડ, સભા મંડપ અને સુરક્ષા વ્યવસ્થાઓનું સ્થળ પર જઈને જાત-નિરીક્ષણ કર્યું હતું તેમજ વહીવટી તંત્ર અને બનાસ ડેરીના અધિકારીઓ સાથે બેઠક યોજી માર્ગદર્શન આપ્યું હતું. વડાપ્રધાન મોદી આ પ્રવાસ દરમિયાન બનાસ ડેરી દ્વારા નિર્મિત અત્યાધુનિક પશુ સંવર્ધન કેન્દ્ર સહિતના વિવિધ વિકાસ કાર્યોની ભેટ આપશે.

બનાસ ડેરી દ્વારા પશુપાલકોની આર્થિક સમૃદ્ધિ અને પશુધનની ગુણવત્તા વધારવાના ઉદ્દેશ્ય સાથે અંદાજે રૂપિયા ૩૨૫ કરોડના તોતિંગ ખર્ચે આ અદ્યતન પશુ સંવર્ધન કેન્દ્ર તૈયાર કરવામાં આવ્યું છે. આ કેન્દ્ર મુખ્યત્વે સ્થાનિક દેશી ગાયો (જેમ કે કાંકરેજ, ગીર) અને ભેંસો (જેમ કે મહેસાણી, બન્ની) ની આનુવંશિક ગુણવત્તા અને ઓલાદ સુધારવા માટે અત્યાધુનિક બ્રીડિંગ ટેક્નોલોજીથી સજ્જ છે.ઉત્તમ ગુણવત્તાના પશુઓ તૈયાર થવાથી પશુપાલકોના પશુઓની દૂધ આપવાની ક્ષમતામાં ધરખમ વધારો થશે, જે શ્વેતક્રાંતિને એક નવી ઊંચાઈ પર લઈ જશે. પશુપાલન ક્ષેત્રે વૈજ્ઞાનિક અભિગમ સાથે તૈયાર થયેલું આ કેન્દ્ર માત્ર ગુજરાત જ નહીં, પરંતુ સમગ્ર દેશ માટે એક ઉત્કૃષ્ટ 'રોલ મોડલ' બનશે તેવી અપેક્ષા વ્યક્ત કરવામાં આવી રહી છે.ભીલડી ખાતે ચાલી રહેલી તડામાર તૈયારીઓ અંગે હર્ષ સંઘવીએ જિલ્લા કલેક્ટર, જિલ્લા વિકાસ અધિકારી, જિલ્લા પોલીસ વડા અને બનાસ ડેરીના ચેરમેન-મેનેજમેન્ટ સાથે રૂબરૂ ચર્ચા કરી કાર્યક્રમનું માઈક્રો-પ્લાનિંગ ચકાસ્યું હતું.વડાપ્રધાનની વિશાળ જનસભામાં ઉત્તર ગુજરાતભરમાંથી લાખો પશુપાલકો અને નાગરિકો ઉમટી પડવાના હોવાથી ટ્રાફિક મેનેજમેન્ટ, પાર્કિંગ, પીવાના પાણી અને આરોગ્ય સુવિધાઓ જળવાઈ રહે તે અંગે અધિકારીઓને કડક સૂચના આપવામાં આવી છે.

કચ્છના દરિયાકાંઠે મરીન કમાન્ડોનું સઘન ફૂટ પેટ્રોલિંગ

રાષ્ટ્રવિરોધી પ્રવૃત્તિઓ અને ડ્રગ્સની દાણચોરી ડામવા મરીન પોલીસ એલર્ટ, ૫ કિમી વિસ્તારમાં શંકાસ્પદ બોટો અને અવાવરું સ્થળોનું ચેકિંગ

ભુજ,

નાપાક પાકિસ્તાનને અડકીને આવેલા કચ્છના અત્યંત સંવેદનશીલ દરિયાકાંઠાની સુરક્ષા વ્યવસ્થાને વધુ અભેદ્ય બનાવવા અને રાષ્ટ્રવિરોધી તત્વોની ગેરકાયદે હિલચાલ પર કડક અંકુશ રાખવાના ભાગરૂપે મરીન પોલીસ દ્વારા સરહદી દરિયાઈ પટ્ટામાં વિશેષ પેટ્રોલિંગ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. ગત તા. ૨૬ ઓક્ટોબરના રોજ સુરક્ષા દળોએ બુદ્ધબંદરથી કાલાપાણી સુધીના દરિયાકાંઠાના વિસ્તારમાં પાંચ કિલોમીટરથી વધુ અંતર સુધી સતત ફૂટ પેટ્રોલિંગ કરીને સુરક્ષા સ્થિતિની ઝીણવટભરી ચકાસણી કરી હતી. આ કામગીરી દરમિયાન સજ્જ મરીન કમાન્ડોની વિવિધ ટુકડીઓએ સંવેદનશીલ ટાપુઓ અને ખાડી વિસ્તારોમાં ઘનિષ્ઠ તપાસ હાથ ધરી હતી.

ગુજરાતના દરિયાઈ સીમાડેથી આતંકવાદી ઘૂસણખોરીને અટકાવવા, અજાણી વ્યક્તિઓની હિલચાલ પર ચાંપતી નજર રાખવા તેમજ ડ્રગ્સ અને હથિયારોની દાણચોરી જેવી રાષ્ટ્રવિરોધી ગતિવિધિઓને ડામવાના હેતુથી આ સમગ્ર કવાયતનું આયોજન કરવામાં આવ્યું હતું. ખાસ કરીને દરિયાકાંઠે તણાઈ આવતાં શંકાસ્પદ ચરસ-ડ્રગ્સનાં બિનવારસી પેકેટો, અજાણી બેગ, આકાશમાં ડ્રોનની હિલચાલ તેમજ દાણચોરી અને કેફી પદાર્થોની દરિયાઈ હેરાફેરી સામે સર્વોચ્ચ સતર્કતા રાખવાના આશયથી સુરક્ષા જવાનોએ સ્થળ પર જઈને તપાસ કરી હતી.



આ સુરક્ષા અભિયાન રાજ્યના અધિક પોલીસ મહાનિદેશક અમિતકુમાર વિશ્વકર્મા અને નાયબ પોલીસ મહાનિરીક્ષકએ.એમ. મુનિયાની સીધી સૂચના અનુસાર પાર પાડવામાં આવ્યું હતું. જ્યારે પોલીસ અધિક્ષક તથા મરીન સેક્ટર કમાન્ડર એસ.જે. પરમારના માર્ગદર્શન હેઠળ નાયબ પોલીસ અધિક્ષક અને મરીન સેક્ટર લીડરની કચેરી, કોટેશ્વર દ્વારા પેટ્રોલિંગનું સુચારુ આયોજન ગોઠવાયું હતું. જેમાં નાયબ પોલીસ અધિક્ષક બી.કે. ઝાલા, પીએસઆઈ તથા મરીન કમાન્ડોની ટીમોએ ખડેપગે રહીને સંયુક્ત પેટ્રોલિંગમાં ભાગ લીધો હતો.

પેટ્રોલિંગ દરમિયાન દરિયાકાંઠાના વિવિધ પોઈન્ટ્સ પર શંકાસ્પદ હાલતમાં મળેલા ઈસમો, વાહનો અને લાંગરેલી માછીમારી બોટોની કડક પૂછપરછ અને તપાસ કરવામાં આવી હતી. આ ઉપરાંત સામાન્ય માનવ અવરજવર નહિવત્ હોય તેવા અવાવરું અને કાદવવાળા વિસ્તારોનું પણ ઝીણવટપૂર્વક નિરીક્ષણ કરાયું હતું.

લોકતંત્ર બચાવો, અરાજકતા હટાવો અભિયાન સહિતના મુદ્દે ભાજપની બેઠક

ગુજરાત ભાજપા પ્રભારી તરુણ ચૂઘ, પ્રદેશ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્માની વિશેષ ઉપસ્થિતિમાં વિવિધ સંગઠનાત્મક બેઠકો યોજાઈ

ગાંધીનગર,

ભાજપા ગુજરાત પ્રભારી તરુણ ચૂઘજી તથા ભાજપા પ્રદેશ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્માની વિશેષ ઉપસ્થિતિમાં ભાજપાની વિવિધ સંગઠનાત્મક બેઠકો યોજાઈ હતી. આ વિભિન્ન બેઠકોમાં પ્રદેશ સહ પ્રભારી અજય મહાવરજી, પ્રદેશ સંગઠન મહામંત્રી રત્નાકરજી, પ્રદેશ મહામંત્રીઓ પ્રશાંતભાઈ કોરાટ, અજયભાઈ બ્રહ્મભટ્ટ, હિતેન્દ્રસિંહ ચૌહાણ સહિત ભાજપા આગેવાનો ઉપસ્થિત રહ્યાં હતાં.



ભાજપા પ્રદેશ કાર્યાલય ' કમલમ', કોબા ખાતે ભાજપા પ્રદેશ પ્રભારી તરુણ ચૂઘજી તથા ભાજપા પ્રદેશ અધ્યક્ષ જગદીશભાઈ વિશ્વકર્માએ કોંગ્રેસ દ્વારા દેશમાં અશાંતિ અને અરાજકતા ફેલાવી દેશની સંવૈધાનિક સંસ્થાઓ સામે પાયાવિહોણા પ્રશ્નો ઊભા કરી જનતામાં ભ્રમ ફેલાવવાના કરાઈ રહેલા પ્રયાસ સામે તથ્યોને ઉજાગર કરવા ભાજપાના ' લોકતંત્ર બચાવો, અરાજકતા હટાવો' અભિયાનની પ્રદેશ ટીમ સાથે બેઠક યોજી માર્ગદર્શન આપ્યું હતું.

આ ઉપરાંત તેઓએ ભાજપા પ્રદેશ કાર્યાલય ખાતે આયોજિત પ્રદેશ આદિજાતિ મોરચાની પ્રદેશ બેઠકમાં ભગવાન બિરસા મુંડાજીની ૧૫૧ મી જન્મજયંતિ નિમિત્તે આયોજિત 'જનજાતિ ગૌરવ સપ્તાહ-૨૦૨૬' અંતર્ગત ૧૧ નવેમ્બર થી ૧૮ નવેમ્બર દરમિયાન આયોજિત થનારા વિવિધ કાર્યક્રમો સંદર્ભે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું. આ બેઠકમાં પ્રદેશ આદિજાતિ મોરચાના અધ્યક્ષ ગણપતભાઈ વસાવા સહિત આદિજાતિ સમાજમાંથી આવતા રાજ્ય સરકારના મંત્રીઓ, સાંસદઓ, ધારાસભ્યો, સંગઠનના પદાધિકારીઓ અને અપેક્ષિત કાર્યકરો ઉપસ્થિત રહ્યાં હતાં.'જનજાતિ ગૌરવ સપ્તાહ-૨૦૨૬' અંતર્ગત જનજાતિ સ્મારકોની સફાઈ, દીપોત્સવ, ભગવાન બિરસા મુંડાને પુષ્પાંજલિ, જનજાતિય સ્વાભિમાન સંમેલનો તથા રમતગમત સ્પર્ધાઓ સહિતના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવનાર છે. આ ઉપરાંત ગાંધીનગરના સેકટર -૧૨ સ્થિત ડૉ. બાબા સાહેબ આંબેડકર હોલ ખાતે પ્રદેશ બક્ષીપંચ મોરચાની કારોબારી બેઠક યોજાઈ હતી જેમાં

પ્રદેશ પ્રભારી તરુણ ચૂઘજી, પ્રદેશ અધ્યક્ષ જગદીશભાઈ વિશ્વકર્મા તથા સહ પ્રભારી અજય મહાવરજીએ ઉપસ્થિત રહી આગેવાનો અને કાર્યકર્તાઓ સાથે સંવાદ કરી આગામી સંગઠનાત્મક કાર્યક્રમોના આયોજન સંદર્ભે વિસ્તૃત પરામર્શ કર્યો હતો. બેઠકમાં પ્રદેશ બક્ષીપંચ મોરચાના અધ્યક્ષ માનસિંહ પરમાર સહિત આગેવાનો અને પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

અમદાવાદ ખાતે વર્ષ ૨૦૨૯માં સિનિયર વેઈટ લિફ્ટિંગ વર્લ્ડ ચેમ્પિયનશિપનું આયોજન કરાશે

ઈન્ટરનેશનલ વેઈટલિફ્ટિંગ ફેડરેશન દ્વારા ચીનના નિંગબોમાં તેની એક્ઝિક્યુટિવ બોર્ડની બેઠકમાં જાહેરાત

અમદાવાદ,

ઈન્ટરનેશનલ વેઈટલિફ્ટિંગ ફેડરેશન (IWF) દ્વારા ચીનના નિંગબો ખાતે એક્ઝિક્યુટિવ બોર્ડની બેઠક બાદ સત્તાવાર જાહેરાત કરી હતી કે, વર્ષ ૨૦૨૯માં અમદાવાદ ખાતે સિનિયર વેઈટલિફ્ટિંગ વર્લ્ડ ચેમ્પિયનશિપનું આયોજન કરવામાં આવશે.

આ ઈવેન્ટ સાથે, ભારત પ્રથમ વખત સિનિયર વેઈટલિફ્ટિંગ વર્લ્ડ ચેમ્પિયનશિપનું આયોજન કરશે.

ઈન્ટરનેશનલ વેઈટલિફ્ટિંગ ફેડરેશન (IWF) એ તેની એક્ઝિક્યુટિવ બોર્ડ મીટિંગમાં ૨૦૨૯ અને ૨૦૩૦ સિનિયર વર્લ્ડ ચેમ્પિયનશિપ માટે યજમાન શહેરોની પસંદગી કરી. ૨૦૨૯ ઈવેન્ટ અમદાવાદમાં યોજાશે, જ્યારે ૨૦૩૦ ઈવેન્ટ રશિયાની રાજધાની મોસ્કોને આપવામાં આવશે. બોર્ડે ૨૦૨૮ વર્લ્ડ યુથ વેઈટલિફ્ટિંગ ચેમ્પિયનશિપ કોસોવોની રાજધાની પ્રિશ્ટીનાને અને ૨૦૨૯ વર્લ્ડ જુનિયર ચેમ્પિયનશિપ વેનેઝુએલાની રાજધાની કારાકાસને આપવાનો પણ નિર્ણય લીધો.

ખુબ મહત્વનું છે કે, અમદાવાદ દ્વારા સિનિયર વેઈટલિફ્ટિંગ વર્લ્ડ ચેમ્પિયનશિપનું આયોજન ભારતીય રમતો માટે એક મોટી સિદ્ધિ છે.ઁ ઉલ્લ સેક્રેટરી જનરલ જોસ ક્વિનોન્સે જણાવ્યું હતું કે ફેડરેશન દ્વારા મળેલા તમામ હોસ્ટિંગ પ્રસ્તાવો ઉત્તમ હતા અને તેમને વિશ્વાસ છે કે સંબંધિત દેશોમાં સ્પર્ધાઓ સફળ થશે. તેમણે એમ પણ કહ્યું કે કોસોવો, વેનેઝુએલા અને ભારત પ્રથમ વખત IWF વિશ્વ કક્ષાની સ્પર્ધાઓનું આયોજન કરશે.

સુરતના સચિન પાલી ગામમાં તાવ બાદ પરીક્ષા આપવા ગયેલી વિદ્યાર્થિનીનું મોત

સુરત,

સુરતના સચિન પાલી ગામમાં તાવ આવ્યા બાદ ૧૩ વર્ષીય કિશોરીનું સારવાર દરમિયાન મોત નિપજતાં પરિવારમાં શોકની લાગણી પ્રસરી ગઈ છે. જુલી કુમારી નામની વિદ્યાર્થિનીને છેલ્લા પાંચ દિવસથી તાવ આવતો હતો. શરૂઆતમાં પરિવારજનોએ તેને સારવાર માટે દવાખાને ખસેડી હતી. તબિયતમાં થોડો સુધારો થતાં તે પરીક્ષા આપવા પણ ગઈ હતી. જોકે, ત્યારબાદ ફરી તેની તબિયત લથડતાં તેને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી.

મળતી માહિતી મુજબ, સચિન પાલી ગામમાં રહેતી જુલી કુમારીને છેલ્લા પાંચ દિવસથી તાવની ફરિયાદ હતી. પરિવારજનો તેની સારવાર કરાવી રહ્યા હતા. સારવાર બાદ તબિયતમાં સુધારો જણાતાં વિદ્યાર્થિની પરીક્ષા આપવા ગઈ હતી. પરંતુ ત્યારબાદ તેની તબિયત ફરી બગડતાં તેને વધુ સારવાર માટે સુરતની સિવિલ હોસ્પિટલમાં લઈ જવામાં આવી હતી.

જુલીનો પરિવાર બિહારથી અહીં દસેક વર્ષ પહેલા રોજગારી માટે આવ્યો હતો. મૃતકના પિતા સિલાઈ કામ કરે છે અને માતા ઘરકામ કરે છે. તેને એક ભાઈ પણ છે. અચાનક દીકરીના મોતથી પરિવારમાં માતમ છવાયો છે.

સિવિલ હોસ્પિટલમાં ટૂંકી સારવાર દરમિયાન જ ૧૩ વર્ષીય જુલી કુમારીનું મોત નિપજ્યું હતું. નાની ઉંમરે દીકરીનું અચાનક મોત થતાં પરિવારજનો પર દુઃખનો પહાડ તૂટી પડ્યો છે અને સમગ્ર પરિવારમાં શોકનો માહોલ છવાઈ ગયો છે.

સોમનાથ મંદિર ખાતે સફળ ઈકો-ફ્રેન્ડલી પ્રસાદ પેકેજિંગ મોડેલને હવે અંબાજી મંદિરમાં અપનાવાશે

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનાં નેતૃત્વમાં રાજ્યનાં યાત્રાધામોમાં પ્રસાદ સાથે પ્રકૃતિનું જતન થશે

ગાંધીનગર,

શ્રી સોમનાથ મંદિર ખાતે ઈકો-ફ્રેન્ડલી પ્રસાદ પેકેજિંગની સફળતા બાદ ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (જ્ઞઝમ) હવે આ મોડેલને શ્રી આરાસુરી અંબાજી માતા મંદિરમાં ટૂંક સમયમાં અમલમાં મૂકશે. આ પહેલનો હેતુ મંદિરમાં ધરાવવામાં આવતા પ્રસાદનાં પેકેજિંગમાંથી સિંગલ-યુઝ્ડ પ્લાસ્ટિકનો ઉપયોગ ઘટાડવાનો છે.



ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (GPCB) દ્વારા અમદાવાદની નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ડિઝાઈન (NID) પાસે તૈયાર કરવામાં આવેલા વિકલ્પોમાં શેરડીનાં વેસ્ટમાંથી બનાવવામાં આવેલા કન્ટેનર અને ફરીથી ઉપયોગમાં લઈ શકાય તેવા ટીનનાં કન્ટેનરનો સમાવેશ થાય છે.

આ પહેલનો હેતુ પ્લાસ્ટિક વેસ્ટને દૂર કરી યાત્રાધામોમાં ઈકો-ફ્રેન્ડલી વ્યવસ્થાપનને પ્રોત્સાહન આપવાનો છે. સાથે જ, પ્રસાદ વિતરણની પરંપરાના સાંસ્કૃતિક અને આધ્યાત્મિક મહત્ત્વને જાળવી રાખવાનો પણ પ્રયાસ છે.

આ પહેલ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના પર્યાવરણ પ્રત્યે સભાન જીવનશૈલી, જવાબદાર વપરાશ અને જનભાગીદારી દ્વારા પર્યાવરણને બચાવવાનો છે. તેમના આ વિઝનને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલનાં નેતૃત્વમાં ગુજરાતભરમાં નક્કર પર્યાવરણીય પગલાંઓ થકી મુર્તિમંત કરવામા આવે છે.

શ્રી સોમનાથ મંદિરમાં હવે પ્રસાદનું વિતરણ પ્લાસ્ટિકમુક્ત કાગળનાં બોક્સ અને ફરીથી ઉપયોગમાં લઈ શકાય તેવા ટીનનાં ડબ્બામાં કરવામાં આવે છે. આ નવી ઈકો-ફ્રેન્ડલી પ્રસાદ પેકેજિંગ વ્યવસ્થાનું મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે ૧૭ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું.

સોમનાથ મંદિરમાં દરરોજ આશરે ૪,૨૦૦ કિલોગ્રામ પ્રસાદનું વિતરણ લગભગ ૨૭,૭૦૦ બોક્સ દ્વારા કરવામાં આવે છે. પ્લાસ્ટિકનાં પાત્રોને દૂર કરી, ટકાઉ વિકલ્પોનો ઉપયોગ કરવાથી દર વર્ષે ૨૦૩ ટનથી વધુ પ્લાસ્ટિકનો વપરાશ અટકાવી શકાશે.

પાટણમાં લક્ઝરી બસના ચોર ખાનામાંથી ૧૨.૧૨ લાખનો વિદેશી દારુ ઝડપાયો

સ્પેશિયલ ડ્રાઈવ દરમિયાન જિલ્લામાં કુલ ૨૬૦ સ્થળોએ તપાસ અને દરોડાની કાર્યવાહીમાં ૧૭૦ ગુના નોંધાયા

પાટણ,

પાટણ જિલ્લામાં દેશી અને વિદેશી દારૂના દુષણને ડામવા જિલ્લા પોલીસ એક્શનમાં આવી છે. શંખેશ્વર-દસાડા હાઇવે પર લક્ઝરી બસમાં ગુપ્ત ખાનાં બનાવી કરવામાં આવતી વિદેશી દારૂની હેરાફેરીનો પર્દાફાશ થયો છે. પોલીસે બસમાંથી ૧૨ લાખ ૧૨ હજાર રૂપિયાના વિદેશી દારુ અને બિયરના જથ્થા સહિત કૂલ ૨૨ લાખ ૧૭ હજારનો મુદ્દામાલ કબ્જે કર્યો છે.

પાટણના શંખેશ્વર-દસાડા હાઇવે પર શંખેશ્વર પોલીસે બાતમીના આધારે લક્ઝરી બસને રોકીને તપાસ હાથ ધરી હતી. બસની તપાસ દરમિયાન ગુપ્ત ખાનાં બનાવી તેમાં વિદેશી દારુ અને બિયરનો જથ્થો સંતાડવામાં આવ્યો હોવાનું સામે આવ્યું હતું. પોલીસે કાર્યવાહી દરમિયાન ૧૨ લાખ ૧૨ હજાર રૂપિયાની કિંમતનો વિદેશી દારુ અને બિયરનો જથ્થો, લક્ઝરી બસ તથા મોબાઈલ ફોન સહિત કૂલ ૨૨ લાખ ૧૭ હજાર રૂપિયાનો મુદ્દામાલ કબજે કર્યો હતો. આ કાર્યવાહી દરમિયાન બસચાલક બિજારામ ચૌધરીને ઝડપી લેવામાં આવ્યો હતો, જ્યારે ડ્રાઈવરની બાજુમાં બેઠેલો એક શખ્સ પોલીસને જોઈ અંધારાનો લાભ લઈને ફરાર થઈ ગયો હતો. પ્રાથમિક તપાસમાં દારૂનો જથ્થો ગાંધીધામ પહોંચાડવાનો હોવાનું સામે આવ્યું છે. દારૂ ભરી આપનાર, પરિવહન કરનાર અને જથ્થો મંગાવનાર સહિત કુલ ચાર આરોપીઓ સામે ગુનો નોંધવામાં આવ્યો છે.

ગાંધીનગરમાં પોલીસ ભવનના ગેટ સુધી પહોંચેલા કોંગ્રેસના નેતાઓની પોલીસ સાથે ઝપાઝપી

ગુજરાતમાં પોલીસ દમન, તાનાશાહી અને કથિત ખોટા પોલીસ કેસોના વિરોધમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસનો મોરચો

ગાંધીનગર,

ગુજરાતમાં પોલીસ દમન, તાનાશાહી અને કથિત ખોટા પોલીસ કેસોના વિરોધમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ દ્વારા આજે ગાંધીનગર સ્થિત ગુજરાત પોલીસ ભવન ખાતે આવેદનપત્ર આપવાનો કાર્યક્રમ યોજાયો હતો. કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ અમિત ચાવડા, ધારાસભ્ય જિગ્નેશ મેવાણી, જગદીશ ઠાકોર સહિતના આગેવાનોની આગેવાનીમાં કોંગ્રેસના નેતાઓ અને કાર્યકરોએ પોલીસ ભવન તરફ કૂચ કરી હતી.



આ દરમિયાન પોલીસ દ્વારા માર્ગ પર બેરિકેડિંગ કરવામાં આવ્યું હોવા છતાં કોંગ્રેસના આગેવાનો અને કાર્યકરોએ બેરિકેડ હટાવી આગળ વધવાનો પ્રયાસ કર્યો હતો અને પોલીસ ભવનના ગેટ સુધી પહોંચી ગયા હતા. આ દરમિયાન પોલીસ અને કોંગ્રેસના કાર્યકરો વચ્ચે ઝપાઝપી થતાં વાતાવરણ તંગ બન્યું હતું. કોંગ્રેસના દાવા મુજબ, પહેલી વખત પક્ષના આગેવાનો પોલીસ ભવનના ગેટ સુધી પહોંચવામાં સફળ રહ્યા હતા. આ ઘટનાને પગલે આગામી દિવસોમાં કોંગ્રેસ રાજ્યમાં વધુ આક્રમક રાજકીય ભૂમિકા ભજવે તેવી શક્યતાઓ પણ ચર્ચાઈ રહી છે.

અમદાવાદમાં ઘરફોડ ચોરીના કેસમાં ત્રણની ધરપકડ : રૂ. ૧૪.૩૫ લાખનો મુદ્દામાલ જપ્ત

અમદાવાદ,

નારોલમાં ઘરફોડ ચોરીના કેસમાં અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે બે યુવકો અને એક કિશોરની ધરપકડ કરી છે. પોલીસે તેમની પાસેથી રૂ. લાખા રૂપિયાના ચોરી થઇ હતા, અને આ ગુનાનો પર્દાફાશ કરવામાં ટીમને મોટી સફળતા મળી છે.



પોલીસે આરોપીઓ પાસેથી કુલ રૂ. ૧૪,૩૫,૫૭૦નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. તેમાં રૂ. ૧૩.૦૨ લાખના સોના-ચાંદી અને ધાતુના દાગીના, રૂ. ૨૨,૭૭૦ રોકડ, એક એક્સેસ સ્કૂટર, બે મોબાઈલ ફોન તથા ચોરીના દાગીનાના ૧૪ બિલ સહિતની અન્ય ચીજવસ્તુઓ મળ્યુ છે.ક પકડાયલા આરોપીઓ સામે અગાઉ પણ જુદા જુદા પોલીસ સ્ટેશનોમાં ગુના નોંધાયેલા છે. એક આરોપી વટવા GIDC પોલીસ સ્ટેશનના ઘરફોડ ચોરીના ગુનામાં વોન્ટેડ હતો, જ્યારે બીજો અમરાઈવાડી પોલીસ સ્ટેશનના મારામારીના ગુનામાં વોન્ટેડ હતો.

AMCના સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટમાં વેલ્ડિંગ દરમિયાન ચાર કામદારો અંદર ખાબક્યા, બે કામદારનાં મોત

અમદાવાદના સોલા STP પ્લાન્ટમાં મોટી દુર્ઘટના

અમદાવાદ,

અમદાવાદ શહેરના સોલા વિસ્તારમાં એક અત્યંત હૃદયદ્રાવક અને કંપારી છૂટી જાય તેવી ઘટના સામે આવી છે. AMCના ડ્રેનેજ પમ્પિંગ સ્ટેશન પ્લાન્ટમાં વેલ્ડિંગની કામગીરી દરમિયાન દુર્ઘટના સર્જાઈ હોવાની ઘટના સામે આવી છે. ઉઁદ્મ-એજન્સીના ચાર કર્મચારીઓ પ્લાન્ટમાં વેલ્ડિંગનું કામ કરી રહ્યા હતા, તે દરમિયાન ગેસ બનવાના કારણે તેઓ બેભાન થઈ ગયા હોવાની પ્રાથમિક માહિતી મળી છે. આ ઘટનામાં બે કામદારોને સારવાર માટે સોલા સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે, જ્યારે અન્ય બે કામદારોના મોત થયા હોવાનું જાણવા મળ્યું છે.

અમદાવાદ ફાયર વિભાગ દ્વારા આ અંગે માહિતી આપવામાં આવી છે કે, HNB એજન્સીના કર્મચારીઓ સોલા STP પ્લાન્ટમાં વેલ્ડિંગની કામગીરી કરી રહ્યા હતા. આ દરમિયાન અંદર ગેસ બનતાં કામદારો બેભાન થઈ ગયા હતા અને પ્લાન્ટની અંદર પડી ગયા હોવાની માહિતી સામે આવી છે. ઘટનાની જાણ થતાં જ અસરગ્રસ્ત કામદારોને બહાર કાઢવા અને અન્ય કામદારોની શોધખોળ માટે કામગીરી હાથ ધરવામાં આવી હતી.આ ઘટનામાં HNB એજન્સી સાથે સંકળાયેલા ચાર કર્મચારીઓનાં નામ સામે આવ્યાં છે. જેમાં મનોજ (સાઇટ ઇન્ચાર્જ), અભિષેક (વેલ્ડિંગ વર્કર), રૂપેશ (સાઇટના સ) અને નિલેશ (ગાડી ડ્રાઇવર)નો સમાવેશ થાય છે.

આ ગંભીર ઘટના મામલે મીડિયા સુત્રો પાસેથી મળતી માહિતી અનુસાર, બે વ્યક્તિઓને સોલા સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે, જ્યારે અન્ય બેના મોત થયા છે. જોકે, હોસ્પિટલમાં ખસેડાયેલા બંનેની સ્થિતિ અંગેની વધુ વિગતોની સત્તાવાર પુષ્ટિ થવાની બાકી છે. ગેસ કેવી રીતે બન્યો અને દુર્ઘટના કયા કારણોસર સર્જાઈ તે અંગેની વિગતો હજુ સ્પષ્ટ થઈ નથી. ઘટનાની સંપૂર્ણ તપાસ બાદ જ દુર્ઘટનાનું ચોક્કસ કારણ જાણી શકાશે.

અમદાવાદના ગોતા અને બહેરામપુરાની ફેકટરીમાં તપાસ દરમિયાન મોટા પ્રમાણમાં નકલી સોસ મળી આવ્યો

મનપા.ની ટીમ દ્વારા લેબોરેટરીમાં તપાસ માટે મોકલવામાં આવેલા સોસના સેમ્પલ સબસ્ટાન્ડર્ડ જાહેર થયા

અમદાવાદ,

આવનારા દિવસોમાં દિવાળીનો તહેવાર છે તે પહેલાજ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC)ના ફૂડ વિભાગ ફરીએકવાર સક્રિય થયું છે અને શહેરમાં ગુણવત્તા વગરના ખોરાકનું ઉત્પાદન અને વેચાણ સામે કડક પગલા ભર્યા છે જેમાં, ગોતા અને બહેરામપુરામાંથી સોસ બનાવતી બે ફેક્ટરીમાં તપાસ દરમિયાન નિયમોનું ઉલ્લંઘન થતું હોય તેમ ઘટસ્ફોટ થયો હતો.



મનપા.ની ટીમ દ્વારા લેબોરેટરીમાં તપાસ માટે મોકલવામાં આવેલા સોસના સેમ્પલ સબસ્ટાન્ડર્ડ જાહેર થયા છે. એકમોમાં નોન-પરમિટેડ સિન્થેટિક કલર અને સ્ટાર્ચનો ઉપયોગ થતો હોવાનું પણ તપાસમાં બહાર આવ્યું છે. આ મામલે ફૂડ વિભાગે બંને એકમોને સીલ કરીને આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે

અમદાવાદ મનપા.ના ફૂડ વિભાગે ૧૫ ઓક્ટોબરના રોજ બહેરામપુરા વિસ્તારમાં ટોમેટો સોસ બનાવતા એકમમાં તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન સોસના સેમ્પલ લેવામાં આવ્યા હતા અને મોટી માત્રામાં સોસનો જથ્થો સ્થગિત કરવામાં આવ્યો હતો. આ સેમ્પલનો લેબોરેટરી રિપોર્ટ આવ્યા બાદ સોસની ગુણવત્તા અંગે ગંભીર બાબતો સામે આવી છે. ફૂડ વિભાગના જણાવ્યા અનુસાર, બહેરામપુરા સ્થિત એકમમાં સોસ બનાવવા માટે નોન-પરમિટેડ સિન્થેટિક કલરનો ઉપયોગ કરવામાં આવતો હતો. લેબોરેટરી રિપોર્ટમાં સોસના સેમ્પલ સબસ્ટાન્ડર્ડ જાહેર થયા છે. સોસમાં ચાર અલગ-અલગ પ્રકારના કલર ઉપરાંત સ્ટાર્ચ પણ મળી આવ્યું છે. પ્રથમ ફેક્ટરીની વાત કરીએ તો, આ એકમમાં 'સ્નેક ટચ અપ' નામથી સોસનું વેચાણ કરવામાં આવતું હોવાની માહિતી સામે આવી હતી.

વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ અગાઉ એરોસ્પેસ અને સંરક્ષણ ઉત્પાદન ક્ષેત્રે ભારતના અગ્રણી કેન્દ્ર તરીકે ગુજરાતની સ્થિતિ વધુ મજબૂત

વડોદરા સ્થિત 'ટાટા એડવાન્સ્ડ સિસ્ટમ્સ-એરબસ C295 ફાઈનલ એસેમ્બલી લાઈન (FAL)' જેવા મહત્વપૂર્ણ પ્રોજેક્ટથી ગુજરાતને મળી રહ્યું છે ખાસ મહત્વ

ગાંધીનગર,

ભારતના ઔદ્યોગિક વિકાસમાં ગુજરાત હંમેશા અગ્રણી અને મજબૂત ભાગીદાર રાજ્ય રહ્યું છે. ગુજરાત પોતાની આ ક્ષમતા અને દુર દ્રષ્ટિ વાળા વિઝનને આગળ વધારતા ગુજરાત ઝડપથી એરોસ્પેસ અને રક્ષા (A&D) ક્ષેત્રમાં ઉત્પાદન અને નવીનતાના મહત્વના કેન્દ્રના રુપમાં પોતાની સ્થિતિ મજબૂત કરવાની દિશામાં અગ્રેસર છે. વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ ૨૦૨૭ ભારતના ઉભરી રહેલા રણનીતિક મહત્વના ક્ષેત્રો પ્રત્યે વૈશ્વિક સમુદાયનું ધ્યાન કેન્દ્રિત કરી રહ્યું છે. ગુજરાતનું વિશ્વસ્તરીય ઈન્ફ્રાસ્ટ્રક્ચર, વ્યૂહાત્મક ભૌગોલિક લાભો અને અત્યાધુનિક એન્જિનિયરિંગ ક્ષમતાઓ સાથે પોતાને એક આકર્ષક રોકાણ અનુકુળ કેન્દ્રના રુપમાં રજૂ કરી રહ્યું છે.

વડોદરા સ્થિત 'ટાટા એડવાન્સ્ડ સિસ્ટમ્સ-એરબસ ઝ૨૯૫ ફાઇનલ એસેમ્બલી લાઇન (FAL)' ફેસિલિટી જેવા મહત્વપૂર્ણ પ્રોજેક્ટ્સ ગુજરાતની આ વધતી ઓળખના મજબૂત આધારનું પ્રમાણ છે. ભારતની પ્રથમ ખાનગી ક્ષેત્રની મિલિટરી એરક્રાફ્ટ ફાઈનલ એસેમ્બલી લાઈન (FAL) તરીકે આ પ્લાન્ટ ઘરેલુ એરોસ્પેસ સપ્લાય ચેઈનને ઝડપથી આગળ વધારી રહ્યું છે. એટલું જ નહીં આ પ્લાન્ટ એરક્રાફ્ટ સ્ટ્રક્ચર્સ, વિમાનના પાર્ટ્સ, ચોક્કસ એન્જિનિયરિંગ અને રક્ષા ઈલેક્ટ્રોનિક્સમાં વિશ્વસ્તરીય વિશેષતાને દર્શાવે છે. ગુજરાત ફક્ત વિમાન ઉત્પાદક સુધી જ સિમીત નથી, પરંતુ તેની સાથે માનવ રહિત વિમાનનું (UAVs/ડ્રોન) ઉત્પાદન, એરોસ્પેસના ઉપકરણો, જાળવણી અને રીપેરીંગ તથા ઓવરહોલ (MRO) સેવાઓ, અદ્યતન સામગ્રી અને કુશળ એન્જિનિયરિંગની કામગીરીમાં પણ સક્રિયપણે વિસ્તરણ કરી રહ્યું છે.

જામનગરના હાપા માર્કેટ યાર્ડમાં મગફળીના ભાવમાં એક જ દિવસમાં રૂ. ૬૦૦નો વધારો

તમિલનાડુના વેપારીઓની ખરીદી ફળી, ૧૮૮ ખેડૂતો મગફળી વહેંચવા માટે આવતા યાર્ડમાં ૧૧,૫૪૩ મણ જથ્થો ઠલવાયો

જામનગર : જામનગર જિલ્લામાં દુષ્કાળને પગલે સૌથી મહત્વના ગણાતા મગફળીના પાકના ઉત્પાદનમાં મોટો ઘટાડો નોંધાયો છે. પરંતુ હાલની સ્થિતિએ જામનગરના માર્કેટિંગ યાર્ડમાં મગફળીના પૂરતા ભાવ મળતા હોવાથી હાલાર સહિત અન્ય જિલ્લાના ખેડૂતો પણ મગફળી વેંચવા માટે જામનગર આવી રહ્યા છે. તામિલનાડુના ખેડૂતો જામનગર યાર્ડમાંથી મગફળીની ખરીદી કરતા હોવાથી ખેડૂતોને ૨૬૦૦ રૂપિયા સુધીના ભાવ મળી રહ્યા છે.

જામનગર જિલ્લામાં આ વર્ષે ઓછા વરસાદના પગલે મગફળીનું ઉત્પાદન જામનગર જિલ્લામાં ઓછું નોંધાયું છે. છતાં હાલ જામનગરના હાપા યાર્ડમાં નવી મગફળી આવી રહી છે. છેલ્લા ૧૫ દિવસથી નવી મગફળીની આવક શરુ થઇ છે અને અત્યાર સુધીમાં અંદાજે ૮૦ હજાર જેટલી મગફળીની બોરીની આવક જોવા મળી છે. આજની વાત કરવામાં આવે તો આજે જામનગરમાં ૬૬ નંબરની મગફળીના મણ દીઠ ૧૫૦૦ રૂપિયાથી લઈને ૨૨૫૦ રૂપિયા જેવા ભાવ મળ્યા હતા. જ્યારે ૯ નંબરની મગફળીના ૧૭૦૦ રૂપિયાથી લઈને ૨૬૨૦ રૂપિયા જેવા ભાવ નોંધાયા હતા. આ ઉપરાંત ૧૮૮ ખેડૂતો મગફળી વહેંચવા માટે આવતા યાર્ડમાં ૧૧,૫૪૩ મણ મગફળીની આવક નોંધાઈ હતી. ગત તા.૨૩ ના રોજ મગફળીના ૧૧૦૦ રૂપિયાથી લઈને ૨૧૦૦ રૂપિયા જેવા ભાવ મળ્યાં હતા. જેના બીજા જ દિવસે મણ દીઠ ૬૦૦ રૂપિયાના ઉછાળા સાથે એટલે કે તા.૨૪ ના રોજ ૧૨૦૦ થી ૨૭૩૦ રૂપિયા ભાવ બોલાયા હતાં.

આમ એક જ દિવસમાં મગફળીના ભાવમાં પ્રમાણમાં સારો વધારો નોંધાતા ખેડૂતો મગફળી વેંચવા માટે જામનગરના હાપા માર્કેટિંગ યાર્ડમાં આવી રહ્યા છે. મહત્વનું છે કે, સૌરાષ્ટ્રની મગફળીની ગુણવત્તા સારી હોવાથી તામિલનાડુની ખેતીમા બીયારણ તરીકે ઉપયોગ માટે વેપારીઓ મગફળીની ખરીદી માટે જામનગર સહિત સૌરાષ્ટ્રમાં છેલ્લા ૬ થી ૭ વર્ષથી ખરીદી કરી રહ્યા છે.

ભાણવડના ચોખંડા ગામે કારમાંથી દેશી દારૂ સાથે ચાલકની અટકાયત

બેની સંડોવણી ખુલતા શોધખોળ: દેશી દારૂ, કાર સહિત રૂ. ૩.૨૫ લાખનો મુદ્દામાલ કબ્જે



ખંભાળિયા : ભાણવડ તાબા હેઠળના ચોખંડા ગામ પાસે સ્થાનિક પોલીસે વોચ ગોઠવી એક કારમાંથી દેશી દારૂ મળી આવતા કારના ચાલકની અટકાયત કરી રૂ. સવા ત્રણ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો જ્યારે બે શખ્સને ફરાર જાહેર કરી ત્રણેય સામે દારૂબંધી ધારા હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી આરંભી હતી.

મળતી માહિતી પ્રમાણે ભાણવડથી ૨૫ કિમી દુર આવેલ ચોખંડા ગામની ગોળાઈ પાસેથી જી. જે. ૩૭. જે. ૯૧૩૨ નંબરની અલ્ટો કાર પસાર થતી હોઈ દરમિયાન ચોક્કસ બાતમીના આધારે સ્થાનિક પોલીસે અટકાવી તલાસી લેતા તેમાંથી રૂ. ૨૫૨૦૦ ની કિંમતનો ૧૨૬ લીટર દેશી દારૂ મળી આવતા કારના ચાલક અશ્વિન ઉર્ફે પવલો પરસોતમભાઈ સોલંકી નામના શખ્સની અટકાયત કરી રૂ. ૩.૨૫ લાખનો મુદ્દામાલ કબ્જે કરવામાં આવ્યો હતો જ્યારે હેદર ગુલામહદભાઈ હાલા અને દિપક હમીરભાઈ ગોજીયા નામના અન્ય બે શખ્સની સંડોવણી ખુલતા તેને ફરાર જાહેર કરી ઝડપી લેવા તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

હિન્દુ સેના દ્વારા ચલાવેલ લવ જિહાદથી સાવધાન અભિયાનને મળી સફળતા



જામનગર : ગુજરાતમાં દિવસે દિવસે લવ જીહાદના બનાવો વધવા પામ્યા છે ત્યારે હિન્દુ સેના દ્વારા નવરાત્રી દરમિયાન લવ જીહાદથી સાવધાન કરવા એક અભિયાન ચલાવાયુ હતું જે અભિયાનમાં હિન્દુ બહેન દીકરીઓ કેવી રીતે લવ જીહાદનો શિકાર બને છે, અને લવ જીહાદ શું છે? જાણો અને સમજો. લવ જીહાદની માહિતી દર્શાવતી કુલ ૩૦ હજારથી વધુ પત્રિકાઓ ગરબીઓમાં જઈ હિન્દુ સેના સૈનિકોએ પહોંચાડી હતી.

આમ આ અભિયાન દરમિયાન હેલ્પલાઈન નંબર પણ આ પત્રીકામાં આપેલા હતા. ગુજરાતમાંથી હેલ્પલાઈન નંબરમાં ફક્ત નવરાત્રી દરમિયાન જ કુલ ૨૧૭ ફોન આવ્યા હતા. જેમાં કોઈને કોઈ રીતે આપણી બહેન દીકરીઓ વિધર્મીથી ફસાયેલી કે પરેશાનીનો ભોગ બનતી હોય, તેવી માહિતી મળતી હતી, જેમાં આપણે આ નંબરના આધારે તાત્કાલિક તપાસ કરી પોલીસ ડિપાર્ટમેન્ટને જાણ કરતા હતા અને પોલીસ દ્વારા સચોટ કાર્યવાહી થતી હતી, જેને લઈ ઘણા બધા લવ જીહાદના બનાવો બનતા અટક્યા હતા. જેમાં પોલીસ ખાતાની ૧૧૨ તેમજ નવરાત્રી દરમિયાન ઊભી કરેલી "સી" ટીમ સતત કાર્યરત રહી હતી. જેનાથી હિંદુ સેનાના કાર્યને પણ ઘણી સરળતા રહી અને સફળતા મળી હતી. આ કાર્ય માટે હિન્દુ સેનાએ ગુજરાતમાં સૈનિકો તેમજ અલગ અલગ સ્થાનોપર જ્યાં હિન્દુ સેના અસ્તિત્વમાં છે ત્યાં ખરજૈ ની સક્રિય કરી ૪ થી ૧૦ સૈનિકની ટીમો દ્વારા સર્વે કરી પોલીસ ખાતાને માહિતી પહોંચાડતા હતા,

જેને લઈ ઘણા જેહાદી માનસિકતા ધરાવતા વિધર્મી તત્વોને સંસ્કૃતિનું ભાન કરાવ્યું હતું. હિન્દુ સેનાના ખરજૈ દ્વારા ગુપ્તરાહે કામગીરી ચલાવાઈ રહી હતી, તમામ કામગીરી ને ધ્યાને લઈ ગુજરાત પોલીસને હિન્દુ સેનાના ખરજૈ એ અભિનંદન પાઠવ્યા છે. લવ જીહાદથી સાવધાન પત્રિકામાં હેલ્પલાઈન નંબરને લઈ ગુજરાતના અધ્યક્ષ પ્રતિક ભટ્ટ તેમજ ઉપાધ્યક્ષ વિનય શર્માને સતત રિર્પોટિંગ થતું હતું. જે સર્વેમાં જાણવા મુજબ લવ જિહાદથી સાવધાન અભિયાનમાં બહોળો પ્રતિસાદ મળ્યો હતો.

રાજ્યસભા કોંગ્રેસના મહિલા સાંસદની 'વોટચોરી' મુદ્દે જામનગરમાં પ્રેસ કોન્ફરન્સ

જામનગર : સમગ્ર દેશમાં ચૂંટણી પંચ વિરૂદ્ધ વોટચોરી મુદ્દે કોંગ્રેસે હવે વોટ બચાવો, દેશ બચાવોના નારા સાથે જનજાગૃતિનું આંદોલન શરૂ કર્યું છે.

રાજ્યસભાના સાંસદ ડો. વિજયાલક્ષ્મીએ જામનગરમાં શહેર કોંગ્રેસ દ્વારા યોજાયેલી પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે કોંગ્રેસના નેતા રાહુલ ગાંધી છેલ્લા એક વર્ષેથી આધારપુરાવા, દસ્તાવેજો, વ્યક્તિગત પુરાવા સાથે ચૂંટણી પંચ દ્વારા કરવામાં આવી રહેલી વોટચોરીના મુદ્દે લડત ચલાવી રહ્યા છે. દેશમાંથી ૧૩ કરોડ મતદારોના નામ મતદાર યાદીમાંથી કમી થઈ ગયા છે. જ્યારે ગુજરાતમાં તો ૬૮ લાખ મતદારોના નામ મતદાર યાદીમાંથી કેન્સલ થઈ ગયા છે. કોંગ્રેસને સમર્થિત એવી વોટબેંકને નિશાન બનાવી ચોક્કસ વિસ્તાર અને વર્ગના મતદારોના નામો કાઢી છે. નાખવામાં આવ્યા છે.



તસવીર: સુનિલ ચુડાસમા

કોંગ્રેસ દ્વારા ચૂંટણી પંચ સામે પ્રશ્નો ઊઠાવી લડત ચલાવાઈ રહી છે. પણ નવાઈની વાત એ છે કે ચૂંટણી પંચ ચૂપ છે, અને ભાજપના નેતાઓનો કાફલો ચૂંટણી પંચના બચાવમાં ઉતરી આવ્યો કોંગ્રેસની મુખ્ય ત્રણ માંગણીઓ છે. મુખ્ય ચૂંટણી પંચ કમિશનર જ્ઞાનેશકુમારને પદ પરથી હટાવી તેની સામે કાયદાકીય કાર્યવાહી કરવા તેની સામે વોટચોરી અટકાવી કમી થયેલા નામોનો સમાવેશ કરવા અને દેશમાં ઈવીએમ મશીનથી નહીં પણ બેલેટ પેપરથી ચૂંટણી યોજવાની માગણી છે. આ મુદ્દા સાથે કોંગ્રેસના કાર્યકરો, નેતાઓ ઘરે ઘરે ફરીને લોકોને તેમના મતાધિકાર ન છીનવાય જાય તે માટે જાગૃત કરી જનજાગૃતિ અભિયાન ચલાવવામાં આવશે.

આ પ્રેસ કોન્ફરન્સમાં પૂર્વ સાંસદ વિક્રમભાઈ માડમ, શહેર કોંગ્રેસ પ્રમુખ દિગુભા જાડેજા, પૂર્વ પૂર્વ મંત્રી ડો. દિનેશભાઈ પરમાર, પ્રદેશ અગ્રણી બિપેન્દ્રસિંહ જાડેજા, મહિલા અગ્રણી નયનાબા જાડેજા, ગુજરાતના કોંગ્રેસના પ્રવક્તા પ્રગતિબેન આહિર, કોંગ્રેસના હોદ્દેદારો, કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતાં. સ્વાગત દિગુભા જાડેજાએ અને સંચાલન ભરતભાઈ વાળાએ કર્યું હતું.

દ્વારકાના આરંભડા ગામે એકલવાયું જીવન ગુજારતા મહિલાનું મૃત્યુ

દ્વારકા : દ્વારકા પંથકના આરંભડા ગામે એકલા રહેતા એક મહિલાનો કોઈ કારણસર અપમૃત્યુ નિપજ્યું છે જે બનાવ અંગે મૃતકના ભાઈ દ્વારા સ્થાનિક પોલીસ દફતરે જાણ કરવામાં આવતા પોલીસે સ્થળપર દોડી જઈ આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

મળતી માહિતી પ્રમાણે દ્વારકા તાલુકાના આરંભડા ગામમાં આવેલી મહાવીર સોસાયટી ખાતે રહેતા શિલ્પાબેન રમેશભાઈ પટેલ નામના ૪૮ વર્ષના મહિલા છેલ્લા ઘણા સમયથી એકલા રહેતા હોય દરમિયાન ગઈકાલે કોઈ કારણોસર તેઓનું મૃત્યુ નિપજ્યું છે જે બનાવની સુરતમાં રહેતા તેઓના ભાઈ શૈલેષભાઈ રમેશભાઈ પટેલ દ્વારા મીઠાપુર પોલીસ દફતરે જાણ કરવામાં આવતા પોલીસે ઘટનાસ્થળે દોડી જઈ કયા કારણોસર મહિલાનું મૃત્યુ નિપજ્યું છે તે અંગે મૃતદેહનો કબ્જો મેળવી પીએમ અર્થે હોસ્પિટલ ખાતે મોકલી આપી વધુ તપાસ હાથ ધરી છે.

સિક્કામાં પરિણીતાએ અગમ્ય કારણોસર ગળાફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું

જામનગર : જામનગર જિલ્લાના સિક્કા ગામે રાધાસ્વામી સોસાયટીમાં રહેતી એક પરણીતાએ કોઈ અગમ્ય કારણોસર પોતાના રહેણાક મકાનમાં ગળાફાંસો ખાઈ આત્મહત્યા કરી લેતાં સિક્કા પોલીસ સ્ટેશનમાં અકસ્માતે મોતની નોંધ કરવામાં આવી છે.

પ્રાપ્ત વિગત મુજબ સિક્કામાં આવેલ રાધાસ્વામી સોસાયટીમાં રહેતી લક્ષ્મીકુમારી નરેન્દ્રકુમાર વરણ નામની ૨૦ વર્ષીય પરિણીતાએ ગત તા. ૨૫ની રાત્રે પોતાના રહેણાક મકાનમાં બારી સાથે દુપટ્ટો બાંધી ગળાફાંસો ખાઈ લેતાં તેણીનું મૃત્યુ નિપજ્યું હતું.

આ બનાવ અંગે વાલજીભાઈ મગનભાઈ વરણ નામના બુઝુર્ગએ પોલીસને જાણ કરતાં ઘટનાસ્થળે દોડી જોઈ મૃતદેહનો કબ્જો સાંભળી આગળની કાર્યવાહી કરી વધુ તપાસ એએસઆઈ કે.બી. લોખીલ ચલાવી રહ્યા છે.

જામનગરમાં સાધના કોલોનીની આદર્શ નિવાસી હોસ્ટેલમાંથી સગીર લાપતા

જામનગર : જામનગર શહેરના સાધના કોલોની વિસ્તારમાં આવેલી આદર્શ નિવાસી હોસ્ટેલમાંથી એક સગીર બાળક ગુમ થયો હોવાની ઘટના સામે આવી છે. આ અંગે શહેરના સીટી 'એ' ડિવિઝન પોલીસ સ્ટેશન દ્વારા બાળકને શોધી કાઢવા માટે જાહેર જનતાને અપીલ કરવામાં આવી છે.

પ્રાપ્ત વિગતો મુજબ, શહેરના સાધના કોલોની વિસ્તારમાં આવેલ આદર્શ નિવાસી હોસ્ટેલમાંથી ગત તા. ૨૬ના રોજ રાત્રિના આશરે એક વાગ્યાના અરસામાં જયદીપ રૂપાભાઈ ઝાપડા નામનો ૧૫ વર્ષીય સગીર બાળક કોઈને જાણ કર્યા વિના જતો રહ્યો હતો. ગુમ થયેલા બાળકની જન્મતારીખ ૨૪ મે, ૨૦૧૧ છે અને તે જોડિયા તાલુકાના આણંદા ગામનો વતની હોવાનું જાહેર કરવામાં આવ્યું છે.

ગુમ થયેલા બાળક અંગે કોઈ નાગરિકને માહિતી મળે અથવા બાળક ક્યાંય જોવા મળે તો તાત્કાલિક જામનગર શહેરના સીટી 'એ' ડિવિઝન પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા અપીલ કરવામાં આવી છે. સંપર્ક નંબર: ૬૩૫૯૬૨૭૮૧૨

જામનગર એસટીમાં પક્ષપાતના આક્ષેપો સાથે મહિલા કંડક્ટરે અયોગમાં કરી ફરિયાદ

જામનગર : ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમના જામનગર વિભાગમાં ઉચ્ચ અધિકારીઓની મનસ્વી નીતિ અને પક્ષપાતી વલણ સામે ગંભીર સવાલો ઊભા થયા છે. જામનગર ડેપોમાં ફરજ બજાવતા એક મહિલા કંડક્ટરે ગુજરાત રાજ્ય મહિલા આયોગ, ગાંધીનગરના અધ્યક્ષને લેખિત રજૂઆત કરીને ન્યાયની ગુહાર લગાવી છે. તેમણે જામનગર વિભાગના વિભાગીય નિયામક બી. સી. જાડેજા અને વભાગીય પરિવહન અધિકારી જે. વી. ઈશરાણી સામે જાતિગત દભાવ, યુનિયન રાયવાલિટી ને બદલાની ભાવનાથી ન્યાયી કાર્યવાહી કરવાનો નામજોગ ગંભીર આરોપ સાથે રજૂઆત કરવામાં આવી છે.

મહિલા કંડક્ટર રચનાબેન જેઠવાની રજૂઆતમાં જણાવ્યા મુજબ જામનગર-હર્ષદ રૂટ પર ફરજ દરમિયાન ડબલ ડયુટી અને પિતાની બીમારી વચ્ચે બસમાં યાંત્રિક ખામી (બ્રેકડાઉન સર્જાઈ હતી અને ડ્રાઈવસ બાબુભાઈ સરસીયાએ જામનગ ડેપોમાં જાણ કરી અને બસ ભાટિયા ગામથી પરત વાળ લીધી હતી. જેથી બસ તેના નિયત સમયે કરતા થોડી વહેલી ખંભાળિય ડેપોમાં પહોચી હતી. ત્યાં ફર પરના ટી.સી. હરદેવસિંહ જાડે જામનગર તરફ જવા માટે મ કરી હતી અને મહિલા કંડકટર વાત કોઈ માની ન હતી બસ રોકી રાખી મહિલા કંડકટર સામે ફરિયાદ કરી હતી. બાદમાં બન્ને પક્ષે લેખિતમાં સમાધાન થયું અને કેસ પૂર્ણ કરાયો હતો, આમ છતાં ટી.સી.એ ફરી અરજી કરતા વિભાગીય કચેરીએ સમાધાન ફગાવીને મહિલા કંડક્ટરની દ્વારકા ડેપોમાં બદલી કરી રૂા. ૪,૦૦૦ નો દંડ ફટકાર્યો હતો.

આ ઉપરાંત મહિલા કંડક્ટરે જણાવ્યું કે, દ્વારકા ડેપોના એ.ટી.આઈ. સામે ગંભીર ફરિયાદો હોવા છતાં માત્ર તાકીદ આપી છોડી દેવાયા તેમજ ૪૦૭ કિલો મીટરનો રૂટ વહ કરાવી મુસાફરોને રઝળાવનાર કંડક્ટરને માત્ર રૂા. ૫૦૦નો જ દંડ કરાયો તેમજ રૂ. ૫૦,૦૦૦ થી વધુની ઉચાપત કરનાર ક્લાર્ક સામે કડક પગલાં ભરવાને બદલે માત્ર રૂ. ૨૦,૦૦૦ દંડ અને બદલી કરીને મામલો રફેદફે કરાયો. નિયમ મુજબ ૩૦ દિવસમાં પૂર્ણ થતી તપાસ જાણીબુઝીને ૨ મહિના સુધી લંબાવવામાં આવી હતી.

સત્તાવાળાઓ દ્વારા પોતાના માનીતા કર્મચારીઓની અનુકૂળ બદલીઓ કરવા અને અન્ય કર્મચારીઓ સાથે પક્ષપાતી વર્તન કરવાને કારણે મહિલા કંડક્ટરે શારીરિક અને માનસિક અસુરક્ષા વ્યક્ત કરી છે. તેમણે મહિલા આયોગ પાસે સમગ્ર મામલે તટસ્થ તપાસ કરાવી જવાબદાર અધિકારીઓ બી. સી. જાડેજા અને જે. વી. ઈશરાણી સામે કડક કાયદાકીય કરવા માંગ કરી છે.

દ્વારકા તાલુકાના આઈસ પ્લાન્ટમાં સલામતીના નિયમોનું પાલન થાય છે ખરું? સાવચેતી જરૂરી

એમોનિયા ગેસના જોખમ વચ્ચે જવાબદાર તંત્રની તપાસ સામે સવાલો; ફાયર એનઓસી, કામદારોની સુરક્ષા અને ખારા પાણીના નિકાલની ચકાસણી જરૂરી

દ્વારકા : દ્વારકા તાલુકામાં મત્સ્ય ઉદ્યોગના વિકાસ સાથે બરફની માંગ વધતાં ડઝનબંધ આઈસ પ્લાન્ટ કાર્યરત છે. જોકે, આ કારખાનાઓમાં કામદારોની સલામતી, એમોનિયા ગેસના સંગ્રહ અને ઉપયોગ, ફાયર સેફ્ટી તથા પર્યાવરણીય નિયમોનું પાલન થાય છે કે નહીં તેની નિયમિત તપાસ થવી જરૂરી છે.

આઈસ પ્લાન્ટમાં વપરાતા એમોનિયા ગેસનું લીકેજ થાય તો કામદારો અને આસપાસના રહેવાસીઓ માટે જોખમ ઊભું થઈ શકે છે. તેથી ગેસ લીકેજની ચેતવણી વ્યવસ્થા, સલામતીનાં સાધનો, જરૂરી મંજૂરીઓ અને કટોકટી વ્યવસ્થાની તપાસ જરૂરી છે. લાગુ પડતા નિયમો મુજબ ફાયર એનઓસી, અગ્નિશામક સાધનો, ઈમરજન્સી એક્ઝિટ અને કામદારોને સુરક્ષા તાલીમ આપવામાં આવે છે કે નહીં તેની તપાસ થવી જોઈએ.

આઈસ પ્લાન્ટમાં વીજળી મહત્ત્વપૂર્ણ અને જોખમી પાસું છે. કારખાનાઓમાં નિયમ મુજબ લાયકાતપ્રાપ્ત વાયરમેન અને ઇલેક્ટ્રિકલ સુપરવાઇઝરની વ્યવસ્થા છે કે નહીં તથા વીજ વપરાશનાં રીડિંગ નિયમિત લેવાય છે કે નહીં તેની ચકાસણી જરૂરી છે. વીજ સુરક્ષાનાં નિયમોનું પાલન અકસ્માત નિવારવામાં મદદરૂપ બની શકે છે.

કામદારોની નોંધણી, રોજગાર સંબંધિત દસ્તાવેજો અને શ્રમ કાયદાઓનું પાલન થાય છે કે નહીં તે તપાસવું જોઈએ. સાથે જ બાળમજૂરી પ્રતિબંધિત હોય તેવી પરિસ્થિતિઓમાં સગીરો પાસે કામ લેવામાં આવતું નથી તેની ખાતરી કરવી જરૂરી છે.

બરફના ઉત્પાદન સાથે સંકળાયેલી પ્રક્રિયામાં ખારા પાણીનો ઉપયોગ થતો હોય તેવા એકમોમાં તેના નિકાલની યોગ્ય વ્યવસ્થા હોવી જોઈએ. નિયમ વિરુદ્ધ નિકાલ થતો હોવાની ફરિયાદ હોય તો ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (GPCB) દ્વારા તપાસ અને જરૂરી કાર્યવાહી થવી જોઈએ. આઈસ પ્લાન્ટની નજીક રહેણાંક વિસ્તારો હોય તો ગેસ લીકેજ કે ઔદ્યોગિક અકસ્માતનાં જોખમને અવગણી શકાય નહીં. જિલ્લા વહીવટીતંત્ર, ફાયર વિભાગ, ઔદ્યોગિક સલામતી તંત્ર, શ્રમ વિભાગ અને ખ્મ્એ પોતાની સત્તા મુજબ સંકલિત તપાસ કરવી જોઈએ.

હવે સવાલ એ છે કે દ્વારકા તાલુકાના આઈસ પ્લાન્ટમાં જરૂરી મંજૂરીઓ, સલામતીનાં સાધનો, કામદારોના રેકોર્ડ અને ખારા પાણીના નિકાલની વ્યવસ્થાની નિયમિત તપાસ થાય છે ખરી? અકસ્માત સર્જાયા બાદ કાર્યવાહી કરવા કરતાં આગોતરાં પગલાં ભરવા વધુ જરૂરી છે. તેવી માંગ ઉઠી છે.

વાસજાળીયા ગામે જુગાર રમતા બે શખ્સની અટકાયત કરવામાં આવી

જામનગર : જામજોધપુર તાબા હેઠળના વાંસજાળીયા ગામમાં જુગાર રમતા બે શખ્સની સ્થાનિક પોલીસે અટકાયત કરી સ્થળપરથી રૂ. ૧૦ હજાર ઉપરાંતની રોકડ રકમ કબ્જે લઈ જુગારધારા ૧૨ મુજબ ગુન્હો નોંધ્યો હતો

પ્રાપ્ત માહિતી અનુસાર જામજોધપુર તાલુકાના વાંસજાળીયા ગામમાં જાહેરમાં ગંજીપાના પાના વડે તીનપતી નામનો જુગાર રમતા ઉમેશભાઈ ખીમજીભાઈ કદાવલા, નટવરભાઈ મૂળજીભાઈ સવસાણી નામના બે શખ્સની સ્થાનિક પોલીસે દરોડા દરમિયાન અટકાયત કરી રૂ. ૧૦૯૨૦ ની રોકડ રકમ કબ્જે લઈ ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.

જામનગરના મુખ્ય જિલ્લા સરકારી વકીલ સહિત પાંચ સરકારી વકીલો વયનિવૃત્ત

જિલ્લા સરકારી વકીલ તરીકેનો વધારાનો હવાલો ધર્મેન્દ્રભાઈ જીવરાજાણીને સોંપાયો

જામનગર : જામનગરની ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ કોર્ટમાં સરકારી પક્ષે વિવિધ ફોજદારી અને દીવાની કેસોમાં રજૂઆત કરતા મુખ્ય જિલ્લા સરકારી વકીલ જમનભાઈ ભંડેરી સહિત પાંચ સરકારી વકીલો વયમર્યાદા પૂર્ણ થતાં નિવૃત્ત થયા છે. રાજ્ય સરકારના નિયત ધારાધોરણો અનુસાર આ વહીવટી ફેરફાર કરવામાં આવ્યો છે.

વયનિવૃત્ત થયેલા સરકારી વકીલોમાં મુખ્ય જિલ્લા સરકારી વકીલ જમનભાઈ ભંડેરી ઉપરાંત હેમેન્દ્રભાઈ મહેતા, હિતેશભાઈ સવજાણી, મુકેશભાઈ જાની અને મહિલા સરકારી વકીલ ભારતીબેન વાદીનો સમાવેશ થાય છે. આ તમામે જામનગર અદાલતમાં સરકારી પક્ષે વિવિધ કેસોમાં કાયદાકીય રજૂઆતો કરી સેવાઓ આપી હતી. દરમિયાન, અદાલતમાં સરકારી પક્ષને લગતી દૈનિક કાર્યવાહી અને કેસોના સંચાલનમાં વિક્ષેપ ન પડે તે માટે જિલ્લા સરકારી વકીલ તરીકેનો વધારાનો હવાલો ધારાશાસ્ત્રી ધર્મેન્દ્રભાઈ જીવરાજાણીને સોંપવામાં આવ્યો છે. આ અંગેની માહિતી નિવૃત્ત થયેલા મુખ્ય જિલ્લા સરકારી વકીલ જમનભાઈ ભંડેરી દ્વારા આપવામાં આવી હતી.

જામનગરમાં નસેડી હાલતમાં પતિએ તોફાન મચાવતા પત્નીએ બોલાવી પોલીસ

જામનગર : જામનગર શહેરના જકાતનાકા પાસે સોહમનગર વિસ્તારમાં રહેતા એક યુવાને દારૂ પીધેલ હાલતમાં તોફાન મચાવતા પત્નીએ પોલીસ બોલાવતા ઘટનાસ્થળે આવી નશાબજ પતિની ધરપકડ કરી પોલીસ મથકે લઈ ગઈ હતી.

પ્રાપ્ત વિગત મુજબ શહેરના જકાતનાકા પાસે સોહમનગર વિસ્તારમાં શેરી નંબર ૩માં રહેતા અશોક ગોરધનભાઈ રાઠોડ નામનો ૩૪ વર્ષીય યુવાન દારૂ પી કરતો હતો. આથી તેની પત્ની આરતીબેન અશોકભાઈ રાઠોડે ૧૧૨ નંબરમાં ફોન કરી પોલીસને જાણ કરી હતી. જેથી પોલીસ ઘટનાસ્થળે આવી પહોંચી હતી. જ્યાં દારૂ પીધેલ હાલતમાં અશોકભાઈ રાઠોડ મળી આવતા પોલીસે તેની અટકાયત કરીસીટી-સી ડિવિઝન પોલીસ મથકે લઈ જઈ તેની સામે પ્રોહિબિશન એક્ટની કલમ ૬૬(૧)(બી) અને ૮૫ મુજબ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

દ્વારકાધીશના મુખ્ય પટ્ટરાણી રુકિમણીજી મંદિરે અન્નકૂટ મનોરથ

દ્વારકા : દ્વારકાધીશના મુખ્ય પટ્ટરાણી રાજરાજેશ્વરી રુકિમણી માતાજી મંદિરે પૂર્ણિમા નિમિત્તે સાંજે શરદપૂર્ણિમા નિમિત્તે ભવ્ય અન્નકૂટ મનોરથ યોજાયો હતો. રુકિમણી માતાજી મંદિરે સાંજે ૬ થી ૯ વાગ્યા સુધી યોજાયેલ અન્નકૂટ મનોરથનો બહોળી સંખ્યામાં સ્થાનીય તેમજ બહારગામથી પધારેલ ભાવિકોએ લાભ લીધો હતો.



પશ્ચિમ રેલવે – રાજકોટ ડિવિઝન

ટોઈલેટ્સમાં વેન્ટિલેશનની સુધારણા, વિવિધ સ્ટેશનો ખાતે ઈમરજન્સી લાઈટીંગ વ્યવસ્થા અને ફ્લોર વ્હીલ લેથ હેઠળ CNC ની જોગવાઈ

ટેન્ડર નોટીસ નં. ડીઆરએમ/આરજેટી/ઈ-ટેન્ડર/૨૦૨૬-૨૦૨૭/૪૭, ૪૮ અને ૪૯ (ઈએલ) તારીખ : ૨૪/૧૦/૨૦૨૬

અનું. નં.	ઈ-ટેન્ડર નં.	કામનું નામ	અંદાજીત પડતર	ઈએમડી પડતર
૦૧	ડીઆરએમ-આરજેટી ઈએલ-૨૦૨૬-૨૦૨૭/૪૭	રાજકોટ ડિવિઝન :- રાજકોટ ડિવિઝનના વિવિધ સ્ટેશનો ખાતે ટોઈલેટ્સમાં વેન્ટિલેશનની સુધારણા કરવાનું કામ. ઓનલાઈન અરજી કરવાની તારીખ અને સમયઃ તા.૧૬-૧૧-૨૦૨૬ ના ૧૫:૦૦ કલાક સુધી	૯,૪૧,૩૨૬.૨૦/-	૧૮,૮૦૦/-
૦૨	ડીઆરએમ-આરજેટી ઈએલ-૨૦૨૬-૨૦૨૭/૪૮	રાજકોટ ડિવિઝન :- રાજકોટ ડિવિઝનના વિવિધ સ્ટેશનો ખાતે ઈમરજન્સી લાઈટીંગ વ્યવસ્થાની જોગવાઈ કરવાનું કામ. ઓનલાઈન અરજી કરવાની તારીખ અને સમયઃ તા.૧૬-૧૧-૨૦૨૬ ના ૧૫:૦૦ કલાક સુધી	૧૩,૯૮,૬૭૩.૭૩/-	૨૮,૦૦૦/-
૦૩	ડીઆરએમ-આરજેટી ઈએલ-૨૦૨૬-૨૦૨૭/૪૯	રાજકોટ ડિવિઝન :- ઓખા કોચિંગ ડેપો માટે ફ્લોર વ્હીલ લેથ હેઠળ CNC ની જોગવાઈ કરવાનું કામ. ઓનલાઈન અરજી કરવાની તારીખ અને સમયઃ તા.૨૪-૧૧-૨૦૨૬ ના ૧૫:૦૦ કલાક સુધી	૬૮,૧૦,૦૬૩.૪૦/-	૧,૩૬,૨૦૦/-

ઓફિસનું સરનામું : ડિવિઝનલ રેલવે મેનેજર (ઈલેક્ટ્રિકલ), પશ્ચિમ રેલવે, કોઠી કમ્પાઉન્ડ, રાજકોટ-૩૬૦૦૦૧. વેબસાઈટ વિગત : www.ireps.gov.in RJT-175

આમનો સાથ કરો: facebook.com/WesternRly • આમનો ફોલો કરો: x.com/WesternRly

જાહેર નિવિદા ૬ થી ૧૨/૨૦૨૬-૨૭ (૫૧૪)

જામનગર વન વિભાગમાં ફેરેસ્ટ્રી વર્ક તથા પોલીથીન બેગ્સ ખરીદી માટે પાર્ટી/એજન્સી સુચિબધ્ધ કરવા અંગેનું ટેન્ડર

આથી જામનગર વન વિભાગના કાર્યક્ષેત્ર હેઠળના જામનગર તથા દેવભૂમી દ્વારકા જિલ્લાની રેન્જો હેઠળ ફોરેસ્ટ્રી વર્ક તથા પોલીથીન બેગ્સ ખરીદીની કામગીરીમાં રસ ધરાવનાર ઈજારદાર/ઈસમોને જણાવવાનું કે સને ૨૦૨૬-૨૭ ના વર્ષ માટે એજન્સીને સુચીબધ્ધ કરવાની થાય છે. તે અંગેના ટેન્ડર ફોર્મ, ટેન્ડરની શરતો તેમજ ટેન્ડર ભરવા અંગેની અન્ય સુચનાઓ તથા માહિતી https://tender. nprocure.com વેબ સાઈટ ઉપર મુકવામાં આવેલ છે. તેમજ વધારે માહીતી માટે અત્રેની કચેરીના લેન્ડ લાઈન નં.૦૨૮૮-૨૫૫૩૦૨૬ ઉપર સંપર્ક કરી શકો.

અ.નં.	રેન્જ	કામગીરીની વિગત	ટેન્ડર આઈ.ડી. નંબર
૧	જામનગર	જામનગર વન વિભાગ હેઠળ ફોરેસ્ટ્રી વર્ક	૩૫૮૫૭૨
૨	લાલપુર		૩૫૮૬૪૮
૩	ધ્રોલ		૩૫૮૬૪૭
૪	જામજોધપુર		૩૫૮૬૬૦
૫	RFW કલ્યાણપુર		૩૫૮૬૫૫
૬	દ્વારકા		૩૫૮૬૫૧
૭	જામનગર વન વિભાગ	પોલીથીન બેગ્સ ખરીદી	૩૫૮૬૬૭

ટેન્ડર સ્વીકારવાનું સરનામુ : નાયબ વન સંરક્ષકશ્રીની કચેરી, જામનગર વન વિભાગ જામનગર,વનસંકુલ, ઈન્દીરા માર્ગ,જામનગર

તારી

સૌરાષ્ટ્ર આસપાસ

યુરોપમાં આંદોલનની આગ

યુરોપના પાંચ દેશોમાં છેલ્લા કેટલાક સમયથી જે વિરોધ પ્રદર્શનો જોવા મળી રહ્યા છે તે માત્ર સ્થાનિક અસંતોષની અભિવ્યક્તિ નથી, પરંતુ સમગ્ર યુરોપીયન સામાજિક-આર્થિક માળખાની ઊંડી સમસ્યાઓનું પ્રતિબિંબ છે. ફ્રાન્સ, ઇટાલી, સ્પેન, પોર્ટુગલ અને આલ્બેનિયામાં એક જ સમયે થયેલા આ ઉગ્ર દેખાવો દર્શાવે છે કે સામાન્ય નાગરિકની અસંતોષની આગ હવે સીમાઓ ઓળંગી ગઈ છે. મોંઘવારી, આવાસની વિકટ સમસ્યા, શિક્ષણની ગુણવત્તા અને ભ્રષ્ટાચાર જેવા મુદ્દાઓએ લોકોને રસ્તા પર ઉતાર્યા છે, અને આ વિરોધોનું સ્વરૂપ ઘણી જગ્યાએ હિંસક બની ગયું છે.

ફ્રાન્સમાં સતત બીજા અઠવાડિયે યોજાયેલા પ્રદર્શનોમાં સ્થિતિ વણસી હતી. દેશના બાર શહેરોમાં લૂંટફાટ અને પોલીસ સાથે ઘર્ષણની ઘટનાઓ નોંધાઈ હતી. ગૃહ મંત્રાલયના આંકડા અનુસાર ૧,૩૧૪ લોકોની ધરપકડ કરવામાં આવી હતી અને ૫૩ પોલીસકર્મીઓ ઘાયલ થયા હતા. સત્તાવાર માહિતી મુજબ દેશભરમાં ૭૫ જગ્યાએ આગજનીની ઘટનાઓ બની હતી અને ૨૪ દુકાનોમાં લૂંટફાટ થઈ હતી. આશ્ચર્યજનક વાત એ છે કે ફ્રાન્સમાં આ વખતે આશરે આઠ લાખ લોકો રસ્તા પર ઊતર્યા હતા, જે દર્શાવે છે કે અસંતોષ કેટલો ઊંડો છે. પરિસ્થિતિને કાબૂમાં લેવા માટે સત્તાવાળાઓએ સિત્તેર હજાર પોલીસકર્મીઓને તૈનાત કરવા પડ્યા હતા, જે પોતે જ સંકટની ગંભીરતા દર્શાવે છે.આલ્બેનિયામાં પણ વિરોધી પ્રદર્શનો હિંસક સ્વરૂપ ધારણ કરી ગયા હતા. તિરાનામાં સરકાર વિરોધી પ્રદર્શનો દરમિયાન ૩૭૧ લોકોને કસ્ટડીમાં લેવામાં આવ્યા હતા. ઇટાલીના આઠ શહેરોમાં પોલીસ સાથે દેખાવકારોની ઘર્ષણની ઘટનાઓ બની હતી. સ્પેનમાં લોકોએ પેન્શનમાં વધારો કરવાની અને ખાનગીકરણની પ્રક્રિયા અટકાવવાની માંગ સાથે રસ્તા પર ઉતરાણ કર્યું હતું. પોર્ટુગલમાં વધતી આવાસની કિંમતોથી નારાજ નાગરિકો ઉગ્ર પ્રદર્શનમાં જોડાયા હતા. આમ, દરેક દેશમાં અસંતોષનું કારણ ભલે અલગ હોય, પરંતુ મૂળભૂત ચિંતા એક જ છે લ સામાન્ય માણસની આર્થિક સુરક્ષા અને સામાજિક ન્યાય પર ઊઠેલો પ્રશ્ન.

યુરોપમાં વિરોધનું સૌથી મોટું કારણ આવક સામે વધતો ખર્ચ છે. યુરોસ્ટેટના આંકડા દર્શાવે છે કે યુરોપીયન દેશોમાં મોંઘવારી સતત વધી રહી છે. એપ્રિલથી જૂન દરમિયાન યુરોપમાં મકાનોના ભાવમાં ૪.૭ ટકા અને ભાડામાં ૩ ટકાનો વધારો નોંધાયો છે. પોર્ટુગલમાં તો મકાનોની કિંમતોમાં ૧૬ ટકાનો ભયાનક વધારો થયો છે, જે ત્યાંના સામાન્ય નાગરિક માટે પોતાનું ઘર ખરીદવું લગભગ અશક્ય બનાવી દે છે. ફ્રાન્સમાં શાળાઓની ખરાબ સ્થિતિ અને સ્પેનમાં પેન્શનની અનિશ્ચિતતા જેવા મુદ્દાઓએ લોકોની નારાજગીને આંદોલનનું સ્વરૂપ આપી દીધું છે. આ બધું દર્શાવે છે કે કલ્યાણ રાજ્યની જે વ્યવસ્થા યુરોપની ઓળખ હતી, તે ધીમે ધીમે ક્ષીણ થઈ રહી છે અને નાગરિકો તેનો સીધો ભોગ બની રહ્યા છે.આ ઘટનાક્રમને આંતરરાષ્ટ્રીય રાજકારણ સાથે જોડીને જોવાનો પ્રયાસ પણ થયો છે. અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ફ્રાન્સમાં થયેલી હિંસા માટે તેની ઇમિગ્રેશન નીતિને જવાબદાર ઠેરવી હતી. તેમણે આરોપ લગાવ્યો કે ફ્રાન્સે એવા લોકોને દેશમાં આવવા દીધા જેઓ તેના પ્રત્યે તિરસ્કાર ધરાવે છે. આ પહેલાં ફ્રાન્સના રાષ્ટ્રપતિ એમેન્યુએલ મેક્રોને વિદેશી નેતાઓ પર અશાંતિનો રાજકીય ફાયદો ઉઠાવવાનો આરોપ લગાવ્યો હતો અને કહ્યું હતું કે ખોટી માહિતી ફેલાવવામાં આવી રહી છે.

લૂંટારો : ડાયા ગાંડા

સમાજમાં ગરીબ - અમીરના ભેદને સહન નહીં કરનારો એક માણસ અમીરોને લૂંટીને ભૂખ્યા જનોનો જઠરાગ્નિ ઠારવા મથે છે, ત્યારે કાયદાની રૂએ તેની ધરપકડ થયા પછી જેલમાં વર્ષો વિતાવીને ફરાર થઈ ભિખારીના વેશે રખડતો ભટકતો પોતાના ગામમાં આવી ચડે છે.







પોલીસે કાગળિયા કર્યા : "લૂટ કરનારનું નામ...ડાયાભાઈ ગાંડાભાઈ." એણે તો પોતાનું આખું નામ લખાવ્યું. આખા પરગણામાં તે નામચીન ડાયા ગાંડા તરીકે ઓળખાતો હતો. પોલીસ એને હાથકડી નાંખીને લઈ જતી હતી ત્યારે જતાં જતાં એણે ગામના સરપંચને કહ્યું: "ભાઈ, તમે ગામના ગરીબ - રાંક ખોરડાંનું ધ્યાન રાખજો. માલેતુજાર - બેનંબરી પૈસાવાળાને ત્યાં ધાડ પાડીને મેં આજ લગણ આપણા ગામમાં જેની તાવડી ટેકો લઈ જાતી એને રોટલા દીધાં છે. આજથી તમે જ એ લોકોના મા-બાપ, મને તો આ કાયદો છોડશે નહીં. ફાંસી થશે કે જેલ થશે તોય, ક્યારે પાછો આવીશ એ નક્કી નહીં. " તે એકાદ પળ રોકાઈને બોલ્યો : "અને હા, ભાઈ ! આજથી મારી મજિયારીમાંથી મારો ભાગ જતો કરું છું. તમે તેમાંથી ગરીબ ગુદરાને પંડયના છોકરાની જેમ સાચવજો, કહેતાં કહેતાં એના બેય હાથ સરપંચ સામે જોડી દીધાં.

પછી પોલીસ એને પકડી ગઈ. એને ગામેય ભૂલી ગયું. અને ભૂલી જ જાય ને...! પોલીસે એને પકડીને જેલની કોટડીમાં પૂરી દીધો. વકીલ કહેતો હતો કે તેને જનમટીપ પડશે..કારણ કે તેણે જેને જેને ત્યાં લૂંટ ચલાવી એના પાક્કા પૂરાવા છે અને એ બધાં માલેતુજાર પૈસાના બળે એને છૂટવા દેશે નહીં. આમને આમ એનો કેસ લાંબો ચાલતો રહ્યો. કાચા કામના કેદી તરીકે જ વર્ષો નીકળી ગયાં પછી પાકી જેલ...

કુદરતને કરવું ને એને એક વખત મોકો મળી ગયો અને એ જેલમાંથી ભાગ્યો.. ને એ એવા શુકનનો ભાગ્યો કે આજ સુધી ભાગતો જ રહ્યો હતો. મોઢું સંતાડીને સમાજ અને કાયદાથી ભાગતા ભાગતા હવે ભોમકા ટૂંકી પડતી લાગી હતી. જિંદગીએ ભગાવી ભગાવીને એને હવે ગામની માયા મૂકાવી દીધી હતી. હવે જિંદગીના ઓરતાં રહ્યાં ન હતાં. પણ એક લાલસા એના જીવને બાંધી રાખતી હતી. મરતા પહેલાં એકવાર ગામમાં કોઈ ગરીબ, બે ટંક રોટલા વિનાનો ન રહે. આ લાલસા એને જંપવા નહોતી દેતી એટલે તે ગામમાં રાત ઓઢીને આવ્યો હતો.ગામોગામ રખડી દોડીને થાકી ગયેલો તે ભટકી ભટકીને તંગ આવી ગયો હતો. રઝળપાટના થાકથી આખું ય શરીર ધખધખતું હતું. ત્યારે ગામના સીમાડે નદીના કોતરોમાં અવાવરું રહેતાં હનુમાનના મંદિરની ઓથે તે ઉંઘી ગયો હત. એનું શરીર ઠંડીથી ધ્રૂજતું હતું. ગામને પાદરેથી પસાર થતાં મજૂરોની ટોળકીના એકે પોતાના માથેથી ફાળિયું ઉતારીને એને ઓઢાડી દીધું. દેહ પીડાથી કાંપતા આ માંદા માણસની ચાકરી કરવા મજૂરોની ટોળકી ત્યાં મંદિરે રોકાઈ ગઈ. ગામલોકો તેને માંદો ભિખારી માનીને વિવેક કરી જમાડી જતાં. દેશી ઓસડિયા સાથે કડવા વખ મામેજવાનો રસ પાઈને ગામના એક વૃદ્ધે તેને અઠવાડિયે બેઠો કર્યો. જીવ ખોઈ બેઠાના આરે આવી ગયેલાં આ મનેખે કહ્યું : બાપા ! હવે જીવતરમાં રસ પડતો નથી, ઉપરવાળો દોરી ખેંચી લે તો સારું, હવે જેટલું આયખું ટકે ત્યાં લગણ ટક છાંડી જનારાને રોટલાની સેવા કરવી છે અને બસ ભગવાનનું નામ લેવાની મરજી છે.

અલપ ઝલપ -ડો. મનહર ઠાકર

સાંજ ઢળી અને દિ' આથમી ગ્યો. તે મંદિરનો પડથાર ઉતરીને ગામ ભણી ચાલતો થયો. ભિખારીનો વેશ તો કાયદાથી બચવા પહેરવો પડ્યો હતો. ભીતરમાં ગરીબ લોકોનો જઠરાગ્નિ ઠારવાના હજુ અભરખા છે. એને ક્યાં ભિખારી બનવું હતું ! કાયદાની જેલથી બચવા એણે ભિખારીના વેશની જેલ સ્વીકારી લીધી હતી એટલું જ...!

ચાલતા ચાલતા તેને ગામના ભૂખ્યા ગરીબો ફરી યાદ આવ્યા. જુવાન હતો ત્યારે અહીં જ આ જ રસ્તે ખેપ મારીને એ સૌને રોટલા ભેળાં કરતો, પણ હવે તો એ બધા લગભગ વીસ વરસે બે પાંદડે થઈ ગયા હશે. કારણ કે સરપંચ પ્રેમાળ મનેખ છે.

ગામના ઝાંપે આવીને એ બેસી ગયો. ગામનાં કૂતરાંએ તેની સામે ભસવા માંડ્યું. ગામઝાંપેથી ગામમાં નીકળેલી બજારે રમતાં છોકરાઓએ ગોકીરો કર્યો. આ શોરબકોર સાંભળીને બેચાર વડીલો બજારે ચડ્યા. ગામઝાંપા ભણી મોઢાં રાખીને ભસતાં કૂતરાંનો અણસાર પામીને વડીલો હાથમાં ધોકા લઈને ભિખારી સુધી પહોંચી ગયા.

એક અનુભવી માણસ પારખું ડોસાએ તેને ઓળખી પાડ્યો, ' લે, આ તો ડાયા ગાંડા.. ! '

વડીલ સરપંચે તેને બાવડે ઝાલીને ઊભો કર્યો ને કહ્યું, ' ગરીબનો બેલી જેલમાંથી છૂટી ગ્યો.'

ત્રીજા વડીલે તેના વાંસામાં હાથ ફેરવતા કહ્યું, ' જેલ ઈ જેલ ! એક ફાટલ ને જુવાનજોધ માણસને ભિખારી બનાવીને કાઢી મેલ્યો !!!'

ભણતર પામેલા એક સાવ વૃદ્ધ ડોસા બોલ્યા, ' મને એ જ સમજાતું નથી કે આવું શાને થાય છે ! દેવડિયે દંડાય છે ચોર મુઠ્ઠી જારના, ને લાખો ખાંડી લૂંટનારા મહેફિલે મંડાય છે... !

ચોથા વડીલે કહ્યું, ' છે ગરીબોના કૂબામાં તેલનું ટીપુંય દોહ્યલું ને અમીરોની કબર પર ઘીના દીવા થાય છે...!ડાયા ગાંડા બોલ્યો, ' આ જ કારણે મેં બહારવટું ખેડ્યું હતું. અમીર અને ગરીબ વચ્ચેનો ભેદભાવ હું સહન કરી શકતો નથી. ગરીબોના જઠરાગ્નિને સંતોષાશે નહીં ત્યાં સુધી અમીરો શાંતિથી જીવી શકશે નહીં. મારી આ લાગણી છે.'

સુખી થવાનો રાજમાર્ગ- આત્મચિંતન

વિશેષ

દુનિયાની સૌથી મોટી તિજોરી ભરાઈ જાય તો પણ માણસની ઈચ્છાઓની તરસ ક્યારેય છીપાતી નથી. આપણે એક એવા યુગમાં જીવી રહ્યા છીએ જ્યાં જરૂરિયાતો ઓછી અને દેખાડો વધારે છે. હાથમાં નવો ફોન આવે એટલે બીજા જ મહિને તેનાથી મોંઘા મોડેલની લાલચ જાગે છે, નાનું ઘર મોટું થાય એટલે બંગલાના સપનાં ઊંઘ હરામ કરી દે છે. સુખ-સુવિધાના અઢળક સાધનો વચ્ચે પણ માણસનો ચહેરો તણાવગ્રસ્ત કેમ રહે છે? જવાબ સ્પષ્ટ છે કે, આપણે 'સગવડ' ખરીદી શક્યા, પણ અંતરનો 'સંતોષ' ખોઈ બેઠા છીએ.

શાસ્ત્રો અને અનભવી સંતો હંમેશાં કહેતા આવ્યા છે કે, દુનિયામાં સંતોષથી મોટો કોઈ વૈભવ નથી. અસંતોષ એ ખારા પાણી જેવો છે. માણસ જેટલું પીવે તેટલી તેની તરસ વધી જાય છે. જ્યારે મનમાં સંતોષનો ભાવ જાગે છે, ત્યારે કરોડોની સંપત્તિ પણ ધૂળ સમાન લાગે છે અને સૂકો રોટલો પણ અમૃત જેવો મીઠો લાગે છે.

ઈતિહાસનો એક સુપ્રસિદ્ધ પ્રસંગ છે. અડધી દુનિયા જીતીને નીકળેલો વિશ્વવિજેતા સિકંદર જ્યારે ગ્રીસના જાણીતા સંત ડાયોજિનીસને મળવા ગયા, ત્યારે ડાયોજિનીસ નદી કિનારે રેતી પર આરામથી સૂર્યસ્નાન કરી રહ્યા હતા. સિકંદરે પોતાના રાજવી રુઆબ સાથે કહ્યું, હું સમ્રાટ સિકંદર છું. તમારી ખુમારી જોઈને હું ખૂબ પ્રસન્ન થયો છું. બોલો, તમારે શું જોઈએ છે? હું તમને આખી દુનિયાની સંપત્તિ આપી શકું છું.

ડાયોજિનીસે સહજતાથી આંખો ખોલી અને કહ્યું, જો તું ખરેખર મારું સારું ઈચ્છતો હોય, તો કૃપા કરીને થોડો બાજુ પર ખસી જા. તારા ઉભા રહેવાથી મારા શરીર પર આવતો સવારનો મીઠો તડકો રોકાઈ રહ્યો છે. મારે તારા સામ્રાજ્યમાંથી બીજું કશું જ નથી જોઈતું.

આ સાંભળીને સિકંદર સ્તબ્ધ થઈ ગયો. આખી પૃથ્વી જીતવા નીકળેલો સમ્રાટ એક લંગોટધારી ફકીર સામે સાવ નાનો અને કંગાળ સાબિત થયો. જેની પાસે આંતરિક સંતોષ છે, તેને સમ્રાટોના સામ્રાજય પણ આકર્ષી શકતા નથી.

આપણા પુરાણોમાં સુદામાનું ચરિત્ર સંતોષનું ઉત્કૃષ્ટ ઉદાહરણ છે. ઘરમાં અન્નનો દાણો નહોતો, ફાટેલાં વસ્ત્રો હતાં, છતાં સુદામાના મુખ પર ક્યારેય કોઈ ફરિયાદ નહોતી. પત્નીના આગ્રહથી જ્યારે તેઓ દ્વારિકાધીશ શ્રીકૃષ્ણ ભગવાનને મળવા ગયા, ત્યારે ભેટ આપવા માટે તેમની પાસે માત્ર ત્રણ મુઠ્ઠી પૌંઆ (તાંદુલ) હતા.

સુદામાએ દ્વારિકાના વૈભવ વચ્ચે પણ પોતાના મિત્ર કૃષ્ણ પાસે ક્યારેય ધન, સોનું કે મહેલની માંગણી ન કરી. તેઓ જે હાલતમાં હતા તેમાં ઈશ્વરનો આભાર માનતા રહ્યા. આ નિઃસ્વાર્થ સંતોષ જોઈને ભગવાન શ્રીકૃષ્ણ એટલા પ્રસન્ન થયા કે માંગ્યા વિના જ સુદામાને ત્રણેય લોકનો વૈભવ અર્પણ કરી દીધો. સંતોષી માણસ ક્યારેય કોઈની સામે હાથ લંબાવતો નથી, અને પરમાત્મા તેને ક્યારેય કોઈ વાતની ખોટ પડવા દેતા નથી.

ભારતના પૂર્વ રાષ્ટ્રપતિ ડો.એ.પી.જે. અબ્દુલ કલામ આ દેશના સર્વોચ્ચ પદ પર રહ્યા, છતાં તેમની જીવનશૈલી ફકીર જેવી નિર્મળ રહી. રાષ્ટ્રપતિ ભવનમાં પાંચ વર્ષ વિતાવ્યા પછી જ્યારે તેઓ વિદાય લઈ રહ્યા હતા, ત્યારે તેમની પાસે માત્ર બે સુટકેસ, થોડાં પુસ્તકો અને એક વીણા હતી.તેમણે ક્યારેય સરકારી સગવડોનો દુરુપયોગ પોતાના પરિવાર માટે ન કર્યો. તેઓ હંમેશાં કહેતા કે સાચી શાંતિ બહારની ચમકદમકમાં નહીં પણ પવિત્ર મન અને સંતોષી હૃદયમાં રહેલી છે. કલામ સાહેબે સાબિત કર્યું કે પદ કે પ્રતિષ્ઠા નહીં, પણ માણસનો આંતરિક સંતોષ જ તેને યુગો સુધી અમર બનાવે છે.

હા, આજે પૈસાની જરુર છે. પરંતુ તેની પ્રધાનતા થઈ જાય તો દુઃખી કરશે. સોશિયલ મીડિયા પર બીજાના વૈભવને જોઈને પોતાના જીવનની તુલના ન કરો. દરેક વ્યક્તિની યાત્રા અલગ છે. કોઈ પણ નવી વસ્તુ ખરીદતા પહેલાં જાતને પૂછો કે, આ મારા જીવન માટે જરૂરી છે કે માત્ર બીજાને બતાવવા માટે છે?

જીવનમાં અઢળક સંપત્તિ હોય પણ જો મનમાં શાંતિ ન હોય તો બધું નકામું છે. સંતોષ એ કોઈ લાચારી નથી, પણ પૂર્ણતાનો અહેસાસ છે. જે વ્યક્તિ પોતાની પાસે જે છે તેમાં આનંદ માનતા શીખી જાય છે, તેને આખી દુનિયાનું કોઈ દુઃખ ડગાવી શકતું નથી.

સૌરાષ્ટ્ર કચ્છની લુપ્ત થતી વનસ્પતિનો પ્રશ્ન ગંભીર બનતો જાય છે

આસપાસ ચોપાસ સુરેશ ભટ્ટ

એવી અનેક વનસ્પતિ છે જ્યાંથી ૫૦ કે ૧૦૦ વર્ષ પહેલા વગડામાં આડેધડ જોવા મળતી હતી તે હવે ભાગ્યે જ જોવા મળે છે આવી વનસ્પતિમાં હાથલો છોડ જુનાગઢ રાજકોટ જિલ્લામાં છે પરંતુ ભાવનગર પંથકમાં આ વનસ્પતિ નષ્ટ થવાને આરે છે. સિહોર શહેરના ડુંગરમાં એક સમયે ગૂગળના છોડ મોટા પ્રમાણમાં હતા આજે આ વનસ્પતિ સંપૂર્ણ નષ્ટ થઈ ચૂકી છે આ એક ગંભીર પ્રશ્ન છે. આ છોડ લાવીને શિહોરના ડુંગર પંથકમાં ખોડીયાર માતાના મંદિર રાજપરા ના ફોરેસ્ટ ની જમીન પર તથા વિક્ટોરિયા પાર્કમાં આ છોડનું વાવેતર કરી તેનું જતન કરવું જરૂરી છે નહીં તો ઉપયોગી વનસ્પતિ કાયમ માટે નષ્ટ થઈ જશે

એક સમયે જે પ્રકારની વનસ્પતિ સૌરાષ્ટ્ર કચ્છમાં હતી તેમાંથી મોટાભાગની ધીમે ધીમે નષ્ટ થઈ રહી છે. આ એક પર્યાવરણનો ગંભીર પ્રશ્ન છે. આ માટે ભાવનગરથી માંડી કચ્છ સુધીમાં આ મહત્વની વનસ્પતિને બચાવવા માટે પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

સૌરાષ્ટ્ર કચ્છની લુપ્ત થતી વનસ્પતિઓ માત્ર કુદરતની કેટલીક દુર્લભ પ્રજાતિઓ નથી, પરંતુ તે આખા પર્યાવરણનો આધાર છે. જ્યારે મીઠો ગૂગળ, ફોગવેલ કે સનીપાત જેવી વનસ્પતિ નામશેષ થાય છે, ત્યારે તેની સાથે જ પરાગ સંચય કરતી જીવસૃષ્ટિ, જમીનની ઉર્જા, પાણીનું સંતુલન અને માનવ સમાજની પરંપરાગત ઔષધીય જાણકારી પણ ધીમે ધીમે ખોવાય છે. કચ્છના રણ, બન્નીનાં ઘાસનાં મેદાનો, દરિયાકાંઠા, ડુંગરાળ વિસ્તારો અને ખારી જમીનોમાં વિકસેલી મૂળ વનસ્પતિઓ ત્યાંની કઠોર આબોહવામાં ટકી રહેવાની કુદરતી ક્ષમતા ધરાવે છે. તેથી તેમનો નાશ માત્ર સ્થાનિક નુકસાન નથી, પરંતુ સમગ્ર જૈવવિવિધતા અને આબોહવા પરિવર્તન સામેના કુદરતી રક્ષણ માટે ગંભીર ચેતવણી છે.કચ્છ ભારતનો એક અનોખો ભૂપ્રદેશ છે, જ્યાં વિશાળ રણ, દરિયો, ડુંગર, ખારી જમીન, ઘાસનાં મેદાનો અને શુષ્ક પ્રદેશ એક સાથે જોવા મળે છે. લાખો વર્ષોનાં ભૂસ્તરીય પરિવર્તન, ઓછો અને અનિયમિત વરસાદ, તીવ્ર ગરમી, ક્ષારયુક્ત માટી તથા દરિયાકાંઠાના પ્રભાવને કારણે અહીં એવી વનસ્પતિઓ વિકસી છે, જે અન્ય પ્રદેશોમાં સહજતાથી જોવા મળતી નથી. નારાયણ સરોવર અભયારણ્યના અભ્યાસમાં કચ્છમાં ૪૫૫ જેટલી સંવહન-વનસ્પતિ પ્રજાતિઓ નોંધાઈ છે, જેમાં ૩૯ દુર્લભ, લુપ્તપ્રાય કે સ્થાનિક પ્રજાતિઓનો સમાવેશ થાય છે.આ વનસ્પતિઓ કુદરતી રીતે જ પર્યાવરણનું સંતુલન જાળવે છે. તેમનાં મૂળ જમીનને પકડી રાખે છે, પવનથી થતું ધૂળનું વહન ઘટાડે છે, ભેજ જાળવે છે અને જમીનની ઉપજદાયકતા સુધારવામાં મદદ કરે છે. ઘાસ અને નાની ઝાડીઓ પશુપાલન માટે ચારણ પૂરું પાડે છે, જ્યારે અમુક ઝાડો અને ઝાંખરાં પક્ષીઓ, જંતુઓ, સરિસૃપ તથા નાના સસ્તન પ્રાણીઓ માટે ખોરાક અને આશ્રય બને છે. એક વનસ્પતિ લુપ્ત થાય ત્યારે તેની સાથે જોડાયેલી અનેક જીવ પ્રજાતિઓનું અસ્તિત્વ જોખમમાં મૂકાય છે.

પરાગસંચયની દૃષ્ટિએ પણ મૂળ વનસ્પતિઓનું મહત્ત્વ અપાર છે. મધમાખી, ભમરો, પતંગિયું અને અન્ય જંતુઓ ફૂલોના રસ માટે આવે છે અને એક છોડથી બીજા છોડ સુધી પરાગ પહોંચાડે છે. જો સ્થાનિક ફૂલોવાળી વનસ્પતિઓ ઘટી જાય, તો આ જંતુઓને ખોરાક મળતો નથી. પરિણામે પરાગસંચય ઘટે છે, પાકોનું ઉત્પાદન અસરગ્રસ્ત થાય છે અને કુદરતી વનસ્પતિનું પુનઃઉત્પાદન પણ ધીમું પડી જાય છે. આ રીતે એક નાની વનસ્પતિનો નાશ ખેતી, પશુપાલન અને ખાદ્ય સુરક્ષા સુધી પહોંચી શકે છે.કચ્છની ઘણી વનસ્પતિઓ ઔષધીય ગુણો માટે જાણીતી છે. મીઠો ગૂગળ અને ખારો ગૂગળ જેવી પ્રજાતિઓ પરંપરાગત ચિકિત્સા પદ્ધતિમાં મહત્ત્વની ગણાય છે. મીઠો ગૂગળ, જેનું વૈજ્ઞાનિક નામ Commiphroa stocksiana છે, કચ્છની મૂળ વનસ્પતિ ગણાય છે અને તેને આંતરરાષ્ટ્રીય કુદરત સંરક્ષણ સંઘ દ્વારા અતિ લુપ્તપ્રાય ગણવામાં આવે છે. તાજેતરના પ્રયાસોમાં કચ્છના પાંચ ગામોમાં ખારા અને મીઠા ગૂગળના રોપણ દ્વારા મૂળ ઔષધીય વારસાને પુનઃસ્થાપિત કરવાની શરૂઆત કરવામાં આવી છે. આ દર્શાવે છે કે સ્થાનિક વનસ્પતિનું સંરક્ષણ ફક્ત વૈજ્ઞાનિક જવાબદારી નથી, પરંતુ ગામડાં અને સમુદાયની સામૂહિક જવાબદારી પણ છે.

વનસ્પતિઓ લુપ્ત થવા પાછળ અનેક કારણો કામ કરે છે. આબોહવા પરિવર્તનને કારણે તાપમાન વધે છે, વરસાદની અનિશ્ચિતતા વધે છે અને દુષ્કાળજન્ય પરિસ્થિતિ લાંબી થાય છે. કચ્છ જેવા શુષ્ક પ્રદેશમાં આ ફેરફાર વિશેષ નુકસાનકારક છે, કારણ કે અહીંની વનસ્પતિ પહેલેથી જ ઓછા પાણી અને કઠોર હવામાનમાં ટકે છે. જ્યારે તેમની ટકી રહેવાની ક્ષમતાની મર્યાદા પાર થાય છે, ત્યારે તેઓ સ્વાભાવિક રીતે પુનઃઉત્પાદન કરી શકતાં નથી.ઉદ્યોગો માટેનું ખનન, મોટા પાયે થતું બાંધકામ, રસ્તાઓનું વિસ્તરણ અને ઔદ્યોગિક વિકાસ પણ મૂળ નિવાસસ્થાનોનો નાશ કરે છે. જ્યારે ખારી જમીન, પથ્થરવાળા ડુંગર કે રણપ્રદેશના નાના ટુકડાઓમાં ઉગેલી દુર્લભ વનસ્પતિનું નિવાસસ્થાન નષ્ટ થાય છે, ત્યારે તેને ફરી ત્યાં વધારવું ખૂબ મુશ્કેલ બની જાય છે. આવી વનસ્પતિ માત્ર એક જ વિશેષ પ્રકારની માટી, ખડક કે ભેજવાળા વિસ્તારમાં જ ટકી શકે છે. તેથી નિવાસસ્થાનનો નાશ એટલે સીધી રીતે પ્રજાતિનો નાશ છે.વિદેશી અને આક્રમક વનસ્પતિઓનું વિસ્તરણ પણ ગંભીર સમસ્યા છે. ગાંડો બવાળ તરીકે ઓળખાતીં જિંજ દ્વેક્ષૈકક્ષ્ટિ ઝડપથી વધે છે અને મૂળ ઘાસ, ઝાડીઓ તથા ઔષધીય વનસ્પતિઓ માટે જગ્યા ઘટાડી દે છે. બન્નીના ઘાસના મેદાનોમાં આ આક્રમક પ્રજાતિનો ફેલાવો મૂળ વનસ્પતિઓ માટે મોટો ખતરો ગણાય છે. જ્યારે એક જ પ્રકારની વિદેશી વનસ્પતિ મોટા વિસ્તારમાં ફેલાય છે, ત્યારે ત્યાંની વિવિધતા ઘટી જાય છે અને પર્યાવરણ નબળું પડી જાય છે.અતિ ચરાઈ એટલે જમીન પર જરૂરત કરતાં વધુ પશુઓને ચરવા મૂકવા. જ્યારે ઘાસ અને નાના છોડ પૂરતા સમયમાં ફરી વધી શકે તે પહેલાં જ તેમને ખાઈ નાખવામાં આવે, ત્યારે જમીન ધીમે ધીમે બંજર બની જાય છે. મૂળ વનસ્પતિઓ પુનઃઉત્પાદન કરી શકતી નથી, જ્યારે કાંટાળી અને કઠોર વિદેશી ઝાડીઓ તેમની જગ્યા લે છે. આનાથી ચારણ ઘટે છે, પશુપાલકોને મુશ્કેલી થાય છે અને ગ્રામીણ અર્થતંત્ર ઉપર દબાણ વધે છે.માનવ સમાજ માટે આ નુકસાન સીધી અને લાંબા ગાળાની રીતે અસર કરે છે. સ્થાનિક લોકો પેઢી દર પેઢી કચ્છની વનસ્પતિઓના ઉપયોગ, ઔષધ બનાવવાની રીત, ચારણનું સંચાલન અને પ્રકૃતિ સાથે જીવવાની સમજ વિકસાવી છે. જ્યારે કોઈ વનસ્પતિ પૂરી રીતે લુપ્ત થઈ જાય છે, ત્યારે તેની સાથે જોડાયેલી પરંપરાગત જાણકારી પણ ખોવાઈ જાય છે. આ જાણકારી પુસ્તકોમાં સંપૂર્ણ સચવાઈ શકતી નથી, કારણ કે તે વ્યવહાર, અનુભવ અને સ્થાનિક સંદર્ભ સાથે જોડાયેલી હોય છે.ઔષધીય વનસ્પતિનો નાશ આરોગ્ય ક્ષેત્ર માટે પણ ચિંતાનો વિષય છે. આધુનિક દવાઓના અનેક મુખ્ય ઘટકો કુદરતી વનસ્પતિમાંથી શોધાયા છે. જો કચ્છની દુર્લભ વનસ્પતિઓ સંશોધન થાય તે પહેલાં જ નામશેષ થઈ જાય, તો ભવિષ્યમાં કઈ મહત્ત્વની ઔષધીય શક્યતા ખોવાઈ જાય તે કહી શકાય નહીં. કચ્છ અને થાર જીવપ્રદેશના શુષ્ક વિસ્તારોમાં લગભગ ૫૦૦ જાણીતી ઔષધીય વનસ્પતિ પ્રજાતિઓ હોવાનું નોંધાયું છે, જે દર્શાવે છે કે આ પ્રદેશ કેટલો મોંઘો કુદરતી ભંડાર છે.જમીનની ગુણવત્તા ઉપર પણ વનસ્પતિના નાશની સીધી અસર થાય છે. વનસ્પતિ વિનાની જમીન વધુ ઝડપથી સૂકાય છે, તેમાં પાણી જળવાય નહીં અને પવન તેને ઉડાવી લાવે છે. ધીમે ધીમે રણીકરણ વધે છે, એટલે કે ઉપયોગી જમીન રણ જેવા સ્વરૂપમાં ફેરવાય છે. કચ્છ જેવા પહેલેથી શુષ્ક પ્રદેશમાં આ પ્રક્રિયા વધુ ઝડપી બની શકે છે. જમીન નબળી થાય તો ખેતી ઘટે છે, ચારણ ઓછું થાય છે અને ગામડાંના લોકો રોજગારી તથા ખાદ્યાન્ન માટે વધુ નિર્ભર બને છે.આબોહવા પરિવર્તન સામે મૂળ વનસ્પતિ કુદરતી ઢાલનું કામ કરે છે. ઝાડો અને ઘાસ કાર્બન શોષે છે, જમીનનું તાપમાન નિયંત્રિત કરે છે, પવનની તીવ્રતા ઘટાડે છે અને વરસાદી પાણીને જમીનમાં જમા થવા દે છે. જ્યારે આ વનસ્પતિઓ ઘટે છે, ત્યારે ગરમી વધુ તીવ્ર લાગે છે, પાણી ઝડપથી નીકળી જાય છે અને દુષ્કાળની અસર વધુ ગંભીર બને છે. આમ, વનસ્પતિનું સંરક્ષણ એ આબોહવા પરિવર્તનનો સામનો કરવાનું એક સીધું અને અસરકારક માધ્યમ છે.સંરક્ષણ માટે સૌ પહેલાં મૂળ નિવાસસ્થાનોને ઓળખીને તેમનું રક્ષણ કરવું જરૂરી છે. જે વિસ્તારોમાં દુર્લભ વનસ્પતિ હજી ટકી છે, ત્યાં ખનન, અનિયમિત બાંધકામ અને અતિચરાઈ અટકાવવી જોઈએ. સ્થાનિક ગ્રામ પંચાયતો, પશુપાલક સમુદાયો, વન વિભાગ, શાળાઓ અને પર્યાવરણ સંસ્થાઓએ સાથે મળીને સંરક્ષણ યોજના બનાવવી જોઈએ. ગ્રામજનોને દુર્લભ વનસ્પતિની ઓળખ, મહત્ત્વ અને સંરક્ષણની રીત શીખવવાથી લાંબા ગાળે વધુ સારું પરિણામ મળે છે.



શાદાબ ખાને ઈંગ્લેન્ડ પાસેથી વિજય છીનવી ટીમને ત્રિકોણીય શ્રેણીની ફાઇનલમાં પહોંચાડી

લાહોર,

ક્રિકેટમાં ક્યારેક એક ખેલાડી આખી મેચનો માર્ગ બદલી શકે છે. શાદાબ ખાને લાહોરમાં આવું જ કર્યું. પાકિસ્તાન હાર તરફ આગળ વધી રહ્યું હતું, પરંતુ ૮ નંબર પર બેટિંગ કરી રહેલા શાદાબે ઈંગ્લેન્ડના બોલરોની બધી મહેનત પર પાણી ફેરવી દીધું. ૯૬ બોલમાં તેના અણનમ ૧૧૩ રનથી પાકિસ્તાનને એક વિકેટથી રોમાંચક વિજય મળ્યો અને ટીમને ત્રિકોણીય શ્રેણીની ફાઇનલમાં પહોંચાડી. આ હાર સાથે, ઈંગ્લેન્ડને સતત ત્રીજી હારનો સામનો કરવો પડ્યો.

શાદાબનો દાવ પણ ખાસ હતો કારણ કે, એક સમયે, તે ૨૮ બોલમાં ૧૯ રન બનાવી રહ્યો હતો. ત્યારબાદ તેણે ગતિ પકડી અને લગભગ દરેક ઓવરમાં બાઉન્ડ્રી ફટકારીને મેચનો માર્ગ બદલી નાખ્યો. આઠ વિકેટ ગુમાવ્યા પછી પણ પાકિસ્તાને પોતાની હિંમત જાળવી રાખી અને છેલ્લી બે ભાગીદારીને કારણે લક્ષ્ય હાંસલ કર્યું. આ મેચમાં ઘણા રેકોર્ડ બન્યા, જે તેને વનડે ક્રિકેટમાં સૌથી યાદગાર મેચોમાંની એક બનાવી.



આઠમી વિકેટના પતન પછી પાકિસ્તાને ૧૧૨ રન બનાવ્યા, જેમાં શાદાબ ખાને એકલા ૧૦૦ રનનું યોગદાન આપ્યું. શાદાબ ખાન અને હરિસ રઉફે ૧૦મી વિકેટ માટે અણનમ ૮૯ રન ઉમેરીને પાકિસ્તાનને જીત અપાવી. આ મેચમાં બંને ટીમો વચ્ચે ૧૦મી વિકેટની ભાગીદારી પણ ચર્ચાનો વિષય બની હતી. ઈંગ્લેન્ડે તેમની ઈનિંગમાં દસમી વિકેટ માટે ૪૦ રન ઉમેર્યા, જ્યારે શાદાબ અને રઉફે પાકિસ્તાન માટે અણનમ ૮૯ રનની ભાગીદારી કરી. દસમી વિકેટની ભાગીદારીમાં આ કુલ ૧૨૯ રન, એક નવો વનડે રેકોર્ડ હતો. અગાઉ, આ રેકોર્ડ ૨૦૦૯ માં પાકિસ્તાન અને ન્યુઝીલેન્ડ વચ્ચેની મેચમાં સ્થાપિત થયો હતો, જ્યારે દસમી વિકેટની ભાગીદારી કુલ ૧૧૬ રન હતી. ૧૯૯૬ અને ૨૦૦૩ માં ઈંગ્લેન્ડને ફક્ત બે વનડે સતત બે જ વાર બે વિકેટથી હારનો સામનો કરવો પડ્યો છે. આ વખતે, ઈંગ્લેન્ડ પહેલા શ્રીલંકા સામે બે વિકેટથી અને પછી પાકિસ્તાન સામે એક વિકેટથી હારનો સામનો કરવો પડ્યો હતો. આ ટીમો એવી ટીમોની યાદીમાં જોડાય છે જેમણે સતત બે વનડે નજીકનો પરાજય સહન કર્યો છે. ૨૦૧૪ ના એશિયા કપમાં ભારતનો પણ આવી જ પરિસ્થિતિનો સામનો કરવો પડ્યો હતો.

ભારત વિરુદ્ધ ન્યુઝીલેન્ડ: પ્રથમ બે મેચ ગુમાવ્યા બાદ કિવીના મુખ્ય કોચ વોલ્ટરને શ્રેણીમાં વાપસીની આશા

મુંબઈ,

ન્યુઝીલેન્ડના મુખ્ય કોચ રોબ વોલ્ટરે જણાવ્યું હતું કે તેમની ટીમે ભારત સામેની પ્રથમ બે ટી૨૦ આંતરરાષ્ટ્રીય મેચોમાં કેટલીક તકો ગુમાવી હતી, પરંતુ તેમને આશા છે કે ટીમ બાકીની ત્રણ મેચોમાં વાપસી કરી શકશે. પહેલી બે મેચમાં મોટાભાગની મેચોમાં ન્યૂઝીલેન્ડે જીત મેળવી હતી, પરંતુ અંતે તે હારી ગયું.



વોલ્ટર માને છે કે તેમની ટીમે લગભગ ૮૦ ટકા મેચોમાં સારું પ્રદર્શન કર્યું. વોલ્ટરે કહ્યું, "અમે બંને મેચ સરળતાથી જીતી શક્યા હોત, પરંતુ એવું બન્યું નહીં. અમે કેટલીક સારી તકો ગુમાવી દીધી, જેના કારણે વિનાશક પરિણામ આવ્યું. જ્યારે હાર થોડી નિરાશાજનક છે, અમે અમારા પ્રદર્શનથી ખૂબ ખુશ છીએ. અમે બંને મેચ અમારા પક્ષમાં પૂર્ણ કરી શક્યા નહીં, જે નિરાશાજનક છે, પરંતુ બંને મેચમાં અમારા માટે ઘણા સકારાત્મક પાસાં હતા."વોલ્ટરે સ્વીકાર્યું કે તેમની ટીમને નિર્ણાયક ક્ષણોમાં તેની રમત સુધારવાની જરૂર છે. બીજી મેચમાં ન્યૂઝીલેન્ડે થોડા કેચ છોડી દીધા, જ્યારે એક બેટ્સમેનને નો-બોલને કારણે એક વાર લાઈફલાઈન આપવામાં આવી. તેમણે કહ્યું, "કોઈ પણ આવી ભૂલો જાણી જોઈને કરતું નથી. તે અજાણતાં થાય છે. અમે તેની કિંમત ચૂકવી શકીએ છીએ.

ઈજામાંથી સ્વસ્થ થવા છતાં લિટન દાસ વેસ્ટ ઈન્ડીઝ સામેની પ્રથમ ટેસ્ટમાંથી બહાર થઈ શકે

ઢાકા,

બાંગ્લાદેશના સ્ટાર બેટ્સમેન લિટન દાસ નેટમાં મોટા શોટ લગાવી શકે છે, પરંતુ વેસ્ટ ઈન્ડીઝ સામેની પ્રથમ ટેસ્ટમાં તેમની ભાગીદારી અનિશ્ચિત છે. હિપ ઈન્જરીમાંથી સ્વસ્થ થઈ રહેલા લિટનએ રવિવારે પ્રેક્ટિસ દરમિયાન આરામથી બેટિંગ કરી હતી, પરંતુ ટીમ મેનેજમેન્ટ તેમને મેચ માટે સંપૂર્ણપણે ફિટ જાહેર કરવા તૈયાર નથી. આવી સ્થિતિમાં, ૨૮ ઓક્ટોબરથી શરૂ થનારી પ્રથમ ટેસ્ટ માટે તેમની ઉપલબ્ધતા અંગે અંતિમ નિર્ણય તેમની ફિટનેસ અને ઈજાની સ્થિતિના આધારે લેવામાં આવશે.



બાંગ્લાદેશ અને વેસ્ટ ઈન્ડિઝ વચ્ચે બે મેચની ટેસ્ટ શ્રેણીની પહેલી મેચ ઢાકાના શેર-એ-બાંગ્લા નેશનલ ક્રિકેટ સ્ટેડિયમમાં રમાશે. લિટન તાજેતરમાં જ ઈજાને કારણે ઝિમ્બાબ્વે અને અફઘાનિસ્તાન સામેની ત્રિકોણીય વનડે શ્રેણીમાંથી પણ બહાર થઈ ગયો હતો. તેની હિપ ઈજાએ ટીમ માટે ચિંતા વધારી છે, કારણ કે આ શ્રેણીની શરૂઆતમાં તેની ઉપલબ્ધતા બાંગ્લાદેશ માટે મહત્વપૂર્ણ માનવામાં આવે છે. ૨૫ ઓક્ટોબરના રોજ, બીસીબી એકેડેમી સંકુલમાં પ્રેક્ટિસ દરમિયાન, લિટને કોઈ નોંધપાત્ર અસ્વસ્થતા વિના બેટિંગ કરી અને કેટલાક મોટા શોટ પણ માર્યા. આ ચોક્કસપણે તેની સ્વસ્થતાનો સંકેત આપે છે, પરંતુ પસંદગી સમિતિએ તેની ફિટનેસ અંગે કોઈ પણ નિર્ણય લેવામાં ઉતાવળ ન કરવાનો નિર્ણય લીધો છે.ક્રિકબઝના અહેવાલ મુજબ, બાંગ્લાદેશ પસંદગી સમિતિના એક સભ્યએ જણાવ્યું હતું કે તેની હાલત એવી છે કે તે વેસ્ટ ઈન્ડિઝ સામેની પ્રથમ ટેસ્ટ માટે ઉપલબ્ધ રહેશે કે નહીં તે કહેવું શક્ય નથી. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, "સાચું કહું તો, તેના રમવાની શક્યતા ૫૦-૫૦ છે. પરંતુ અમે છેલ્લી ઘડી સુધી રાહ જોઈશું અને આશા રાખીશું કે તે પહેલી ટેસ્ટમાં રમવા માટે પૂરતો ફિટ થશે, કારણ કે આ મેચ અમારા માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે."

વિરાટ કોહલીએ ન્યૂઝીલેન્ડ સામેની વનડે શ્રેણી માટે પ્રેક્ટિસ શરૂ કરી દીધી

મુંબઈ,

ભારતીય ટીમ હાલમાં ન્યૂઝીલેન્ડના પ્રવાસ પર છે, જ્યાં તે શ્રેયસ ઐયરની કેપ્ટનશીપ હેઠળ પાંચ મેચની ટી૨૦ શ્રેણી રમી રહી છે, જેમાં તેણે બે મેચ જીતી છે. આ શ્રેણીના સમાપન પછી, ટીમ ઈન્ડિયા યજમાન ટીમ સામે પાંચ મેચની વનડે શ્રેણી પણ રમશે.બીસીસીઆઈએ ટીમની જાહેરાત કરી દીધી છે, જેમાં વિરાટ કોહલીનો સમાવેશ થાય છે, જેનો ન્યૂઝીલેન્ડનો છેલ્લો પ્રવાસ લગભગ નિશ્ચિત છે. કોહલીએ વનડે શ્રેણી પહેલા પોતાની તૈયારીઓને મજબૂત બનાવવા માટે પ્રેક્ટિસ શરૂ કરી દીધી છે, જેમાં તેનો નેટમાં બેટિંગ કરતો એક વીડિયો પણ સામે આવ્યો છે.ન્યૂઝીલેન્ડમાં પાંચ મેચની વનડે શ્રેણી ટીમ ઈન્ડિયા માટે મહત્વપૂર્ણ રહેશે, કારણ કે તે ૨૦૨૭ વનડે વર્લ્ડ કપ માટેની તેમની તૈયારીઓ પર નોંધપાત્ર પ્રકાશ પાડશે. બધાની નજર વિરાટ કોહલીના ફોર્મ પર રહેશે, જે ગયા મહિનાના અંતમાં ઘરઆંગણે વેસ્ટ ઈન્ડિઝ સામેની ત્રણ મેચની વનડે શ્રેણીમાં બેટ સાથે ઉત્તમ ફોર્મમાં હતો. ન્યૂઝીલેન્ડ જતા પહેલા કોહલી હાલમાં મુંબઈના બ્રેબોર્ન સ્ટેડિયમમાં પ્રેક્ટિસ કરી રહ્યો છે. નેટમાં બેટિંગ કરતો તેનો એક વીડિયો ઝડપી બોલરો અને ડાબા હાથના સ્પિનરો બંનેનો સામનો કરતો દેખાય છે.વિરાટ કોહલી પાસે ન્યૂઝીલેન્ડ સામેની આગામી વનડે શ્રેણીમાં એક મોટો રેકોર્ડ તોડવાની શાનદાર તક છે, જે સચિન તેંડુલકરને પાછળ છોડી દેવાની સંભાવના ધરાવે છે. ઘરઆંગણે ન્યૂઝીલેન્ડ સામે વનડેમાં ભારતીય ખેલાડી દ્વારા સૌથી વધુ રન બનાવવાનો રેકોર્ડ હાલમાં સચિન તેંડુલકરના નામે છે, જેમણે ૧૮ મેચમાં ૬૫૨ રન બનાવ્યા છે.



અનુપ સોનીએ નેટફ્લિક્સની "શાકઃ ટ્રસ્ટ નો વન" શ્રેણીના કાઢી નાખેલા બીટીએસ દ્રશ્યો શેર કર્યા



મુંબઈ,

અભિનેતા અનુપ સોનીએ નેટફ્લિક્સની રહસ્યમય થ્રિલર "શાકઃ ટ્રસ્ટ નો વન" માંથી એવા દ્રશ્યોની ઝલક શેર કરી જે ફિલ્મના અંતિમ કટમાં શામેલ ન હતા. તેમણે કાઢી નાખવા પર નિરાશા વ્યક્ત કરી. તેમણે આવા દ્રશ્યો બનાવવા માટે જરૂરી સમય, પ્રયત્ન અને સંસાધનો સમજાવ્યા. તેમણે એમ પણ કહ્યું કે ફિલ્મ નિર્માણ દરમિયાન ચોક્કસ ભાગો કાપવા સામાન્ય છે. પરિણીતી ચોપરા અને જેનિફર વિંગેટ અભિનીત ફિલ્મમાં ઇન્સ્પેક્ટર ખુરાનાની ભૂમિકા ભજવનાર અનુપ સોનીએ શનિવારે ઇન્સ્ટાગ્રામ પર આ ન જોયેલા ફૂટેજ શેર કર્યા છે.

આ ક્લિપ્સમાં, અનુપ તેના સહ-અભિનેતા વિકી અરોરા સાથે કેટલાક શક્તિશાળી એક્શન દ્રશ્યોમાં જોવા મળે છે. એક વિડિઓમાં, વિકી ઘાયલ અનુપને પકડે છે, અને પછીના દ્રશ્યમાં, તે અનુપનું ગળું દબાવતો જોવા મળે છે. બીજા ફૂટેજમાં, અનુપ દોડતો, જોરથી હાંફતો, કમર સાથે કેમેરા લગાવેલો જોવા મળે છે. વિડીયો શેર કરતા, અનુપે સમજાવ્યું કે કેટલા લોકો આવા દ્રશ્યો બનાવવા માટે સાથે મળીને કામ કરે છે, ભલે તેમાંથી કેટલાક અંતિમ સંસ્કરણમાં શામેલ ન હોય.

અભિનેતા અનુપ સોનીએ દુઃખ સાથે કહ્યું, "'શાક' શ્રેણીના ખુરાના સાહેબના કેટલાક દ્રશ્યો છે જે અંતિમ સંસ્કરણમાં સ્થાન મેળવી શક્યા નથી."

અનુષ્કા શર્મા અને વિરાટ કોહલીએ મુંબઈ ખાતે કૃષ્ણદાસના લાઈવ કીર્તનમાં હાજરી આપી

મુંબઈ,

અનુષ્કા શર્મા અને વિરાટ કોહલી બોલિવૂડ અને ક્રિકેટ ઉદ્યોગના પાવર કપલ્સમાંના એક છે. પોતાના શક્તિશાળી અભિનયથી બોલિવૂડમાં પોતાની જાતને સ્થાપિત કર્યા પછી, અનુષ્કા લાંબા સમયથી ઉદ્યોગથી દૂર છે અને તેના પતિ વિરાટ અને બાળકો વામિકા અને અકય સાથે લંડનમાં સ્થાયી થઈ છે. તાજેતરમાં, અનુષ્કા અને વિરાટના લંડનથી ફોટા સામે આવ્યા છે, જેમાં તેઓ આરામ અને શાંતિનો આનંદ માણી રહ્યા છે. ભલે તેઓ વિદેશમાં સ્થાયી થયા હોય, પરંતુ તેઓ ઘણીવાર કોઈને કોઈ કારણસર સમાચારમાં રહે છે. તાજેતરમાં, તેઓ મુંબઈમાં અમેરિકન સંગીતકાર અને ગાયક કૃષ્ણ દાસ દ્વારા લાઈવ કીર્તનમાં ભક્તિ સંગીતનો આનંદ માણતા જોવા મળ્યા હતા. આ કાર્યક્રમમાંથી વિરાટ અને અનુષ્કાના અસંખ્ય ફોટા અને વીડિયો સામે આવ્યા છે, જેમાં તેઓ ભગવાન કૃષ્ણની ભક્તિમાં ડૂબેલા જોવા મળે છે. સોશિયલ મીડિયા પર શેર કરાયેલા વીડિયોમાં, અનુષ્કા અને વિરાટ એકસાથે ભક્તિ સંગીતનો આનંદ માણતા જોવા મળે છે.



સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહેલા એક વીડિયોમાં, અનુષ્કા અને વિરાટ એકબીજાની બાજુમાં બેઠા હોય છે, સંગીત પર ઝૂલતા જોવા મળે છે. આ દરમિયાન, તેઓ કેમેરા તરફ જુએ છે, પરંતુ પછી કીર્તનનો આનંદ માણવા પાછા ફરે છે. બોલિવૂડ અભિનેત્રી અનુષ્કા શર્માએ ભજન સાંજ દરમિયાન મરૂન રંગનો પોશાક પહેર્યો હતો, જ્યારે ટીમ ઈન્ડિયાના સ્ટાર બેટ્સમેન વિરાટ કોહલીએ કાળો ટી-શર્ટ અને સફેદ પેન્ટ પહેર્યો હતો. બીજા વીડિયોમાં, અનુષ્કા શર્મા અને વિરાટ કોહલી મુંબઈમાં ગેટવે ઓફ ઈન્ડિયા નજીક બોટ દ્વારા આવતા જોવા મળ્યા હતા.

ચાહકો પણ અનુષ્કા શર્મા અને વિરાટ કોહલીના કીર્તનમાં ડૂબકી લગાવવા પર પ્રતિક્રિયા આપી રહ્યા છે. એક યુઝરે લખ્યું, "બંનેના ચહેરા પર સંતોષ અદ્ભુત છે... એક અલગ પ્રકારની દિવ્યતા અને આધ્યાત્મિકતા દેખાય છે..." બીજા યુઝરે ટિપ્પણી કરી, "કેટલો સુંદર, કેટલો દિવ્ય કાર્યક્રમ હતો." નોંધનીય છે કે આ પહેલી વાર નથી જ્યારે વિરાટ અને અનુષ્કાએ કૃષ્ણ દાસના કીર્તનમાં હાજરી આપી હોય. અગાઉ, જુલાઈ ૨૦૨૪ માં, આ દંપતી લંડનના યુનિયન ચેપલમાં તેમના કાર્યક્રમમાં હાજરી આપી હતી.

શબ્દ શોધો

મા	ગ	ભો	બ	ત	બ	લા	ળ	પ્રા	અં	કા	રો
સા	રી	ર	મ	ક	બ	ક	ઐ	કા	જ	વ	જી
તા	ક્ષ	ક	ગુ	કા	મ	ધ	ક્રો	જ્ઞા	દ	ભ	ક
કા	પ	જ	ચ	લા	કુ	દ	ર	ર	ન	સા	મ
ણ	ક્ષ	સ	બ	મ	મ	ણિ	એ	દ	ણ	જ્ઞા	ગં
ગુ	ડો	દા	કા	વિ	ચી	દ	ડ	બ	ણ	ચ	ક
મ	લ	ગુ	મા	ન	અ	મ	લા	બા	તુ	ક	ન
ના	ક	મ	ક	ણે	રી	મ	બા	કા	રા	ચા	અં
મ	ર	ચા	ગ	ઝ	લ	ન	ડ	કા	ભો	ર	શિ
ણ	ત	કા	સ	એ	દ	બા	મ	કા	મા	કા	આ
દ	કા	ભો	ઊ	ર	મા	મ	રો	ર	સ	વા	ક
ઊ	ર	ગ	ન	ન	ડો	ડો	ર	અં	ડી	કુ	ક્ષ

શબ્દ શોધો

ગઝલ, ગુમનામ, ગુમાન, ગુલામ, ચક્ચાર, ચમચી, જ્ઞાન, ડમરી, ડમરો, તાપસ

રજનીકાંત અભિનીત એક્શન થ્રિલર ફિલ્મ જેલર-૨ વિશ્વભરમાં સૌથી વધુ કમાણી કરનારી તમિલ ફિલ્મ

મુંબઈ,

રજનીકાંત અભિનીત તમિલ એક્શન થ્રિલર ફિલ્મ 'જેલર ૨' રિલીઝ થયાને ૧૧ દિવસ થઈ ગયા છે અને દર્શકો હજુ પણ ઉત્સાહથી ગુંજી રહ્યા છે. રજનીકાંતની ફિલ્મ બોક્સ ઓફિસ પર જોરદાર કમાણી કરી રહી છે. તાજેતરમાં જ સુપરસ્ટાર રજનીકાંત પણ તેમના પૌત્ર લિંગા સાથે ફિલ્મની મુલાકાતે આવ્યા હતા. આ એક્શન-થ્રિલર ફિલ્મ ૧૫ ઓક્ટોબરે સિનેમાઘરોમાં રિલીઝ થઈ હતી અને દશેરાની રજાઓ પર તેનો સંપૂર્ણ લાભ મળ્યો હતો. ટ્રેડ ટ્રેકર સેકનિલ્કના જણાવ્યા અનુસાર, રિલીઝના ૧૧ દિવસમાં જ, ફિલ્મે વિશ્વભરમાં ?૭૦૦ કરોડનો આંકડો પાર કરી લીધો છે, જે તેને અત્યાર સુધીની સૌથી વધુ કમાણી કરનારી તમિલ ફિલ્મ બનાવી છે.સેકનિલ્કના જણાવ્યા અનુસાર, 'જેલર ૨'એ ૨૪ ઓક્ટોબરની સરખામણીમાં ૨૫ ઓક્ટોબરે નેટ કલેક્શનમાં ૬.૪%નો વધારો જોયો હતો. ૨૪ ઓક્ટોબરે, ફિલ્મે તમિલ શોમાંથી ૨૪.૧૫ કરોડ (આશરે ૧૭.૩૫ મિલિયન), તેલુગુ શોમાંથી ૪.૫૦ કરોડ (આશરે ૪.૫ મિલિયન), હિન્દી શોમાંથી ૩.૧૫ કરોડ (આશરે ૭ મિલિયન) અને કન્નડ શોમાંથી ૭૦ લાખ (આશરે ૭ મિલિયન)ની કમાણી કરી હતી. રવિવારે, ફિલ્મે ૨૫.૭૦ કરોડ (આશરે ૨૫.૭ મિલિયન) કલેક્શન કર્યું, જેનાથી ભારતમાં તેનું કુલ નેટ કલેક્શન ૩૯૮.૭૦ કરોડ (આશરે ૩૯૮.૭૦ મિલિયન) થયું. વિશ્વવ્યાપી કલેક્શનની વાત કરીએ તો, ફિલ્મે ૧૧મા દિવસે વિદેશી બજારોમાંથી ૧૦ કરોડ (આશરે ૧૦ મિલિયન) કલેક્શન કર્યું, જેનાથી તેની કુલ વિદેશી કમાણી ૨૪૩.૫૦ કરોડ (આશરે ૭.૧૦ મિલિયન) થઈ.૩૯૮.૭૦ કરોડની કમાણી સાથે, 'જેલર ૨' ભારતની બીજી સૌથી વધુ કમાણી કરનારી તમિલ ફિલ્મ બની છે, પરંતુ તે વિશ્વવ્યાપી કલેક્શનની દ્રષ્ટિએ આગળ છે. ભારતમાં સૌથી વધુ કમાણી કરનારી તમિલ ફિલ્મ બનવા માટે, તેને '૨.૦' ના કલેક્શનને વટાવી જવું પડશે, અને નોંધનીય છે કે, 'જેલર ૨' આ આંકડાથી માત્ર ૬.૩૦ કરોડ ઓછી છે.



પોલાર્ડ મુંબઈ ઈન્ડિયન્સના મુખ્ય કોચ બન્યા પછી જોબર્ગ સુપર કિંગ્સ માટે રમવાનો ઇનકાર કર્યો

મુંબઈ,

થોડા દિવસો પહેલા, મુંબઈ ઈન્ડિયન્સે ઈન્ડિયન પ્રીમિયર લીગની ૨૦મી સીઝન માટે તેમના કોચિંગ સ્ટાફમાં ફેરફાર અંગે એક મોટી જાહેરાત કરી હતી, જેમાં વેસ્ટ ઈન્ડિઝના ભૂતપૂર્વ ખેલાડી કિરોન પોલાર્ડને નવા મુખ્ય કોચ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા.આઇપીએલમાંથી નિવૃત્તિ લીધા પછી પણ પોલાર્ડ ઘણી અન્ય વિદેશી ટી૨૦ લીગમાં રમવાનું ચાલુ રાખે છે. ૧૭ જાન્યુઆરીથી શરૂ થનારી ૨૦૨૬ એસએ ૨૦ સીઝનમાં, ચેન્નાઈ સુપર કિંગ્સની દક્ષિણ આફ્રિકાની પેટાકંપની, જોબર્ગ સુપર કિંગ્સ માટે રમવાનું હતું. પોલાર્ડે મુંબઈ ઈન્ડિયન્સના મુખ્ય કોચ બન્યા પછી હવે એક મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે, જેમાં જોબર્ગ સુપર કિંગ્સ માટે ન રમવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.ઓક્ટોબરની શરૂઆતમાં યોજાયેલી ખેલાડીઓની હરાજીમાં જોબર્ગ સુપર કિંગ્સ દ્વારા કિરોન પોલાર્ડને ૮૭.૨ લાખ (આશરે ૧.૮ મિલિયન) માં હસ્તગત કરવામાં આવ્યો હતો, અને તે પીળી જર્સીમાં રમવાની વ્યાપક અપેક્ષા હતી. જોકે, ક્રિકબઝના અહેવાલ મુજબ, કિરોન પોલાર્ડે જોબર્ગ સુપર કિંગ્સ ટીમ મેનેજમેન્ટને જાણ કરી છે કે તે આગામી જીછ૨૦ સીઝન માટે ઉપલબ્ધ રહેશે નહીં. પોલાર્ડના નિર્ણયના સમાચાર સામે આવે તે પહેલાં, મુંબઈ ઈન્ડિયન્સના એક સૂત્રએ ક્રિકબઝને જણાવ્યું હતું કે તે સંપૂર્ણપણે પોલાર્ડ પર નિર્ભર છે. "અમે તેને કોઈ સૂચના આપી નથી." જીછ૨૦ હરાજીમાં પોલાર્ડ માટે બોલી ન લગાવવાના નિર્ણય અંગે, મુંબઈ ઈન્ડિયન્સના એક સૂત્રએ જણાવ્યું હતું કે તે બધું હરાજીના ક્રમ પર આધારિત હતું.આગામી એસએ ૨૦ સીઝનમાં જોબર્ગ સુપર કિંગ્સ માટે ન રમવાના કિરોન પોલાર્ડના નિર્ણય અંગે, સીએસકે અને તમામ સુપર કિંગ્સ ફ્રેન્ચાઇઝના સીઈઓ કાસી વિશ્વનાથને એક નિવેદનમાં પુષ્ટિ આપી હતી કે પોલાર્ડે તેમને જાણ કરી છે.



ધ્રોલની નવનિર્મિત સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલનું મુખ્યમંત્રીના હસ્તે ઈ-લોકાર્પણ







ધ્રોલ (સંજય ડાંગર દ્વારા) : ધ્રોલ તાલુકા તેમજ આસપાસના વિશાળ ગ્રામ્ય વિસ્તારના નાગરિકોને ઘરઆંગણે જ અદ્યતન, ગુણવત્તાસભર અને સુવિધાયુક્ત આરોગ્ય સેવાઓ ઉપલબ્ધ કરાવવાના ઉમદા આશય સાથે નવનિર્મિત સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલનું ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ દ્વારા ગાંધીનગર ખાતેથી વર્ચ્યુઅલ માધ્યમથી ભવ્ય લોકાર્પણ કરવામાં આવ્યું હતું. રાજ્ય સરકાર દ્વારા કરોડો રૂપિયાના ખર્ચે તૈયાર કરાયેલી આ અદ્યતન હોસ્પિટલ કાર્યરત થવાથી પંથકના દર્દીઓને નિષ્ણાત તબીબો અને સ્પેશિયાલિસ્ટ સારવાર સ્થાનિક સ્તરે જ સુલભ બનશે. આ લોકાર્પણ સમારોહ આજરોજ સવારે ૧૦:૦૦ વાગ્યે હોસ્પિટલ પરિસર ખાતે ગરિમાપૂર્ણ વાતાવરણમાં યોજાયો હતો.

કાર્યક્રમમાં ઉપસ્થિત ધારાસભ્ય મેઘજીભાઈ ચાવડાએ પોતાના પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યું હતું કે, "ધ્રોલ અને આસપાસનો વિસ્તાર ઘણો મોટો હોવાથી અહીં અદ્યતન હોસ્પિટલની ખૂબ જ તાતી જરૂરિયાત હતી. વર્ષ ૨૦૨૪માં માનનીય મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સમક્ષ રજૂઆત કરતા તેમણે તાત્કાલિક અસરથી આ નવનિર્મિત હોસ્પિટલના નિર્માણ માટે મંજૂરી આપી હતી. સરકારે કરોડો રૂપિયાના ખર્ચે અહીં ઉત્તમ તબીબી સુવિધાઓ ઊભી કરી છે."

તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, "ધ્રોલ નજીકથી નેશનલ હાઈવે પસાર થતો હોવાથી અકસ્માત કે ગંભીર કટોકટીના સમયે પણ આ હોસ્પિટલ સંજીવની સમાન સાબિત થશે. આગામી દિવસોમાં અહીં દર્દીઓને કોઈ અગવડ ન પડે તે માટે પૂરતો તબીબી સ્ટાફ તાત્કાલિક ઉપલબ્ધ રહે અને લોકોને ઝડપી સુવિધાઓ મળતી રહે તે માટેનું સુચારુ આયોજન કરવામાં આવ્યું છે." અત્યાર સુધી ધ્રોલ અને આસપાસના ગ્રામજનોને ગંભીર બીમારી, અકસ્માત કે અદ્યતન તબીબી સારવાર માટે જામનગર, રાજકોટ કે અન્ય મોટા શહેરો તરફ દોડવું પડતું હતું. નવી સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલ શરૂ થવાથી દર્દીઓને સ્થાનિક સ્તરે જ સમયસર ઈમરજન્સી અને સ્પેશિયાલિસ્ટ સારવાર મળી રહેશે, જેનાથી સામાન્ય પરિવારોને સમય અને નાણાં બંનેની મોટી બચત થશે. આ પ્રસંગે જિલ્લા આરોગ્ય સમિતિના ચેરમેન રાજેશભાઈ મકવાણા, ધ્રોલ તાલુકા પંચાયત પ્રમુખ પ્રવિણભાઈ લીબાસીયા, જામનગર જિલ્લા કિસાન મોરચાના પ્રમુખ નવલભાઈ મુંગરા, ધ્રોલ શહેર ભાજપ પ્રમુખ હિરેનભાઈ કોટેચા, ધ્રોલ નગરપાલિકા કારોબારી અધ્યક્ષ સુરેશભાઈ ગોસાઈ, ધ્રોલ મામલતદાર, ધ્રોલ નગરપાલિકા ઉપપ્રમુખ રંજનબેન દલસાણીયા, મહામંત્રી મહેશભાઈ ચીખલીયા, કોર્પોરેટ તુષારભાઈ ભાલોડીયા, સંજયસિંહ જાડેજા, યુવા મોરચા પ્રમુખ ભગીરથસિંહ જાડેજા, શહેર મહામંત્રી રુતુલ ગડારા, ધ્રોલ સરકારી હોસ્પિટલનો તબીબી સ્ટાફ તથા સ્થાનિક આગેવાનો અને નગરજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

સમગ્ર કાર્યક્રમનું સફળ આયોજન આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ તથા જિલ્લા પંચાયત, જામનગર દ્વારા કરવામાં આવ્યું હતું. સ્થાનિક અગ્રણીઓ અને ગ્રામજનોએ આ હોસ્પિટલને ધ્રોલ પંથકના આરોગ્ય ક્ષેત્રે એક ઐતિહાસિક સિદ્ધિ ગણાવી રાજ્ય સરકારનો આભાર વ્યક્ત કર્યો હતો.

કલ્યાણપુર તાલુકાના કેનેડી ગામે વાડી વિસ્તારમાંથી જુગારનો અખાડો ઝડપાયો

સંચાલક સહિત આઠ શખ્સની રૂ. ૮૨ હજારની મતા સાથે અટકાયત

ખંભાળિયા : કલ્યાણપુર તાબા હેઠળના કેનેડી ગામે વાડી વિસ્તારમાં ચાલતા જુગારના અખાડાનો પોલીસે પર્દાફાશ કર્યો હતો જેમાં સંચાલક સહિત આઠ શખ્સની અટકાયત કરી સ્થળપરથી રોકડ રકમ અને મોબાઈલ ફોન સહિત પોણો લાખ ઉપરાંતની મુદામાલ કબ્જે લઈ તમામ વિરુદ્ધ જુગારધારા ૪-૫ મુજબ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર કલ્યાણપુર તાલુકાના કેનેડી ગામે રહેતો દેવશીભાઈ ગોવિંદભાઈ રાઠોડ નામનો શખ્સ પોતાના આર્થિક ફાયદા માટે તેના ખેતરની ઓરડીમાં બહારથી માણસો બોલાવી નાલ ઉઘરાવી જુગારનો અખાડો ચલાવતો હોય તેવી દ્વારકા જિલ્લા એલસીબી પોલીસને મળેલી ચોક્કસ બાતમીના આધારે ત્યાં દરોડો પાડ્યો હતો દરમિયાન અત્રે ગંજીપાના પાના વડે તીનપતી નામનો જુગાર રમતા સંચાલક દેવશીભાઈ રાઠોડ સહિત પરસોતમભાઈ નાનજીભાઈ કણજારીયા, રત્નાભાઈ જેઠાભાઈ કણજારીયા, જયેશભાઈ ટપુભાઈ કણજારીયા, ગોપાલભાઈ હીરાભાઈ ખાણધર, ગોપાલભાઈ કાનાભાઈ કણજારીયા, ગોપાલભાઈ પ્રેમજીભાઈ ડાભી અને કરસનભાઈ અરજણભાઈ ચોપડા નામના આઠ શખ્સને ઝડપી લઈ સ્થળપરથી રૂ. ૫૧૫૦૦ ની રોકડ રકમ તથા રૂ. ૩૦૫૦૦ ની કિંમતના ૭ નંગ મોબાઈલ ફોન સહિત કુલમળી રૂ. ૮૨ હજારની મતા સાથે ઝડપી લીધા હતા.

જામનગરમાં ૭૫ લાખના દારૂ પર રોલર ફેરવી સરકારી રાહે નાશ કરાયો



તસવીરઃ સુનિલ ચુડાસમા



જામનગર : જામનગરમાં ગેરકાયદે રીતે આયાત કરાયેલા અને પોલીસ દ્વારા જુદાજુદા દરોડા દરમિયાન પકડવામાં આવેલા ઈંગ્લિશ દારૂનો સરકારી રાહે નાશ કરવામાં આવ્યો હતો. સીટી 'એ', સીટી 'બી' અને સીટી 'સી' ડિવિઝન પોલીસ દ્વારા પકડવામાં આવેલી કુલ ૧,૫૧૫ બોટલનો જામનગર સિવિલ એરપોર્ટ નજીક સીઆઈએસએફ કમ્પાઉન્ડની દીવાલ પાસે આવેલી ખુલ્લી જગ્યામાં રોલર ફેરવી નાશ કરવામાં આવ્યો હતો. કોર્ટના આદેશને પગલે આજે સવારે ૭ વાગ્યે દારૂના નાશની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. પોલીસ દ્વારા અલગ-અલગ સમયે દરોડા પાડી કબજે કરવામાં આવેલા દારૂનો નિયમ મુજબ નિકાલ કરવામાં આવ્યો હતો. આ કાર્યવાહી દરમિયાન અંદાજે ૭૫ લાખની કિંમતના દારૂનો નાશ કરાયો હોવાનું સામે આવ્યું છે.

જામનગરમાં નિયો એટલાન્ટિક કોમ્પ્લેક્સની લિફ્ટ ખોટકાતા ત્રણ વ્યક્તિઓ ફસાઈ



તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : જામનગરમાં અંબર ચોકડી પાસે આવેલા નિયો એટલાન્ટિક કોમર્શિયલ કોમ્પ્લેક્સમાં લિફ્ટ અચાનક બંધ થઈ જતાં અંદર ૩ જેટલા વ્યક્તિઓ ફસાઈ ગયા હતા. આ બનાવની જાણ ફાયર વિભાગને કરવામાં આવતાં ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી અને બચાવ કામગીરી હાથ ધરી હતી. ફાયર વિભાગની ટીમે જહેમત ઉઠાવી લિફ્ટમાં ફસાયેલા તમામ વ્યક્તિઓને સુરક્ષિત રીતે બહાર કાઢ્યા હતા. આથી મોટી દુર્ઘટના ટળી હતી અને લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો.

જામનગરમાં કમિશનરની આંગણવાડીમાં ઓચિંતી મુલાકાત, બાળકોના આરોગ્ય અંગે કરી ચર્ચા



તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : જામનગર મહાનગરપાલિકાના કમિશનર સહિતના અધિકારીઓએ અંધા આશ્રમ ફાટક નજીક આવેલા ૧૪૦૪ આવાસ પાસેની આંગણવાડીની ઓચિંતી મુલાકાત લીધી હતી. આ દરમિયાન આશા વર્કર બહેનો અને બાળકોના વાલીઓ સાથે બાળકોના આરોગ્ય, સરકાર દ્વારા આપવામાં આવતી પોષણ કીટ તેમજ બાળકોને પૂરતું પોષણ મળી રહ્યું છે કે કેમ તે અંગે ચર્ચા કરી જરૂરી વિગતો મેળવી હતી. આ ઉપરાંત વિસ્તારના આગેવાનો અને નગરસેવક દ્વારા વિસ્તારમાં કચરાની સમસ્યા તેમજ ખદબદતી કેનાલ અંગે કમિશનર સમક્ષ રજૂઆત કરવામાં આવી હતી. વિસ્તારની સમસ્યાઓના નિરાકરણ માટે પણ રજૂઆત કરવામાં આવી હતી.

લૈયારામાં એસટી બસના ડ્રાઈવરના બાઈકની ચોરી

ધ્રોલ : ધ્રોલ તાલુકાના લૈયારા ગામે રહેતા એસ.ટી. ડ્રાઈવરના ઘર પસે પાર્ક કરેલ બાઈક કોઈ ચોરી કરી ગયાની ફરિયાદ પોલીસમાં નોંધાઈ છે.

ધ્રોલ નજીકના લૈયારા ગામે રહેતા અને એસ.ટી. બસમાં ડ્રાઈવર તરીકે નોકરી કરતા સહદેવસિંહ અનોપસિંહ જાડેજા (૪૩)એ તેમના ઘરની બહાર બજારમાં પાર્ક કરેલું હીરો સ્પ્લેન્ડર પ્લસ મોટરસાઈકલ (રજિસ્ટ્રેશન નંબર જીજે-૧૦-સીજે-૬૦૯૬) કોઈ અજાણ્યો શખ્સ ચોરી કરી ગયો હતો. જેથી આ અંગે ધ્રોલ પોલીસ સ્ટેશનમાં ભારતીય ન્યાય સંહિતાની કલમ ૩૦૩(૨) હેઠળ ગુનો નોંધી પોલીસ હેડ કોન્સ્ટેબલ ડી.પી. વઘોરા વધુ તપાસ ચલાવી રહ્યા છે.

સ્કેટિંગ કરી દ્વારકા દર્શન કરવા નીકળેલ બિહારનો યુવાન ૪૩૩માં દિવસે જામનગર પહોંચ્યો



જામનગર : બિહાર રાજ્ય પટનાના સોનુ યાદવની યાત્રાને ૪૩૩ દિવસ થયા છે. પટનાથી પગમાં સ્કેટ્સ અને સાથે રાષ્ટ્રધ્વજ લઈને દ્વારકા જવા નીકળેલો સોનુ યાદવ યાત્રાના ૪૩૩માં દિવસે જામનગરના સોયલ ટોલ નાકે આવી પહોંચ્યો હતો. દ્વારકાધીશના દર્શનના સંકલ્પ સાથે આગળ વધી રહેલો સોનુ જામનગરથી દ્વારકા તરફ રવાના થયો હતો.

જામનગરની ભવન્સ એચ.જે. દોશી કોલેજમાં 'યંગ માઈન્ડ' સેમિનારમાં વાલીઓને મનોવૈજ્ઞાનિક માર્ગદર્શન

વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે કોલેજ અને વાલીઓ વચ્ચે સેતુરૂપ સંબંધ જરૂરી : પ્રિન્સિપાલ ડો. તૌસિફખાન પઠાણ





જામનગર : જામનગરની ભવન્સ શ્રી એચ.જે. દોશી ઈન્ફોર્મેશન ટેક્નોલોજી ઈન્સ્ટિટ્યૂટ ખાતે 'યંગ માઈન્ડ—અ પેરેન્ટ્સ રોડમેપ ટુ ચાઈલ્ડ સાયકોલોજી' વિષયક માર્ગદર્શક સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આજની યુવા પેઢીની બદલાતી વિચારસરણી, બાળકોના મનોવિજ્ઞાન અને માતા-પિતા તથા સંતાનો વચ્ચેના સંબંધોને વધુ મજબૂત બનાવવા અંગે મહત્વપૂર્ણ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. સેમિનારના પ્રારંભે કોલેજના પ્રિન્સિપાલ ડો. તૌસિફ ખાન પઠાણે મનોવિજ્ઞાનના નિષ્ણાત હાર્દિકભાઈ ત્રિવેદીનું સૂતરની આંટી પહેરાવી સ્વાગત કર્યું હતું અને ભગવદ્ ગીતાની ભેટ આપી સન્માન કર્યું હતું.

આ પ્રસંગે પ્રિન્સિપાલ ડો. તૌસિફ ખાન પઠાણે પોતાના વક્તવ્યમાં જણાવ્યું હતું કે, કોલેજ માત્ર શૈક્ષણિક જ્ઞાન પૂરું પાડતી સંસ્થા નથી, પરંતુ વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે સતત પ્રયત્નશીલ છે. વિદ્યાર્થીઓ અને વાલીઓ વચ્ચે કોલેજ એક મહત્વપૂર્ણ સેતુ તરીકેની ભૂમિકા ભજવે છે. વાલીઓએ પોતાના વ્યસ્ત જીવનમાંથી સંતાનો માટે સમય ફાળવી તેમની લાગણીઓ, વિચારો અને સમસ્યાઓ સમજવી જરૂરી છે. વિદ્યાર્થીઓના શૈક્ષણિક વિકાસની સાથે તેમના માનસિક, સામાજિક અને વ્યક્તિત્વ વિકાસ માટે પણ કોલેજ પ્રતિબદ્ધ હોવાનું તેમણે જણાવ્યું હતું.

સેમિનારમાં મનોવિજ્ઞાનના નિષ્ણાત હાર્દિકભાઈ ત્રિવેદીએ જણાવ્યું હતું કે, આજની જનરેશન ઝેડ (Gen Z)ની વિચારસરણી અગાઉની પેઢી કરતાં અલગ છે. આજના યુવાનો માત્ર સ્થિર નોકરી કે પરંપરાગત વ્યવસાયને સફળતાનો માપદંડ માનતા નથી, પરંતુ પોતાના સપનાં, રસ અને અનુકૂળતા મુજબ સફળતા મેળવવા ઇચ્છે છે. નવી ટેકનોલોજી અને કાર્યપદ્ધતિના ઉપયોગથી યુવાનો ૨૦ કલાકનું કામ બે કલાકમાં પૂર્ણ કરવાની ક્ષમતા પણ ધરાવી શકે છે. આ પેઢી કામની સાથે આનંદ, સ્વતંત્રતા અને જીવનમાં સંતુલનને પણ મહત્વ આપે છે.તેમણે વધુમાં જણાવ્યું હતું કે, માતા-પિતાએ પોતાના સંતાનોની તુલના પોતાની યુવાની સાથે કે અન્ય બાળકો સાથે કરવી જોઈએ નહીં. પોતાના વિચારો અને અપેક્ષાઓ બાળકો પર થોપવાને બદલે તેમની ક્ષમતા, પસંદગી અને સપનાંને સમજવાનો પ્રયાસ કરવો જોઈએ. જનરેશન ગેપ એક વાસ્તવિકતા છે, પરંતુ પરસ્પર સમજણ, વિશ્વાસ અને સંવાદ દ્વારા પેઢીઓ વચ્ચેના અંતરને દૂર કરી શકાય છે. માતા-પિતા અને સંતાનો વચ્ચે સર્જાયેલી અદૃશ્ય દીવાલ તોડવાની જરૂરિયાત પર ભાર મૂકતાં તેમણે જણાવ્યું હતું કે, સંતાનોને સ્વતંત્રતા આપવાની સાથે યોગ્ય સમર્થન આપવું પણ એટલું જ જરૂરી છે. સ્વતંત્રતા અને સમર્થન એકબીજાના પૂરક છે. બાળકોના ગ્રેડ કરતાં તેમની સાથેના સંબંધો વધુ મહત્વપૂર્ણ છે. સંતાનોની સફળતાને માત્ર ગુણ કે નોકરીથી નહીં, પરંતુ તેમના આત્મવિશ્વાસ, ખુશી અને સર્વાંગી વિકાસથી પણ મૂલવવી જોઈએ.આ સેમિનારમાં વાલીઓને બદલાતા સમય સાથે સંતાનોની માનસિકતા સમજવા, તેમની સાથે મિત્રતાપૂર્ણ સંબંધો કેળવવા અને ભવિષ્યના ઘડતરમાં સકારાત્મક ભૂમિકા ભજવવા અંગે ઉપયોગી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતે કોલેજના વાઇસ પ્રિન્સિપાલ ડો. રવિ ઓઝાએ આભારવિધિ કરી હતી. આ પ્રસંગે કોલેજના પ્રોફેસરો જિગ્નેશ જોશી, ડો.ભૂષણ જોશી, સ્વાતિ લાઠિયા, હિરક બુચ, ડોલી વડનગરા, વર્ષા કટારમલ, અકીલ મોરવડીયા બિન્દિયા વાઝા સહિતના અધ્યાપકો ઉપસ્થિત રહ્યા હતા.

ગરીબ પરિવારના બાળકને અંગ્રેજી માધ્યમની શાળામાં નિઃશુલ્ક પ્રવેશ અપાવતા શિક્ષણમંત્રી

જામનગર : શિક્ષણ એ દરેક બાળકનો મૂળભૂત અધિકાર છે અને માત્ર જરૂરી દસ્તાવેજોના અભાવે કોઈ બાળક શિક્ષણથી વંચિત ન રહી જાય તે માટે સંવેદનશીલ અભિગમ અપનાવવો જરૂરી છે. અમદાવાદમાં વસતા એક ગરીબ શ્રમિક પરિવારના આશરે છ વર્ષના બાળકને શાળામાં પ્રવેશ મેળવવામાં પડતી મુશ્કેલીનો અંત આવતાં હવે તેના શિક્ષણનો માર્ગ મોકળો થયો છે. આ બાળકને અંગ્રેજી માધ્યમની શાળામાં નિઃશુલ્ક પ્રવેશ અપાવવાની કાર્યવાહી થતાં પરિવારજનોએ રાહતનો શ્વાસ લીધો છે.

પ્રાપ્ત વિગતો મુજબ, અમદાવાદમાં છેલ્લા આઠ વર્ષથી વસવાટ કરતા એક ગરીબ શ્રમિક દંપતીનો પુત્ર આશરે છ વર્ષ પહેલાં નેપાળના કાઠમંડુ ખાતે જન્મ્યો હતો. બાળકના પિતા ગુજરાતના અને માતા નેપાળનાં વતની હોવાથી પરિવારને વિવિધ સામાજિક અને વહીવટી મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો હતો. બાળક પાસે આધારકાર્ડ તથા કચુઆર કોડ ધરાવતો જન્મનો દાખલો ન હોવાના કારણે અમદાવાદની વિવિધ શાળાઓમાં પ્રવેશ મેળવવા માટે પ્રયત્નો કરવા છતાં સફળતા મળી શકી નહોતી. પરિણામે, જરૂરી દસ્તાવેજોના અભાવે બાળકનું શિક્ષણ શરૂ થવામાં અવરોધ ઊભો થયો હતો.

આ સંવેદનશીલ બાબત સામાજિક અગ્રણીના ધ્યાન પર આવતાં તેમણે ગુજરાત રાજ્યનાં પ્રાથમિક શિક્ષણ મંત્રી શ્રીમતી રિવાબા રવિન્દ્રસિંહ જાડેજાને સમગ્ર પરિસ્થિતિથી વાકેફ કરી બાળકને શિક્ષણનો અધિકાર મળે તે માટે રજૂઆત કરી હતી. મંત્રીએ આ રજૂઆતની નોંધ લઈને અમદાવાદ મ્યુનિસિપલ સ્કૂલ બોર્ડના ઉચ્ચ અધિકારીઓને બાળકને તાત્કાલિક પ્રવેશ આપવા માટે સૂચના આપી હતી.

આ રજૂઆતના હકારાત્મક પરિણામે બાળકને તેના વાલીની ઇચ્છા અનુસાર અંગ્રેજી માધ્યમની શાળામાં નિઃશુલ્ક પ્રવેશ મળી ગયો છે. આમ, દસ્તાવેજોના અભાવે શિક્ષણથી વંચિત રહી જવાની ભીતિ વચ્ચે જીવતા ગરીબ પરિવારના બાળક માટે શિક્ષણનાં દ્વાર ખૂલ્યાં છે અને તેના ઉજ્જવળ ભવિષ્યની દિશામાં મહત્ત્વપૂર્ણ પગલું ભરાયું છે.

આ સમગ્ર કાર્યવાહી બદલ સામાજિક અગ્રણીએ પ્રાથમિક શિક્ષણ મંત્રી રિવાબા જાડેજાનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે, ગરીબ અને જરૂરિયાતમંદ પરિવારના બાળકને શિક્ષણ મળે તે માત્ર પ્રવેશ અપાવવાની બાબત નથી, પરંતુ એક પરિવારના જીવનમાં આશાનો સંચાર કરવાનો અને બાળકના ભવિષ્યને ઉજ્જવળ બનાવવાનો માનવતાપૂર્ણ પ્રયાસ છે.

તેમણે વધુમાં આશા વ્યક્ત કરી હતી કે રાજ્યમાં કોઈ પણ બાળક માત્ર જરૂરી દસ્તાવેજોના અભાવે શિક્ષણથી વંચિત ન રહે અને દરેક બાળકને શિક્ષણની સમાન તક મળી રહે તે માટે આવી સંવેદનશીલ કાર્યવાહી સતત થતી રહેશે. બાળકને શાળામાં પ્રવેશ અપાવવાની આ કામગીરી બદલ તેમણે મંત્રીનો જાહેરમાં આભાર વ્યક્ત કરી અભિનંદન પાઠવ્યાં હતાં.

જિલ્લામાં બે પોલીસ ઈન્સ્પેક્ટરોની આંતરિક બદલી





જામનગર : જામનગર જિલ્લા પોલીસ તંત્રમાં આંતરિક બદલીઓ કરવામાં આવી છે. જિલ્લા પોલીસ વડા ડો. રવિ મોહન સૈની દ્વારા બે પોલીસ ઈન્સ્પેક્ટરોની બદલીના આદેશ કરવામાં આવ્યા છે.

આ આદેશ મુજબ, પંચકોષી 'બી' ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા પોલીસ ઈન્સ્પેક્ટર વી.જે. રાઠોડની સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ (એસઓજી) શાખામાં બદલી કરવામાં આવી છે. જ્યારે પોલીસ ઈન્સ્પેક્ટર એચ.બી. ધાંધલિયાની પંચકોષી 'બી' ડિવિઝન પોલીસ સ્ટેશન ખાતે નિમણૂક કરવામાં આવી છે.

આ ઉપરાંત, લોકલ ક્રાઇમ બ્રાન્ચ (એલસીબી)ના પોલીસ ઈન્સ્પેક્ટર વી.બી. ચૌધરીને એસઓજી શાખાના વધારાના ચાર્જમાંથી મુક્ત કરવામાં આવ્યા છે. જિલ્લા પોલીસ વડાના આ નિર્ણયથી પોલીસ તંત્રમાં જવાબદારીઓની નવી ગોઠવણ કરવામાં આવી છે.

હાડાટોડાની વાડીમાંથી દેશી દારૂ અને ૪૦૦ લિટર કાચો આથો મળ્યો

જામનગર : ધ્રોલ તાલુકાના હાડાટોડા ગામની સીમમાં આવેલી વાડી પાસે પોલીસે દરોડો પડી દેશી દારૂ તથા દારૂ બનાવવા માટેનો કાચો આથો મળી કુલ રૂ. ૧૩ હજારનો મુદ્દામાલ કબજે કર્યો છે. આ પ્રકરણમાં વાડીના માલિક બ્રિજરાજસિંહ વનરાજસિંહ જાડેજા સામે પ્રોહિબિશન હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે.

ધ્રોલ તાલુકાના હાડાટોડા ગામની સીમમાં એલસીબી પોલીસે બાતમી પરથી દરોડો પાડ્યો હતો જ્યાં આરોપી બ્રિજરાજસિંહ વનરાજસિંહ જાડેજાની વાડીના શેઢા પાસેથી પ્લાસ્ટિકના કેનમાં આશરે ૧૫ લિટર દેશી દારૂ મળી આવ્યો હતો, જેની કિંમત રૂ. ૩ હજાર દર્શાવાઈ છે. આ ઉપરાંત, બાજુમાંથી ૨૦૦ લિટરની ક્ષમતાનાં બે પ્લાસ્ટિકનાં બેરલમાં ભરેલો કુલ ૪૦૦ લિટર કાચો આથો મળી આવ્યો હતો, આથી પોલીસે કુલ રૂ. ૧૩ હજારનો મુદ્દામાલ કબજે કરી આરોપી સામે ગુનો હેઠળ નોંધી ધ્રોલ પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ જે.કે. દલસાણિયા તપાસ ચલાવી રહ્યા છે.

પ્રાદેશિક સંઘર્ષો, યુદ્ધો, આર્થિક અસ્થિરતા, વેપાર તણાવ, આતંકવાદ અને આબોહવા પરિવર્તન જેવા પડકારો કોઈપણ દેશને અસર કરી શકે : લોકસભા અધ્યક્ષ

લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલાએ ૧૨માં બ્રિકસ સંસદીય મંચનું ઉદ્ઘાટન કર્યું



વડાપ્રધાન કાર્યાલયે બિરલાના સોશિયલ મીડિયા પરના એક લેખનો પણ ઉલ્લેખ કર્યો જેમાં સભ્ય અને ભાગીદાર દેશો વચ્ચે સંવાદ અને સહયોગને મજબૂત બનાવવામાં બ્રિક્સ સંસદીય મંચની ભૂમિકા પર ચર્ચા કરવામાં આવી છે.

નવીદિલ્હી,

લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલાએ સોમવારે જણાવ્યું હતું કે પ્રાદેશિક સંઘર્ષો, યુદ્ધો, આર્થિક અસ્થિરતા, વેપાર તણાવ, આતંકવાદ અને આબોહવા પરિવર્તન જેવા પડકારો કોઈપણ એક દેશને અસર કરી શકે છે. સરહદો સુધી મર્યાદિત નથી. તેમણે કહ્યું, "આ બધા દેશોને અસર કરે છે. આવી સ્થિતિમાં, સંવાદ, રાજદ્વારી અને સહયોગ વધુ મહત્વપૂર્ણ છે." "વધે છે."

બિરલાએ અહીં ૧૨મા બ્રિકસ સંસદીય મંચનું ઉદ્ઘાટન કરતી વખતે આ ટિપ્પણીઓ કરી હતી. તેમણે બંધારણ ગૃહના ઐતિહાસિક સેન્ટ્રલ હોલમાં આયોજિત એક કાર્યક્રમમાં સભ્ય અને ભાગીદાર દેશોને સંબોધિત કર્યા. સંસદીય પ્રતિનિધિઓને સંબોધિત કર્યા. નવી દિલ્હી બે દિવસીય પરિષદનું આયોજન કરી રહ્યું છે.

હિન્દીમાં પોતાના સંબોધનમાં, લોકસભાના અધ્યક્ષે કહ્યું કે સંસદો આંતરરાષ્ટ્રીય સ્તરે છે. પરસ્પર સમજણ અને વિશ્વાસ વધારવા, તણાવ ઘટાડવા અને વૈશ્વિક પડકારોનો શાંતિપૂર્ણ ઉકેલ શોધવા માટે. ખાસ ભૂમિકા ભજવી શકે છે. તેમણે જૂના સંસદ ભવન, બંધારણ ગૃહમાં પ્રતિનિધિમંડળોનું સ્વાગત કર્યું. આ વર્ષ બ્રિક્સ સંસદીય મંચની સ્થાપનાની ૨૦મી વર્ષગાંઠ પણ છે.

ઓમ બિરલાએ કહ્યું, "બ્રિક્સ દેશો વિશ્વની લગભગ અડધી વસ્તી અને વિશ્વના લગભગ એક તૃતીયાંશ ભૂમિ વિસ્તાર ધરાવે છે. આ દેશો વૈશ્વિક અર્થતંત્ર અને વેપારમાં પણ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. ભૌગોલિક સ્થાન, સંસ્કૃતિ, ભાષા અને સામાજિક પરિસ્થિતિઓમાં તફાવત હોવા છતાં, બ્રિક્સ દેશો લોકશાહી મૂલ્યો અને "માનવતા પ્રત્યે સહિયારી પ્રતિબદ્ધતા દ્વારા બંધાયેલા" શેર કરે છે.

બ્રિક્સ દેશોની બેઠક અહીં વડા પ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં યોજાઈ હતી. રાજ્યના વડાઓની બેઠકમાં સર્વાનુમતે અપનાવવામાં આવેલા સંયુક્ત નિવેદનની પ્રશંસા કરી. તેમણે કહ્યું, "આ બેઠકોમાં લેવામાં આવેલા ઠરાવોને હવે નક્કર પરિણામોમાં રૂપાંતરિત કરવાની જરૂર છે." સંસદો કાયદા બનાવવા, બજેટ તૈયાર કરવા, ચર્ચા કરવા અને સરકારી વ્યવસાયનું નિરીક્ષણ કરવામાં સામેલ છે. યોગદાન આપી શકે છે.

રાજસ્થાનમાં દુષ્કાળની સ્થિતિ : રાજ્યના ૧૩ જિલ્લાઓને દુષ્કાળગ્રસ્ત જાહેર કરવામાં આવ્યા

ગંભીર દુષ્કાળગ્રસ્ત ૫૩ તાલુકાઓમાં ખાસ અભિયાન શરૂ કરવામાં આવશે

જયપુર,

રાજસ્થાનમાં ૧૩ જિલ્લાઓને દુષ્કાળગ્રસ્ત જાહેર કરવામાં આવ્યા છે. ભજનલાલ શર્મા સરકારે રિપોર્ટ માંગ્યો હતો. આપત્તિ રાહત વિભાગ દ્વારા અહેવાલ રજૂ કર્યા પછી, ૫૩ તાલુકાઓને હવે દુષ્કાળગ્રસ્ત જાહેર કરવામાં આવ્યા છે. આ ૧૩ જિલ્લાઓમાં એક ખાસ અભિયાન શરૂ કરવામાં આવશે, જેને દુષ્કાળગ્રસ્ત જાહેર કરવામાં આવ્યા છે. દુષ્કાળગ્રસ્ત જાહેર કરાયેલા જિલ્લાઓમાં બાંસવાડા, બાડમેર, બાલોત્રા, ચુરુ, ડુંગરપુર, બ્યાવર, જેસલમેર, જાલોર, જોધપુર, ફલોદી, નાગૌર, પાલી અને સિરોહીનો સમાવેશ થાય છે.

નોંધનીય છે કે રાજસ્થાનમાં ૪૪ તાલુકાઓ ગંભીર દુષ્કાળનો સામનો કરી રહી છે. તેમાં ગઢી, અર્થુના, ગદરરોડ, ચોહટન, બાડમેર, બાયતુ, સૈદવા, રામસર, શિવ, ધનૌ, બાડમેર (ગ્રામીણ), ગુધામલાની, કલ્યાણપુર, પચપદરા, રાજગઢ, આસપુર, ગાલિયાકોટ, જોથરીપાલ, સગવાડા, ફતેહગઢ, સમોરના, રામસર, ભેન્યનગર, આસપુરના તાલુકાઓનો સમાવેશ થાય છે. જસવંતપુરા, બગૌડા, ભીનમાલ, રાનીવારા, સાંચોર, સાયલા, ભદ્રાજુન, ઓસિયન, તિવારી, બાલેસર, બાવડી, શેરગઢ, શેખલા, ફલોદી, બાપ, બાપીની, આઉ, સુમેરપુર અને શિવગંજ.

રાજસ્થાનના નવ તાલુકાઓ મધ્યમ દુષ્કાળથી પીડિત છે. તેમાં બાંસવાડામાં સજ્જનગઢ, સિમલવાડા, પાલદેવલ, ડુંગરપુરમાં ઓબારી, બ્યાવરમાં રાયપુર, જેસલમેર જિલ્લામાં જેસલમેર, જોધપુરમાં પિપરદશર, ફાલોદીમાં સેત્રાવા અને નાગૌરમાં ખિંવસર તાલુકાનો સમાવેશ થાય છે.

નવેમ્બરમાં અમેરિકા-યુક્રેન-રશિયા વચ્ચે ત્રિપક્ષીય વાટાઘાટો યોજાશે : ઝેલેન્સ્કી

રશિયા, અમેરિકા સાથે શાંતિ વાર્તા મામલે યુક્રેન પ્રમુખનું મોટું નિવેદન



કિવ,

રાષ્ટ્રપતિ વોલોડીમિર ઝેલેન્સ્કીએ એક મહત્વના ઘટનાક્રમમાં જણાવ્યું હતું કે યુક્રેન, રશિયા અને યુનાઈટેડ સ્ટેટ્સ (US) વચ્ચે નવેમ્બર મહિનામાં ત્રિપક્ષીય વાટાઘાટો યોજાશે. આ વાટાઘાટોનો ઉદ્દેશ્ય કિવ અને મોસ્કો વચ્ચે ફેબ્રુઆરી ૨૦૨૨માં શરૂ થયેલા સંઘર્ષનો અંત લાવવાનો છે. જોકે, યુક્રેનના નેતાએ આ ત્રિપક્ષીય બેઠક કઈ તારીખે કે કયા સ્થળે યોજાશે તે અંગે કોઈ સ્પષ્ટતા કરી નથી.

યુક્રેનિયન ટેલિવિઝનને આપેલા એક ઈન્ટરવ્યુમાં તેમણે કહ્યું, "અમે વાતચીત કરવા માટે તૈયાર છીએ. જો મુદ્દો પ્રાદેશિક હોય, તો તેના પર નેતૃત્વ સ્તરે ચર્ચા થવી જોઈએ. અન્ય મુદ્દાઓ તકનીકી જૂથોના કાર્યક્ષેત્રમાં આવે છે. તેથી, આ તમામ બાબતો પર નવેમ્બરમાં ચર્ચા થઈ શકે છે." આ ત્રણેય પક્ષો વચ્ચે પ્રથમ બેઠક આ વર્ષની શરૂઆતમાં જાન્યુઆરીમાં અબુ ધાબી ખાતે યોજાઈ હતી.

આરબીઆઈની નવી સુવિધાઓ ડિજિટલ માળખાગત સુવિધાઓ અને સાયબર સુરક્ષા ક્ષમતાઓને મજબૂત બનાવશે



પીએમ મોદીએ ભુવનેશ્વરમાં આરબીઆઈના ૧૬૯ કરોડના ડેટા સેન્ટરનું ઉદ્ઘાટન કર્યું

નવીદિલ્હી,

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ભુવનેશ્વરમાં આરબીઆઈના નવનિર્મિત ડેટા સેન્ટર અને સાયબર સુરક્ષા તાલીમ સંસ્થાનું ઉદ્ઘાટન કર્યું. ઉદ્ઘાટન દરમિયાન, પીએમ મોદીએ કહ્યું કે વિકાસ અમારી પ્રાથમિકતા છે. તેમણે તેને વધુ સુરક્ષિત નાણાકીય વ્યવસ્થા તરફ એક મોટું પગલું ગણાવ્યું. ભુવનેશ્વરમાં આરબીઆઈની નવી સુવિધાઓ ડિજિટલ માળખાગત સુવિધાઓ અને સાયબર સુરક્ષા ક્ષમતાઓને મજબૂત બનાવશે. પીએમ મોદીએ કહ્યું કે સ્વતંત્રતા પછી, મોટા શહેરો વિકસિત થયા, મોટી સંસ્થાઓ બનાવવામાં આવી, મોટી હોસ્પિટલો બનાવવામાં આવી અને મોટા એરપોર્ટ બનાવવામાં આવ્યા. જોકે, દેશનો મોટો ભાગ મૂળભૂત માળખાગત સુવિધાઓની રાહ જોઈ રહ્યો હતો. દિલ્હીમાં મોટી હોસ્પિટલો હતી, પરંતુ નાના શહેરો અને દૂરના વિસ્તારોમાં, લોકોને સારી સારવાર માટે લાંબા અંતરની મુસાફરી કરવી પડતી હતી. મોટા શહેરોમાં હવાઈ મુસાફરી ઉપલબ્ધ હતી, પરંતુ નાના શહેરોને હવાઈ જોડાણ સાથે જોડવા પર વધુ ધ્યાન આપવામાં આવ્યું ન હતું. તેમણે કહ્યું કે જ્યારે મોટા શહેરોમાં કેટલીક સુવિધાઓ હતી, ત્યારે ઘણા ગામડાઓમાં, રસ્તાઓ, વીજળી અને પાણી જેવી મૂળભૂત જરૂરિયાતો પણ એક મોટો પડકાર રહી. રેલ્વે સ્ટેશનો સામાન્ય નાગરિકની મુસાફરીનો એક મહત્વપૂર્ણ ભાગ હતા, પરંતુ તેમાં આધુનિક સુવિધાઓનો અભાવ હતો. આનો અર્થ એ છે કે વિકાસના લાભો દરેક ક્ષેત્ર અને દેશના દરેક નાગરિકને સમાન રીતે પહોંચાડવા એ એક મોટો પડકાર રહ્યો.

મેડિકલ રિસર્ચે માનવજાતના આરોગ્ય સંભાળના પડકારોનો ઉકેલ લાવવો જોઈએ

ડૉ. એનટીઆર યુનિવર્સિટીની રૂબી જ્યુબિલીમાં ઉપરાષ્ટ્રપતિ

વિજયવાડા,

ભારતના ઉપરાષ્ટ્રપતિ સી. પી. રાધાકૃષ્ણને આંધ્રપ્રદેશના વિજયવાડા ખાતે ડૉ. એનટીઆર યુનિવર્સિટી ઓફ હેલ્થ સાયન્સિસની ૪૦મી (રૂબી જ્યુબિલી) વાર્ષિક ઉત્સવ ઉજવણીને સંબોધિત કરતી વખતે, તબીબી સંસ્થાઓને સંશોધનને મજબૂત કરવા, નવીનતાને પ્રોત્સાહન આપવા અને આરોગ્ય સંભાળના ગંભીર પડકારોના ઉકેલો વિકસાવવા માટે આહ્વાન કર્યું હતું.

તબીબી શિક્ષણ અને આરોગ્ય સંભાળ ક્ષેત્રે ચાર દાયકાની સેવા પૂર્ણ કરવા બદલ યુનિવર્સિટીને અભિનંદન આપતા, ઉપરાષ્ટ્રપતિએ જણાવ્યું હતું કે આ સંસ્થા આંધ્રપ્રદેશના ભૂતપૂર્વ મુખ્યમંત્રી અને મહાન નેતા ડૉ. નંદમુરી તારક રામા રાવના દ્રષ્ટિકોણને સાકાર કરે છે. તેમણે નોંધ્યું હતું કે ડૉ. એનટીઆરનો દ્રષ્ટિકોણ અને જાહેર સેવા પ્રાદેશિક સીમાઓથી પર વિસ્તરેલી હતી, જે રાષ્ટ્રના કલ્યાણ પ્રત્યેની વ્યાપક પ્રતિબદ્ધતાને દર્શાવે છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ તબીબી શિક્ષણના વિસ્તાર પર પ્રકાશ પાડતા, ઉપરાષ્ટ્રપતિએ જણાવ્યું હતું કે ભારતમાં મેડિકલ કોલેજોની સંખ્યા ૨૦૧૪ પહેલાંની ૩૮૭ થી બમણાથી પણ વધુ વધીને હાલમાં ૮૪૬ થઈ ગઈ છે. MBBSની બેઠકોની સંખ્યા પણ આશરે ૫૧,૦૦૦થી વધીને ૧.૪ લાખથી વધુ થઈ છે, જે ૧૭૨ ટકાનો વધારો દર્શાવે છે.

અમેરિકા સાથે યુદ્ધ થાય કે ન થાય, હોર્મુઝ સ્ટ્રેટ અંગે અમારી નીતિઓ બદલાશે નહીં : ઈરાન

સંઘર્ષે પ્રાદેશિક સુરક્ષા વ્યવસ્થાને મૂળભૂત રીતે બદલી નાખી



તહેરાન,

મધ્ય પૂર્વમાં બીજા યુદ્ધની આશંકા વચ્ચે, ઈરાનના વિદેશ પ્રધાન અબ્બાસ અરાઘચીએ કહ્યું છે કે બીજું યુદ્ધ થાય કે ન થાય, ઈરાનની નીતિઓ એકસરખી રહેશે. તેમણે ચેતવણી આપી હતી કે જો અમેરિકા કે અન્ય કોઈ દેશ ફરીથી ઈરાન વિરુદ્ધ લશ્કરી કાર્યવાહી કરવાનો પ્રયાસ કરશે તો તે સંપૂર્ણપણે મૂર્ખામીભર્યું પગલું હશે. ઈરાની સમાચાર એજન્સી અનુસાર, અરાઘચીએ તેહરાનમાં એક કાર્યક્રમ દરમિયાન આ નિવેદન આપ્યું હતું.

ઈરાની વિદેશ મંત્રીએ દાવો કર્યો હતો કે ૪૦ દિવસના યુદ્ધ પછી હોર્મુઝ સ્ટ્રેટની પરિસ્થિતિ ક્યારેય પહેલા જેવી નહીં રહે. તેમણે કહ્યું કે સંઘર્ષે પ્રાદેશિક સુરક્ષા વ્યવસ્થાને મૂળભૂત રીતે બદલી નાખી છે અને હવે પશ્ચિમ એશિયામાં એક નવી વાસ્તવિકતા સ્થાપિત થઈ છે. અરાઘચીએ કહ્યું, "હોર્મુઝ સ્ટ્રેટ ક્યારેય ૪૦ દિવસના યુદ્ધ પહેલા જેવી નહીં રહે." સંઘર્ષને પ્રાદેશિક ઈતિહાસમાં એક વળાંક ગણાવતા તેમણે કહ્યું કે યુદ્ધે પ્રદેશની સમગ્ર સુરક્ષા વ્યવસ્થાને અસર કરી છે. તેમણે કહ્યું, "આ યુદ્ધ તમામ મોરચે સમાપ્ત થવું જોઈએ." તેમનું નિવેદન સૂચવે છે કે ઈરાન સંઘર્ષને ફક્ત એક મોરચે મર્યાદિત રાખવાને બદલે તેનો વ્યાપક ઉકેલ ઇચ્છે છે.

અરાઘચીએ યુદ્ધ દરમિયાન યુએસ લશ્કરી નુકસાન અંગે પણ મજબૂત દાવો કર્યો હતો. તેમના મતે, ઈરાની દળોએ સંઘર્ષ દરમિયાન ૮૦ થી વધુ યુએસ વિમાનો અને ફાઇટર જેટનો નાશ કર્યો હતો. તેમણે આરોપ લગાવ્યો હતો કે આ લગભગ બધા વિમાનો જમીન પર હતા ત્યારે મિસાઈલો દ્વારા નિશાન બનાવવામાં આવ્યા હતા. ઈરાની વિદેશ મંત્રીએ એવો પણ દાવો કર્યો હતો કે પ્રદેશમાં લગભગ તમામ યુએસ લશ્કરી થાણાઓ નાશ પામ્યા હતા અને સેંકડો ઈમારતોને નુકસાન થયું હતું.

ચીને ભારતીયો માટે વિઝા અરજી પ્રક્રિયામાં ફેરફાર કર્યા, નવા નિયમાનો અમલ

બીજિંગ,

ચીન ૨૬ ઓક્ટોબરથી ભારતમાં વિઝા અરજીઓ અને કોન્સ્યુલર કાયદેસરકરણ વિનંતીઓ સીધી સ્વીકારશે અને પ્રક્રિયા કરશે, જે અગાઉ નવી દિલ્હી, મુંબઈ અને કોલકાતામાં વિઝા અરજી કેન્દ્રો દ્વારા હાથ ધરવામાં આવતી અરજી સેવાઓને સમાપ્ત કરશે.

૨૨ ઓક્ટોબરના રોજ જારી કરાયેલી એક સૂચનામાં, ભારતમાં ચીની દૂતાવાસે જણાવ્યું હતું કે નવી દિલ્હીમાં દૂતાવાસ અને મુંબઈમાં ચીની કોન્સ્યુલેટ જનરલ અરજીઓનું સીધું સંચાલન કરશે. કોલકાતામાં ચીની કોન્સ્યુલેટ જનરલના અધિકારક્ષેત્રમાં સેવાઓ અસ્થાયી રૂપે નવી દિલ્હીમાં દૂતાવાસ દ્વારા હાથ ધરવામાં આવશે.

આ ફેરફારનો અર્થ એ છે કે ભારતીય પ્રવાસીઓ, વ્યવસાયિક મુલાકાતીઓ અને ચીની વિઝા માટે અરજી કરનારા અન્ય લોકોએ સુધારેલી સબમિશન પ્રક્રિયાનું પાલન કરવું પડશે અને તપાસ કરવી પડશે કે કયું રાજદ્વારી મિશન તેમના વિસ્તારમાંથી અરજીઓનું સંચાલન કરે છે. દસ્તાવેજોના કોન્સ્યુલર કાયદેસરકરણ ઇચ્છતા અરજદારોએ પણ નવી વ્યવસ્થાનું પાલન કરવું પડશે.

જ્યાં ભારતીય અરજદારોને દસ્તાવેજો સબમિટ કરવાની જરૂર હોય

દૂતાવાસની સત્તાવાર સૂચના અનુસાર, મહારાષ્ટ્ર અને કર્ણાટકમાં રહેતા અરજદારોએ મુંબઈમાં ચીની કોન્સ્યુલેટ જનરલનો સંપર્ક કરવો પડશે.

લુલા દા સિલ્વા બ્રાઝિલની ચોથી ચૂંટણી જીત્યા, ૮૦ વર્ષની ઉંમરે ફરીથી રાષ્ટ્રપતિ બનશે

લુલાને માન્ય મતોના ૫૧.૭૬ ટકા મત મળ્યા, જ્યારે ફ્લેવિયો બોલ્સોનારોને ૪૮.૨૪ ટકા મત મળ્યા



બ્રાઝિલ,

ડાબેરી નેતા લુલા દા સિલ્વા બ્રાઝિલની રાષ્ટ્રપતિની ચૂંટણી જીતી ગયા છે. ૮૦ વર્ષની ઉંમરે, તેઓ ચોથી વખત દેશના રાષ્ટ્રપતિ બનશે. તેમણે ચૂંટણી સ્પર્ધામાં ફ્લાવિયો બોલ્સોનારોને હરાવ્યા. બ્રાઝિલિયન મીડિયા અને ડેટાફોલ્હાના અંદાજ મુજબ, ૯૯.૯૭ ટકા મત ગણતરી સાથે, લુલાને માન્ય મતોના ૫૧.૭૬ ટકા મળ્યા, જ્યારે ફ્લેવિયો બોલ્સોનારોને ૪૮.૨૪ ટકા મળ્યા.

આ જીત સાથે, ભૂતપૂર્વ ફેક્ટરી કામદાર અને વર્કર્સ પાર્ટીના સભ્ય લુલા, બીજા સૌથી લાંબા સમય સુધી સેવા આપનારા રાષ્ટ્રપતિ બનશે, જે ફક્ત ગેટુલિયો વર્ગાસથી આગળ નીકળી ગયા છે. તેમના વર્તમાન કાર્યકાળના અંત સુધીમાં, સત્તામાં તેમનો કુલ કાર્યકાળ ૧૬ વર્ષ સુધી પહોંચશે, જે બ્રાઝિલના લોકશાહી ઇતિહાસમાં એક રેકોર્ડ છે.

લુલાનો વિજય એવા સમયે થયો છે જ્યારે ચૂંટણી પ્રચાર દરમિયાન ફુગાવા, જીવનનિર્વાહનો વધતો ખર્ચ, ગુના અને ભ્રષ્ટાચાર મુખ્ય મુદ્દાઓ હતા. સુત્રો અનુસાર, ૧૯૮૯ માં સીધી રાષ્ટ્રપતિની ચૂંટણીઓ પરત આવ્યા પછી આ પહેલી વાર છે જ્યારે કોઈ ઉમેદવાર પ્રથમ રાઉન્ડમાં બીજા સ્થાને રહેવા છતાં રાષ્ટ્રપતિની ચૂંટણી જીતી ગયો છે.

પીએમ મોદીના પિતા વિશે વિવાદાસ્પદ ટિપ્પણી કરવા બદલ ખડગેનો વિરોધ,પટના પોલીસ સ્ટેશનમાં ફરિયાદ દાખલ

ગૃહમંત્રી અમિત શાહ અને ભાજપ પ્રમુખ નીતિન નવીન સહિતના અગ્રણી નેતાઓની ખડગેના નિવેદન મામલે કડક પ્રતિક્રિયા



નવીદિલ્હી,

બિહારના પટનામાં કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેની પીએમ મોદીના પિતા વિશે વિવાદાસ્પદ ટિપ્પણી બાદ, ભાજપ તરફથી પ્રતિક્રિયાઓ આવવા લાગી છે. ભાજપે ખડગેના નિવેદનને "ગુંડાગીરી" ગણાવ્યું છે. વધુમાં, ગૃહમંત્રી અમિત શાહ અને ભાજપ પ્રમુખ નીતિન નવીન સહિત અન્ય અગ્રણી નેતાઓએ આ મામલે કડક પ્રતિક્રિયા આપી છે.

કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગે વિરુદ્ધ પટણા કોતવાલી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ દાખલ કરવામાં આવી છે. ભાજપ રાજ્ય કાર્યકારી સમિતિના સભ્ય કૃષ્ણ સિંહ કલ્લુએ આજે પટણા કોતવાલી પોલીસ સ્ટેશનમાં કોંગ્રેસના રાષ્ટ્રીય પ્રમુખ મલ્લિકાર્જુન ખડગે વિરુદ્ધ લેખિત ફરિયાદ નોંધાવી છે.ભાજપે તેના એકસ હેન્ડલ પર પોસ્ટ કર્યું, "કોંગ્રેસ પ્રમુખ એ જ ભાષાનો ઉપયોગ કરી રહ્યા છે જે એક સમયે ગુંડાઓ અને ગુંડાઓ સાથે સંકળાયેલી હતી. આ હતાશાથી પ્રેરિત તેમનો રાજકુમાર ક્યારેક રસ્તા પર મહિલા પોલીસ અધિકારીઓ સાથે ગેરવર્તન કરે છે, અને ક્યારેક પોતાના જ નેતાઓને ધક્કો મારે છે. તેમની સમગ્ર કાર્યશૈલી માફિયા જેવી બની ગઈ છે. આ રાજકીય પક્ષ કરતાં માફિયા ગેંગ જેવું લાગે છે." ભાજપે કહ્યું, "બાય ધ વે, તત્કાલીન કોંગ્રેસ પ્રમુખે ખડગેના નિવેદનમાં ઉલ્લેખિત સ્વપ્નને પૂર્ણ કરવા માટે દસ વર્ષ સુધી પુસ્તકમાં દરેક યુક્તિ અજમાવી, પરંતુ કોંગ્રેસ સત્તા ગુમાવી. આજે, તેમનો પુત્ર આ સ્વપ્નને પૂર્ણ કરવા માટે ઘરે-ઘરે ભટકતો રહે છે, ક્યારેક વિયેતનામ અને કોલંબિયા વચ્ચે. દેશના લોકો તમારા આ સ્વપ્નને ક્યારેય સાકાર થવા દેશે નહીં!" કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે તેમના એકસ હેન્ડલ પર પોસ્ટ કર્યું, "કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેએ આજે પટણામાં મોદીના પિતા વિશે અભદ્ર ટિપ્પણી કરીને તમામ શિષ્ટાચારનો ભંગ કર્યો છે.

ટ્રમ્પે તેમની ભાગીદારીના વખાણ કર્યા અને ઈરાન વિરુદ્ધના સંયુક્ત સૈન્ય અભિયાન માટે નેતન્યાહૂને શ્રેય આપ્યો

બીબીને મત આપો, આપણે કામ પૂરું કરવાનું છે : ઈઝરાયેલની ચૂંટણી પહેલાં ટ્રમ્પનું નિવેદન



વોશિંગ્ટન/જેરુસલેમ,

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ઈઝરાયેલમાં યોજાનારી આગામી રાષ્ટ્રીય ચૂંટણી માટે વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુને ફરીથી પોતાનું સમર્થન જાહેર કર્યું છે. તેમણે ઈરાન સામે અમેરિકા અને ઈઝરાયેલના સંયુક્ત યુદ્ધને "સાથે મળીને જીતવા"ના ઉદાહરણ તરીકે ટાંક્યું હતું. પોતાના 'ટ્રૂથ સોશિયલ' પ્લેટફોર્મ પર, અમેરિકી રાષ્ટ્રપતિએ નેતન્યાહુને એક "અસાધારણ યોદ્ધા વડાપ્રધાન" ગણાવ્યા અને કહ્યું કે, ઈરાન સામે જે યુદ્ધ તેમણે સાથે મળીને શરૂ કર્યું હતું, તેને પૂર્ણ કરવા માટે નેતન્યાહુને સત્તા પર વધુ સમયની જરૂર છે.

ટ્રમ્પે લખ્યું, "ઈઝરાયેલના લોકો માટે - જેમણે કદાચ જોયું ન હોય તેમના માટે - હું તે સમર્થન પત્ર ફરી જોડી રહ્યો છું જે મેં એક અઠવાડિયા પહેલા તમારા વડાપ્રધાન, બિબી નેતન્યાહુને આપ્યું હતું... જ્યારે તમે મતદાન કરવા જાઓ, ત્યારે કૃપા કરીને યાદ રાખજો કે બિબી એક અસાધારણ યોદ્ધા વડાપ્રધાન રહ્યા છે." (અહીં તેમણે નેતન્યાહુને તેમના હુલામણા નામ 'બિબી'થી સંબોધ્યા હતા.)

તેમણે બંને વચ્ચેની ભાગીદારીના પણ વખાણ કર્યા અને ઈરાન સામેના સંયુક્ત સૈન્ય અભિયાનનો શ્રેય નેતન્યાહુને આપ્યો. ટ્રમ્પના મતે, આ અભિયાને તેહરાનની સૈન્ય ક્ષમતાઓને ગંભીર રીતે નબળી પાડી દીધી છે.

ટ્રમ્પે લખ્યું, "દુશ્મનો સહિત સૌ કોઈ જાણે છે કે, બિબી અને મારી વચ્ચે 'સાથે મળીને જીતવા'ના સંદર્ભમાં ખૂબ જ સારા સંબંધો રહ્યા છે. મેં વેનેઝુએલામાં હુમલો કર્યો હતો, જે ઇતિહાસના સૌથી સફળ સૈન્ય અભિયાનોમાંનું એક હતું. પરંતુ તે પહેલાં, અમે 'ઓપરેશન મિડનાઈટ હેમર' પાર પાડ્યું હતું, જેના દ્વારા વિશ્વમાં આતંકવાદને રાજ્ય-પ્રાયોજિત કરનાર નંબર-વન દેશને પરમાણુ હથિયાર મેળવતા અટકાવવામાં આવ્યો હતો." "ત્યારબાદ અમે 'ઓપરેશન એપિક ફ્યુરી' હાથ ધર્યું.

જામનગર શહેરમાં જમીનના વિવાદમાં ભાઈનો પિતરાઈ ભાઈ પર મરચાની ભૂકી છાંટી હુમલો

૬૦૦ ચોરસ ફૂટ જમીન આપ્યા બાદ આરોપીઓએ બે રૂમ આપવાનો મૌખિક કરાર ન પાળ્યો, કાકાના દીકરા અને તેની માતા સામે ફરિયાદ, કથિત ત્રાસથી કંટાળીને યુવાને ફિનાઈલ પી લીધું

જામનગર : જામનગર શહેરના નંદનવન સોસાયટી વિસ્તારમાંથી ચોંકાવનારી ઘટના સામે આવી છે. પિતરાઈ ભાઈ સાથે ૬ વર્ષ અગાઉ પોતાની ૬૦૦ ચોરસ ફૂટ જમીનના બદલે બે રૂમ આપવાના મૌખિક કરાર કરાયો હતો. આરોપી એ જમીન લઈ લીધા બાદ રૂમ ન આપતા વિવાદ થયો હતો. આ વિવાદમાં યુવાન પર મરચાની ચટણી ફેંકી મારામારી કરી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ નોંધાઈ છે. જેને લઈ કથિત ત્રાસથી કંટાળીને યુવાને ફિનાઈલ પી લેતાં તેમને સારવાર માટે જી.જી. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

જામનગરના નંદનવન સોસાયટી, શેરી નંબર-૩ સામે રહેતા અને રિક્ષા ચલાવતા યોગેશભાઈ મકવાણા (ઉંમર ૪૪ વર્ષ)એ તેમના પિતરાઈ ભાઈ એવા આરોપી કમલ મનોજભાઈ મકવાણા અને કાંતાબેન મનોજભાઈ મકવાણા સામે નોંધાવેલી ફરિયાદ અનુસાર ફરિયાદીના પરિવારને વર્ષો પહેલાં વારસામાં મળેલી જમીનમાંથી આશરે છ વર્ષ પહેલાં ૬૦૦ ચોરસ ફૂટ જમીન તેમના કાકાના દીકરા કમલભાઈ મનોજભાઈ મકવાણાને આપવામાં આવી હતી. આ જમીનના બદલામાં કમલભાઈ તેમને બે રૂમ આપશે તેવી બંને વચ્ચે મૌખિક સમજૂતી થઈ હતી. જોકે, જમીન લઈ લીધા બાદ આજદિન સુધી બે રૂમ આપવામાં આવ્યા ન હોવાનો આક્ષેપ છે.

આ અંગે વારંવાર રજૂઆત કરવા છતાં રૂમ નહીં મળતાં ગત તા. ૨૫ ઓક્ટોબરના રોજ સાંજે આશરે સાડા પાંચ વાગ્યે યોગેશભાઈ કમલભાઈના ઘરે વાત કરવા ગયા હતા. તે દરમિયાન કમલભાઈએ દરવાજો ખોલીને તેમના પર મરચાની ચટણી ફેંકી હોવાનો અને ત્યારબાદ કમલભાઈનાં માતા કાંતાબેને પણ ચટણી ફેંકી ગાળો ભાંડી ઝપાઝપી કરી હોવાનો ફરિયાદમાં આક્ષેપ કરવામાં આવ્યો છે. બંનેએ ભેગા મળીને માર મારતાં શરીરે મૂંઢ ઈજાઓ થઈ હતી તેમજ કપાળના ભાગે નખ ભરાવી ઈજા પહોંચાડવામાં આવી હતી. આ ઉપરાંત, મકાન ખાલી કરવાનું નથી અને ફરી આ બાબતે આવશો તો જાનથી મારી નાખીશ તેવી ધમકી અપાઈ હોવાનો પણ ફરિયાદમાં ઉલ્લેખ છે.

બનાવ બાદ પરિવારજનો આવી જતાં યોગેશભાઈ ઘરે જતા રહ્યા હતા. ત્યારબાદ ડરના કારણે અને કથિત ત્રાસથી કંટાળીને તેમણે કમલભાઈના ઘર પાસે ફિનાઈલ પી લીધું હતું. તબિયત લથડતાં તેમને જી.જી. હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવામાં આવ્યા હતા. સારવાર દરમિયાન પોલીસને જાણ થતાં યોગેશભાઈની પૂછપરછ કરવામાં આવી હતી. જોકે, તે સમયે તેઓ હોસ્પિટલમાંથી નીકળી ગયા હતા અને બાદમાં ફરી હોસ્પિટલમાં સારવાર લીધા પછી રજા મળતાં પોલીસ મથકે પહોંચીને ફરિયાદ નોંધાવી હતી.

આ બનાવ અંગે યોગેશભાઈ મકવાણાની ફરિયાદના આધારે કમલભાઈ મનોજભાઈ મકવાણા અને તેમનાં માતા કાંતાબેન સામે મારામારી, ધમકી સહિતના આક્ષેપો અંગે પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવાની દિશામાં તપાસ શરૂ કરી છે.

લાલપુર નજીક મેઘનુ ગામ પાસે ટ્રકની ટક્કરથી બાઈકસવાર શ્રમિક દંપત્તિ ખંડિત

પાછળથી ટ્રકે બાઈકને અડફેટે લેતા પત્નીનું સ્થળ પર જ મૃત્યુ, પતિને સામાન્ય ઈજા, ચાર સંતાનોએ માતાની છત્રછાયા ગુમાવી

જામનગર : જામનગર જિલ્લાના લાલપુર તાલુકાના મેઘનુ ગામના પાટિયા પાસે સર પી.એન. રોડ પર ટ્રકની ટક્કરથી બાઈક પર સવાર શ્રમિકની પત્નીનું ઘટનાસ્થળે જ કરુણ મૃત્યુ નીપજ્યું હતું. જ્યારે બાઈક ચલાવતા પતિને સામાન્ય ઈજાઓ પહોંચી હતી. આ બનાવ અંગે ટ્રકના ચાલક સામે ગુનો નોંધવામાં આવ્યો છે.

મૂળ મધ્યપ્રદેશના ઝાબુઆ જિલ્લાના જકેલા ગામના વતની અને હાલ લાલપુર તાલુકાના પીપળી ગામે ઈંટોના કારખાનામાં રહી મજૂરી કરતા ગુમાનસિંગ સોમલા ભાભોર (ઉં.વ. ૩૫) તા. ૨૬ના રોજ સવારે પત્ની વસંતી (ઉં.વ. ૩૫) સાથે પોતાના મુકાદમની માલિકીની હીરો સુપર સ્પ્લેન્ડર બાઈક લઈને નવાગામ ખાતે મજૂરી કામે જવા નીકળ્યા હતા ત્યારે મેઘનુ ગામના પાટિયા સામે આવેલ પેટ્રોલ પંપ પરથી પેટ્રોલ ભરાવ્યા બાદ તેઓ સર પી.એન. રોડ પર આગળ વધી રહ્યા હતા, ત્યારે પાછળથી પૂરઝડપે આવતા જીજે-૧૦-ડબ્લ્યુ-૫૩૭૬ નંબરના ટ્રકે તેમની બાઈકને પાછળથી જોરદાર ટક્કર મારી હતી.

ટ્રકની ટક્કરથી પતિ-પત્ની બાઈક સાથે રોડ પર પટકાયાં હતાં. આ દરમિયાન વસંતી ટ્રકની નીચે આવી જતાં તેમના માથાના ભાગે ગંભીર ઈજાઓ થવાથી ઘટનાસ્થળે જ મૃત્યુ થયું હતું. જ્યારે ગુમાનસિંગને જમણા ઘૂંટણ અને જમણા ગાલ પર સામાન્ય છોલછાલની ઈજાઓ પહોંચી હતી. અકસ્માતની જાણ થતાં તેમની સાથે આગળ નીકળેલા મુકાદમના પુત્ર અને ગુમાનસિંગના પુત્ર સહિતના લોકો સ્થળ પર દોડી આવ્યા હતા.

ત્યારબાદ પોલીસ અને ૧૦૮ એમ્બ્યુલન્સને જાણ કરવામાં આવતાં પોલીસ કાફલો ઘટનાસ્થળે પહોંચ્યો હતો અને જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી. મૃતક વસંતી અને ગુમાનસિંગને સંતાનમાં ત્રણ પુત્ર અને એક પુત્રી છે. માતાના અચાનક મોતથી ચારેય સંતાનોએ માતાની છત્રછાયા ગુમાવી છે. પોલીસે ગુમાનસિંગની ફરિયાદના આધારે ટ્રકચાલક સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ખંભાળિયા સ્થિત ખાનગી કંપનીમાંથી રૂ. ૪.૩૫ લાખના એલ્યુમિનિયમની ડીશોની ચોરી



ખંભાળિયા : ખંભાળિયા શહેરમાં આવેલ એક ખાનગી કંપનીના ગોડાઉનમાં બાકોરૂ પાડી અજાણ્યા શખ્સો અંદર પ્રવેશી એલ્યુમિનિયમની ડીશના જથ્થાની ચોરી કરી લઈ ગયાની કંપનીના કર્મચારી દ્વારા જાણ કરવામાં આવતા સ્થાનિક પોલીસે સ્થળપર દોડી જઈ તપાસનો દૌર આગળ ધપાવ્યો છે.

પ્રાપ્ત માહિતી પ્રમાણે ખંભાળિયા શહેરમાં રવિરાજ મીલ સામે આવેલા બજરંગ પાવર એન્ડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રા. લી. નામની કંપનીના ગોડાઉનની કોઈ તસ્કરો દિવાલ તોડી બાકોરૂ પાડી અંદર સ્ટોર રૂમમાંથી એલ્યુમિનિયમની ૬૭૦ નંગ ડીશ જેની કિંમત રૂ. ૪.૩૫ લાખ થતી હોય ચોરી કરી લઈ જતા ખળભળાટ મચી ગયો છે. આ બનાવ અંગે સ્થાનિક પોલીસ દફતરે કરણભાઈ રામાભાઈ સુવા દ્વારા જાણ કરવામાં આવતા પી.એસ.આઈ. ડી.એ. વાળા સહિતનો પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો જ્યાં એફએસએલ અને આધુનિક ટેક્નોલોજીની મદદથી ચોરીનો ભેદ ઉકેલવા કવાયત હાથ ધરી છે.

જામજોધપુરના ઈશ્વરિયા ગામે મિત્ર પર ભરોસો કરવો મોંઘો પડ્યો, ૩.૪૦ લાખ ઉસેડી ગયો

ગર્ભવતી પત્નીને લઈ જામનગર આવવાનું થતા ઘરની ચાવી મિત્રને સોંપી હતી, પરત આવતા પાછળથી રોકડ ગાયબ

જામનગર : જામજોધપુર તાલુકાના ઈશ્વરિયા ગામે રહેતા એક પરિવાર સાથે મિત્રએ વિશ્વાસઘાત કરી ઘરમાં રાખેલા રૂ. ૩.૪૦ લાખની રોકડ રકમની ચોરી કરી ગયાનો બનાવ પોલીસ ચપોડે ઉઠવા પામ્યો છે. દંપતીને જામનગર આવવાનું થતા મૂત્રને ઘરની ચાવી સોંપતા પાછળથી ચોરી કરી હોવાનું પોલીસમાં જાહેર થયું છે.

મળતી વિગત મુજબ જામજોધપુર તાલુકાના ઈશ્વરિયા ગામે રહેતા પશુપાલક દંપતીને ખેતરમાં થયેલી ઉપજ વેચતાં રૂ. ૨.૫૦ લાખ, ભેંસ વેચતાં રૂ. ૬૦ હજાર અને પાડો વેચતાં રૂ. ૧૧ હજાર મળીને કુલ રૂ. ૩.૭૧ લાખની રોકડ તેમણે ઘરના રૂમમાં ડૂચા નીચે ખાડો કરીને તેમાં સંતાડેલા સ્ટીલના ડબ્બામાં રાખી હતી.

ગત તા. ૯ના રોજ પત્નીને સારવાર માટે જામનગરની શ્રીજી હોસ્પિટલમાં લઈ જવાનું હોવાથી પતિ અરશીભાઈએ પોતાના મિત્ર અમિત ઉર્ફે લાલો ડાંગર અને તેની પત્નીને ઘરે બોલાવી પશુઓની દેખરેખ રાખવા માટે મિત્રને જણાવ્યું હતું. આ દરમિયાન પતિએ સ્ટીલના ડબ્બામાંથી હોસ્પિટલના ખર્ચ માટે રૂ. ૧૧ હજાર કાઢ્યા હતા. ત્યારબાદ ઘરના બંને રૂમ, બે અન્ય દરવાજા અને મુખ્ય દરવાજાને તાળાં મારી તેમની ચાવીઓ મિત્રને સોંપીને દંપતી ઈકો ગાડીમાં જામનગર જવા રવાના થયું હતું.

દરમ્યાન સાંજે પરત ફર્યા બાદ મિત્ર ચાવીઓ આપવા ઘરે આવ્યો હતો. બીજા દિવસે નવજાત બાળક માટે કપડાં અને ગોદડી ખરીદવા રોકડ કાઢવા જતાં સ્ટીલના ડબ્બામાં માત્ર રૂ. ૧૯ હજાર જ મળી આવ્યા હતા. બાકીના રૂ. ૩.૪૦ લાખ ગાયબ હોવાથી દંપતીને ચોરી થયાની શંકા ગઈ હતી. આથી અરશીભાઈએ મિત્રને ફોન કરીને પૂછપરછ કરતાં તે બહારગામ હોવાનું કહી આવ્યો ન હોતો. બાદમાં તા. ૧૫ના રોજ દંપતીએ ઘરની વીજળી બંધ હોવાના બહાને મિત્ર અમિત ડાંગરને ઘરે બોલાવ્યો હતો અને રોકડ રકમની ચોરી અંગે પૂછતાં તેણે ઈનકાર કર્યો હતો. ત્યારબાદ દંપતી જામજોધપુરના વકીલ મારફતે લેખિત અરજી લઈને પોલીસ મથકે પહોંચ્યું હતું. ત્યાં પોલીસની પૂછપરછ દરમિયાન અમિત ઉર્ફે લાલો ડાંગરે રોકડ રકમની ચોરી કરી હોવાનું કબૂલ્યું હતું અને હાલમાં નાણાં વપરાઈ ગયાં હોવાનું જણાવી છ મહિનામાં પરત આપવાનું કહ્યું હોવાનો ફરિયાદમાં ઉલ્લેખ છે. આ બનાવ અંગે અમિત ઉર્ફે લાલા ડાંગર સામે કાયદેસરની કાર્યવાહી કરવા ફરિયાદ નોંધાવવામાં આવી છે.

જોડિયાના મેઘપર ગામેં કામધંધો બરાબર નહિ ચાલતા યુવાને ઝેરના પારખા કર્યા

જામનગર : જોડીયા તાલુકાના મેઘપર ગામેં રહેતા એક યુવાને કામધંધો બરાબર ચાલતો ન હોય જેથી પોતે ઝેરી દવા પી આપઘાત કરી લીધાનો બનાવ પોલીસમાં પ્રાપ્ત વિગત મુજબ જોડિયા તાલુકાના મેઘપર ગામેં રહેતા પ્રવીણભાઈ જીવરાજભાઈ રાઠોડ નામના ૪૦ વર્ષીય યુવાન છેલ્લા કેટલાક દિવસથી કામધંધો બરાબર ચાલતો ન હોવાથી મુશ્કેલીમાં રહેતા હતા. દરમ્યાન તા. ૯ ઑગસ્ટના રોજ બપોરના અરસામાં તેમણે પોતાના ઘરની બહાર શેરીમાં ઝેરી દવા પી લીધી હતી. આથી તેમને સારવાર માટે પ્રથમ જોડીયા સરકારી હોસ્પિટલમાં અને ત્યાંથી વધુ સારવાર માટે જામનગરની જી.જી. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જોકે, ફરજ પરના તબીબે તપાસીને તેમને મૃત જાહેર કર્યા હતા. આ બનાવ અંગે મૃતકના પિતા જીવરાજભાઈ ગોવિંદભાઈ રાઠોડે જાણ કરતાં જોડીયા પોલીસ હોસ્પિટલ દોડી જઈ મૃતદેહનો કબ્જો સાંભળી બનાવ અંગે વધુ તપાસ પોલીસ સબ ઈન્સ્પેક્ટર કે.ડી. જાડેજા તપાસ કરી રહ્યા છે.

હાપામાં રેલ્વે કર્મચારીના આપઘાતના બનાવમાં નોકરીમાંથી સસ્પેન્ડ હોવાનું સામે આવ્યું

જામનગર : જામનગરના હાપા ખાતે રેલ્વે કર્મચારીએ આપઘાત કરી લીધાના બનાવમાં નોકરીમાં સસ્પેન્ડ હોવાથી ગુમસુમ રહેતા હોય તે કારણે જીંદગી ટૂંકાવી લીધાનું સામે આવતા પોલીસે જીણવટભરી આગળની તપાસનો દૌર શરૂ કર્યો હતો.

મળતી માહિતી મુજબ જામનગરના હાપા રેલ્વે કોલોની ક્વાર્ટરમાં રહેતા અને રેલ્વે વિભાગમાં ફરજ બજાવતા રવી ચંદ્રપ્રકાશ કોટાઈ નામના યુવાને ગત તા. ૨૪ ના રોજ પોતાના રહેણાંક મકાનમાં પંખા સાથે ચુંદડી બાંધી ગળેફાંસો ખાઈ જિંદગી સંકેલી લેતા અરેરાટી પ્રસરી ગઈ હતી આ બનાવની કાજલબેન એભલભાઈ કરપડા દ્વારા જાણ કરવામાં આવતા પંચકોશી એ ડિવિઝન પોલીસ વિભાગ સ્થળપર દોડી ગયો હતો અને આગળની તપાસ આરંભી હતી જેમાં છેલ્લા દોઢેક માસથી મૃતક યુવાન સસ્પેન્ડ હોય અને થોડા સમયથી ગુમસુમ રહેતો હોઈ જેના પગલે અંતિમ પગલું ભરી લીધું હોવાનું જાહેર થયું છે.

ધ્રોળ નજીક ઉંડ નદીના પટ્ટામાં ચાલતું ગેરકાયદે રેતી ખનન ઝડપાયું

હિટાચી, લોડર અને ડમ્પર સહિતના સાધનો સહિત રૂ. ૬૦ લાખનો મુદ્દામાલ જપ્ત



જામનગર : જામનગર જિલ્લાના ઉંડ નદીના પટ્ટા વિસ્તારમાં સાદી રેતીનું બિનઅધિકૃત ખનન અને વહન થતું હોવાની ફરિયાદના આધારે ભૂસ્તરશાસ્ત્રી, જામનગરની સૂચનાથી ખાણ-ખનિજ વિભાગની ટીમે તા. ૨૬ ઓક્ટોબરના રોજ તપાસ હાથ ધરી હતી. આ તપાસ દરમિયાન ગેરકાયદે ખનન અને વહનના કિસ્સામાં એક હિટાચી મશીન, એક લોડર મશીન અને એક ડમ્પર સહિત અંદાજે રૂ. ૬૦ લાખનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો.

જામનગર ખાણ-ખનિજ વિભાગ દ્વારા જપ્ત કરાયેલાં સાધનોનો કબજો પ્રહલાદસિંહ જાડેજા બ્લોક અને શિવ રોક્સ પ્લાન્ટ ખાતે સોંપવામાં આવ્યો હતો. આ મામલે ખાણ-ખનિજ વિભાગ દ્વારા મુદ્દામાલ જપ્ત કરી આગળની નિયમોનુસારની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આ તપાસ કામગીરીમાં નિખિલભાઈ, આનંદભાઈ, યશભાઈ અને રજનીકાંતભાઈ સહિતની ટીમ જોડાઈ હતી.

જામનગરમાં દુકાન સામે બેસવાની ના પાડતાં ટ્રાન્સપોર્ટના ધંધાર્થી ચાર શખ્સોનો હુમલો

જામનગર : જામનગરના હિંગળાજ ચોકમાં ઓધવરામ ટી-સ્ટોલ પાસે દુકાન સામે બેસવાની ના પાડતાં ચાર શખસોએ ટ્રાન્સપોર્ટર પર હુમલો કરી જનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ સીટી-સી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં નોંધાઈ છે.

મળતી વિગત મુજબ, જામનગરમાં પાણીના ટાંકા પાસે વાલદાસ એપાર્ટમેન્ટ પાછળ રહેતા અને બજરંગ ટ્રાન્સપોર્ટનો વ્યવસાય કરતા મહેશભાઈ ખેતશીભાઈ હરવરા પોતાની કાર લઈને ઘરે જતા હતા ત્યારે રસ્તા પર ખુશાલ જીતેન્દ્રભાઈ ગૌસ્વામી પોતાનું એક્સેસ મોટરસાઈકલ તેમની કાર પાસેથી આગળ લઈ જઈ ઊભું રાખતાં રસ્તા પર ટ્રાફિક થયો હતો. આથી મહેશભાઈએ પોતાની કાર ઊભી રાખી હતી. જોકે, સમજાવટ બાદ ખુશાલ મોટરસાઈકલ લઈને ત્યાંથી જતો રહ્યો હતો.

ત્યારબાદ સાંજે મહેશભાઈ હિંગળાજ ચોકમાં ઓધવરામ ટી-સ્ટોલ પાસે બેઠા હતા ત્યારે ખુશાલ જીતેન્દ્રભાઈ ગૌસ્વામી, ચિરાગ મહેન્દ્ર કટારમલ, લખન ભગવાનદાસ મેંગર અને હિરેન કિશોરભાઈ ગૌસ્વામી બે મોટરસાઈકલ પર ત્યાં આવ્યા હતા. અને ચારેય શખસોએ મહેશભાઈને તેમની દુકાન સામે જ બેસવાના હોવાનું જણાવી, દુકાન વેચી નાખવા સુધીની ધમકી આપી હતી. ત્યારબાદ ચિરાગે લોખંડના પાઈપ વડે મહેશભાઈના માથામાં અને જમણા પગમાં ઘા ઝીંક્યા હતા. બીજી તરફ, ખુશાલ, લખન અને હિરેનએ તેમને પકડી રાખી રસ્તા પર પછાડી ઢીકાપાટુનો માર માર્યો હતો અને ગાળો ભાંડી હતી. આ દરમિયાન જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી.

બૂમાબૂમ થતાં આસપાસના લોકો એકત્ર થઈ ગયા હતા અને મહેશભાઈના કુટુંબી રાજેશભાઈ ગોપાલભાઈ હરવરાએ તેમને હુમલાખોરોના સકંજામાંથી છોડાવ્યા હતા. લોકો ભેગા થઈ જતાં ચારેય શખસો ત્યાંથી નાસી ગયા હતા. ઈજાગ્રસ્ત મહેશભાઈને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે તેમના મિત્ર કિરીટભાઈ મંગે જી.જી. હોસ્પિટલમાં સારવાર માટે લઈ ગયા હતા.

આ બનાવ અંગે મહેશભાઈએ ફરિયાદ નોંધાવતા પોલીસે ચારેય હુમલાખોર સામે મારામારી, ધમકી અને હથિયારબંધીના જાહેરનામાના ભંગ સહિતની ફરિયાદ નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

લાલપુરના કાના છિકારી ગામે છાતીમાં દુખાવો ઉપડતા કામદારનું મૃત્યુ

જામનગર : જામનગર જિલ્લાના લાલપુર તાલુકાના કાના છિકારી ગામની સીમમાં આવેલા બેટરી પ્લાન્ટમાં એક શ્રમિક એકાએક બેભાન થઈ જતા તેમનું મૃત્યુ થયાનો બનાવ મેઘપર (પડાણા) પોલીસ મથકમાં નોંધાયો છે.

પ્રાપ્ત વિગત મુજબ મૂળ બિહારના ભોજપુર જિલ્લાના રહેવાસી અને હાલ લાલપુર તાલુકાના કાનાલુશ સીમ વિસ્તારમાં આવેલી એલસી-૯ કોલોનીમાં રહેતા અસમાન રામ (૫૦) તેઓ મજૂરીકામ કરતા હતા. તેઓ તા.૨૩ના રોજ બપોરેના કામ પર જતા હતા ત્યારે છાતીમાં દુખાવો થતાં બેભાન થઈ ગયા હતા. ત્યારબાદ તેમને હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા જયાં તેમનું સારવાર દરમિયાન તેમનું મૃત્યુ થયું હતું. પ્રાથમિક વિગતો મુજબ, હાર્ટ એટેક આવવાને કારણે તેમનું મૃત્યુ થયું હોવાનું જણાવાયું છે.

આ બનાવ અંગે મેઘપર (પડાણા) પોલીસે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (બી.એન.એસ.એસ.)ની કલમ ૧૯૪ મુજબ અકસ્માતે મોતની નોંધ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે. તપાસ એ.એસ.આઈ. વી.સી. જાડેજા કરી રહ્યા છે.

શરદ પૂર્ણિમાએ દ્વારકામાં માનવ મહેરામણ ઉમટયો, સ્વર્ગ દ્વારે ભાવિકોની ભીડ



તસવીરઃ અશોક ભાતેલીયા

દ્વારકા : દ્વારકા યાત્રાધામમાં દર મહિને હજારો ભાવિકો પૂનમ ભરવા આવતાં હોય છે. તેમાં પણ ગત રવિવારે હાલમાં ચાલતા વિક્રમ સંવત ૨૦૮૨ની અંતિમ પૂર્ણિમા એટલે કે આસો માસની પૂનમનું સ્નાન તેમજ ઠાકોરજીના દર્શન કરવા હજારો ભાવિકો વહેલી સવારથી જ છપ્પન સીડીએ સ્વર્ગ દ્વારેથી જગતમંદિર પ્રવેશી કાળિયા ઠાકોરજીના દર્શન કર્યા હતા. ભાવિકો ઠાકોરજીના દિવ્ય દર્શન નિહાળી ભાવવિભોર થયા હતા. મંદિર વહેલી સવારે છ વાગ્યે ખૂલ્યા હોય પવિત્ર ગોમતી સ્નાન બાદ ઠાકોરજીના દિવ્ય દર્શન નિહાળવાની પરંપરા અનુસાર હજારો ભાવિકો ઉમટયા હતા.

આથમણા બારા ગામે અગાઉની ફરિયાદનો ખાર રાખી યુવાન ઉપર પિતા-પુત્રોનો હુમલો

ખંભાળિયા : ખંભાળિયા પંથકના આથમણા બારા ગામે અગાઉના પોલીસ કેસનો ખાર રાખી યુવાન ઉપર પિતા - પુત્રોએ હથિયાર વડે હુમલો કરી શરીરે નાની - મોટી ઈજા પહોંચાડવા સબબ સ્થાનિક પોલીસ દફતરે વિધિવત ફરિયાદ દાખલ થતા પોલીસે સ્થળપર દોડી જઈ વધુ તપાસ આદરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ખંભાળિયા તાલુકાના આથમણા બારા ગામે રહેતા રાજેન્દ્રસિંહ નવુભા પરમાર નામના યુવાન ઉપર હરપાલસિંહ મયપતસિંહ પરમાર, જયપાલસિંહ મયપતસિંહ પરમાર અને મયપતસિંહ વિભાજી પરમાર નામના પિતા પુત્રોએ લોખંડના પાઈપ અને લાકડાના ધોકા વડે હુમલો કરી બંને પગ અને પીઠના ભાગે અને જમણા ગોઠણના નીચેના ભાગે ઈજા કરી જાનથી મારી નાખવાની ધમકી આપતા ત્રણેય સામે રાજેન્દ્રસિંહ પરમાર દ્વારા સલાયા મરીન પોલીસ દફતરે ફરિયાદ નોંધાવવામાં આવતા એ.એસ.આઇ. બી. એમ. કેસરિયા આગળની તપાસ ચલાવી રહ્યા છે.

હુમલાનો ભોગ બનનાર રાજેન્દ્રસિંહે અગાઉ માથાકૂટના પ્રશ્ને કેસ કરેલ હોય જેનું મનદુઃખ રાખી ફરી એકવખત ડખ્ખો કરી તેઓ ઉપર હુમલો કર્યો હોવાનું જણાવવામાં આવ્યું છે.